આબેદા.

એક ઇસલામી બાળાએ પોતાના મુખે કહી સંભળાવેલી પોતાની કહાણી.

ભાગ ૧ લો.

અનુવાદક અને પ્રકાશક

નિઝામુદદીન અમીરૂદદીન કુરેશી

પાંચપટી, અમદાવાદ.

પ્રત ૧૦૦૦ આવૃત્તિ ૧ લી

સને ૧૯૧૬

કીમત રૂ. ૧-૪-૦

ધી નિઝામીયા પ્રીન્ટિંગ વર્કસમાં
મી. નિઝામુદીન અમીરૂદીન કુરેશીએ છાપ્યું
પાંચપટી—અમદાવાદ.

પ્રસ્તાવના.

પ્રિય વાંચકો સનમુખ મી. કુરેશીના હાથનું લખાએલું આ એક નવીન નોવેલ મુકતાં આનંદ માનું છું. કેટલાક અનિવાર્ય કારણોથી મી. કુરેશી હાલ હાજર નહી હોવાથી પ્રસ્તાવના લખવાનું કામ મારે માથે આવી પડ્યું છે. અને તેથી પ્રસ્તાવના રૂપે માત્ર એટલુંજ કહેવાની જરૂર જોઉં છું કે આ નોવેલ તે એક મુસલમાન બાનુની સરગુઝશ્ત છે. જીંદગીમાં શું શું બીનાઓ ગુજરે છે. કેવા કેવા સંજોગોમાંથી પસાર થવાય છે, નવીન અનુભવોની કેવી રીતે પ્રાપ્તી થાય છે. આશામાંથી નિરાશા અને નિરાશામાંથી આશા, લાભમાંથી હાની અને હાનીમાંથી લાભ કેવી રીતે ઉદ્દભવે છે, તથા મુસલમાન વિચાર પદ્ધતિ અને મુસલમાન ઘરસંસાર કેવી રીતે ચાલે છે, તેવી અનેક બીનાઓની આ ગુંથણી મી. કુરેશીના હાથે ગુંથાએલી છે. ભાષા સરળ અને સમજાય તેવી લખવામાં મી. કુરેશી એક્કા મનાએલા છે અને તેજ તેમની કામયાબીનો ભેદ છે, એટલે એ સંબંધે વધુ ન કહેતાં ભુલચુકની માફીની વિનંતી સાથે આ બે બોલ બંધ કરૂં છું

આપનોજ

એસ. એફ. હુસની.

મેનેજર—નિઝામીયા પ્રી. વર્કર્સ અને બુક ડેપો.

પાંચપટી
અમદાવાદ.

૭૮૬

بسم الله الرحمن الرحيم

આબેદા.

બાબ પેહલો.

મારૂં અસલ વતન આગ્રા ન હોતું પણ મારૂં જનમ આગ્રામ થએલું હોવાથી હું તેને મારા વતન તરીકેજ ઓળખાવું છું. મારા અબ્બા અસલમાં દીલ્લીના રેહીશ હતા. અને બારેહા સાદાત (સઇયદ) ના કુટુંબમાંથી ઉતરી આવેલા હતા. દીલ્લીના બાદશાહોના આખરી સમયમાં એટલે મોહમ્મદ શાહ રંગીલા બાદશાહના રાજ્ય અમલ દરમીયાન મારા દાદા એક સારા માનવંતા હોદ્દા ઉપર હતા. પણ જ્યારે મુગલ શહેનશાતના પડતીના દીવસો આવ્યા અને મોહમ્મદ શાહ રંગીલાના દરબારમાં આખી દુન્યાની બેહુદી વાતો થવા લાગી ત્યારે તેઓએ દરબારી હોદાથી અલગ થઇ જવાનું મુનાસબ જાણ્યું. તે સમય બારેહા સાદાતોના કુટુંબો માટે ભારે દુઃખ દાયક ગુજરેલો છે મજકુર સાદાતોના કુટુંબની બરબાદીની સાથે દીલ્લીની શહેનશાહતની પણ પડતી શરૂ થઇ ચુકી હતી મારા દાદાએ દરબારી સંબંધથી

અલગ થઇને ગોશાનશીની અખતીયાર કરી લીધી. એમની પાસે માલ મીલકત અને પૈસા ટકાની કાંઇ ખોટ ન હોતી, જમીન જાગીર પણ જોઇએ તેટલી હતી. એટલે તેઓ પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન સારી પેઠે ચલાવતા હતા. સખાવતમાં તેઓ એક પુરા હતા ગરીબ ગુરબાની ખાતર બરદાશ રાખતા હતા. એમ કરતાં ઘણા વરસ ગુજરી ગયા. દીલ્લીના તખત ઉપર શાહઆલમ બાદશાહ બેઠા. મારા દાદા એક અનુભવી અને રાજ્યના પુરાણા અમલદાર હોવાથી શાહ આલમ બાદશાહે તેમને પાછો દરબારી હોદો કબુલ કરવાને આગ્રહ કર્યો, પણ મારા દાદાએ સ્વીકાર કર્યો નહીં જેથી બાદશાહ સલામતે પોતાના માનવતા અમીરોને બોલાવી દાદાને સમજાવવા મોકલ્યા પણ તેમની જીભે ના નીકળેલું હોવાથી હા નીકળ્યું નહીં. બાદશાહ તેથી ભારે ચીડાયા. બાદશાહ દાદા પ્રત્યે જે માન ધરાવતા હતા તેનો નાશ થયો. અને હવે દાદાને પોતાના દુશમન તરીકે ગણવા લાગ્યા. બાદશાહની નજર ફરેલી જોઇ સરકાર દરબારના બધા લોકો દુશમન થઇ ગયા, આજે ઘરમાં ચોરી થઇ અને તેનો પત્તો ન લાગ્યો તો કાલે જમીન જાગીર બીજા દબાવી બેઠા, એવી રીતે જે કાંઇ માલ મીલકત હતી તે જોતા જોતાંમાં હાથમાંથી નીકળી ગઇ અને મારા દાદા કાંઇ દાદ ફરીયાદ કરી શકયા નહીં! અગર તેઓ ફરીયાદ કરવા જતા તો પણ તે સાંભળતું કોણ?

"કૌન રેહબર હોસકે જબ ખિઝ્ર બેહકાને લગે."

બાદશાહ અને તેના બધા અમીર ઉમરાવો તથા નાનાથી લઇને તે મોટા અમલદારો સુધાં દાદાની વિરૂધમાં હતા. પણ દાદાએ સબર અને ધીરજથી તે દુઃખના દીવસો કાપ્યા દાદીજાન "કહેતા હતા" કે

કોઇ દીવસ પણ તે અલ્લાહના નેક બંદાએ અધીરાઇ કે બેસબરીના શબ્દો જીભથી કાઢ્યા નહોતા. આવી રીતે દુઃખમાં દીવસો પસાર થઇ ગયા અને જ્યારે દાદાજાન આ દુનિયાથી કુચ કરી ગયાં ત્યારે તેમના પાછળ રહેલાઓ ઘણીજ ગરીબ અવસ્થામાં આવી પડ્યા. તે વખતે મારા અબ્બા દસ વરસની વયના હતા. દુઃખના દીવસો આવતાંજ તેઓ આગરે ચાલ્યા આવ્યા. આગરામાં મારા નાના (મમાવા) સદર દીવાની અદાલતના મુફતી હતા. મારા દાદાજાનની ચઢતીના દીવસોમાં તેઓ દીલ્લી આવ્યા હતા, અને મારા દાદાજાને તેમના ઉપર અનેક આભારો કરેલા હતા તેથી મારા નાનાએ તે આભારોનો બદલો એવી રીતે વાળ્યો કે મારા અબ્બાને દીલ્લીથી આગરે બોલાવી પોતાની પાસે રાખ્યા અને લાયક વયે પહોંચતાં પોતાની દીકરીની સાથે લગ્ન કરી આપ્યા. તે બાદ એક કપતાનને ભલામણ કરી મારા અબ્બાને ઇસ્ટ ઇંડીઆ કંપનીના લશકરી ખાતામાં રીસાલદારની જગ્યા અપાવી. મારી અંમા પોતાના બાપની લાડકવાયી દીકરી હતાં. નાનાની પાસે માલમીલકત ઠીક હતી અને તેઓ પોતાના કુટુંબનું ગુજરાન ઘણી સારી રીતે કરતા હતા. તેમને સંતાનમાં મારી અંમા તથા એક બીજી દીકરી સીવાય બીજું કોઇ ન હોતું. મારા અબ્બા સસરાના આશરે રહેવાનું પસંદ ન કરતા હોવાથી રીસાલદાર ની જગ્યા કબુલ કરી લીધી.

તા. ૩ જી જાનેવારી સને ૧૮૫૯ ની સાલમાં હું આઠ વરસની વયે પહોંચી હતી કે મારી અંમાનો ઇંતેકાલ થઇ ગયો. મારી અંમાનો ઇંતેકાલનો બનાવ ઘણુ જાણવા જોગ હોવાથી હું તેમાંનો કેટલોક ભાગ અત્રે ઉતારી લઉં છું.

હું દરરોજના નિયમ પ્રમાણે રાતે ખાધા વગર સુઇ ગઇ. અંમાએ ખાણા વખતે મને જગાડી, બાળવયની ઉંઘ પણ અજબ હોય છે તેઓ મને ઉઠાડતા અને હું પાછી સુઇ જતી. એમ કરતાં મહા મહેનતે હું જાગી. અંમાએ મારા કપાળ અને ગાલ ઉપર ચુંબનો કર્યાં, અને હાથ મોઢું ધોવડાવ્યું જેથી હું હુશીઆર થઇને બેઠી. એટલે મારી અંમા બોલ્યા.

" આબેદા ! હવે તારી વય કાંઇ નાની નથી. માશા અલ્લાહ બે દીવસ પછી આઠ વરસની થશે. સારા નરસાને પારખી શકે છે, ખાણું ખાધા પહેલાં અમે સુઇએ છીએ કે તું સુઇ જાય છે. અમારી સાથે તારે પણ જાગવું જોઇએ, જીંદગીનો કાંઇ બરોસો નથી. આજે હું જીવતી છું પણ જો કાલે હું નહીં હોઉં તો તને કોણ સાચવશે. તારી કોણ ખબર લેશે. જો તારી આવીજ ટેવ રહેશે તો ભવિષ્યમાં તને સખત દુઃખો ઉઠાવવા પડશે. લગાર વિચાર કર, તારી મામા (દાસી) ને મરવાને બે મહીના થયા છે. તેની દીકરી નસીબન તારાથી નાની છે, હજુ પુરા પાંચ વરસની પણ થઇ નથી છતાં એમો બધાની સાથે રાતના દસ વાગ્યા સુધી જાગે છે. અને બધાની સાથે ખાણું ખાઇને સુવે છે. તું અત્યારે એક ઉંઘ લઇને ઉઠી અને તે બીચારી હજુ સુધી એવીજ રીતે બેસી રહેશે. "

અંમા અને મારી વચ્ચે જે લંબાણ વાત ચીત થઇ તે મને પુરેપુરી રીતે યાદ નથી તે વખતે મારી વય કાંઇ એટલી મોહટી નહોતી કે યાદ રહી શકે તો પણ મને જે કાંઇ યાદ રહ્યું છે, તે હુ લખું છું. આ વાતચીત લખવાથી મને ચોક ખાસ ખુશી થાય છે. તે વખતનો દેખાવ મારી નજરો આગળ ઉભો થઇ જાય છે હું.

મારી વહાલી અંમાને મારી સાથે વાતચીત કરતી જોઉં છું. આહ ! તે દીવસો કેવા સારા હતા, એક બાળકના માટે તેની માતાનું હેત્વું અમરત સમાન છે. બાળક પોતાની માની ગોદને અને માતા પોતાનાં બાળકને છાતી સરસો ચાંપી પોતાની નજરો આગળ રાખવાને બાદશાહત કરતાં પણ વધુ કીમતી સમજે છે.

મારી અંમાએ ઉપર લખ્યા પ્રમાણે વાતો કહી એટલે મેં તેના જવાબમાં જણાવ્યું કે "નસીબન વગર માની છે તેથી તે સારી પેઠે સમજે છે કે જો હું સુઇ જઇશ તો મારી કોઇ ખબર લેશે નહીં, પણ ખુદાના ફજલથી આપ મારા માથા ઉપર હયાત છો એટલા માટે હું નસીબનની પેઠે અરધી રાત સુધી જાગીને મારી આંખો શા માટે ફોડું ?"

"એમાં કાંઇ શક નથી કે હું તારી સંભાળ લેવા માટે હાજર છું" અંમાએ નિસવાસ નાંખતાં કહ્યું "પરંતુ હું આવી રીતે હર હમેશ જીવતી રહીશ તેનો શો ભરૂસો? મોતનો વખત મુકરર નથી તે અણધારી આવે છે. મોતના માટે લાંબી બીમારી ભોગવવી જરૂરી નથી. તે કોઇને ખબર આપીને આવતી નથી. જે લોકો હમણાં છે, તેઓ એક મીનીટ પછી રહેશે તેનો લગારે ભરૂસો ન કરવો જોઇએ, મારે આબીદા! અગર આજે હું જીવતી છું અને કાલે મરી જાઉં તો તેમાં કાંઇ અજાયબ થવા જેવું નથી. માટે તારે તારી ટેવને સુધારવી જોઇએ એવું ન થાય કે મારા મરવા પછી તને નવી નવી મુસીબતોમાં ફસવું પડે ?"

હાય અંમા !" મેં રડતાં ચહેરે કહ્યું "આવી વાતો ન

કરો, મને રડવું આવે છે. આપની જુદાઇમાં એક મીનીટ પણ શું હું જીવતી રહી શકીશ?"

આટલું બોલતાંજ હું રડી પડી, એટલે મારી અંમાએ મને છાતી સરસી ચાંપીને ચુંબનો ઉપર ચુંબનો કર્યા અને મને છાના રહેવા માટે સમજાવવા લાગ્યા, પણ મારૂં રડવું બંધ થયું નહીં એટલે મારી અંમાની પણ છાતી ભરાઇ આવી અને તેઓ ચોધાર આંસુએ રડવા લાગ્યા. અમો મા દીકરીને આવી રીતે રડતાં જોઇ અમારી અન્ના પણ અમારી સાથે રડવા લાગી. આવી રીતે અમે રડી રહ્યા હતા કે અબ્બાજાન ખાવામાટે ઘરમાં આવ્યા એટલે અબ્બાજાનના ખાણાનો બંદોબસ્ત કરવા માટે અંમાજાનને મારી પાસેથી ઉઠવું પડયું અને હું પણ મારા અબ્બાનો ચહેરો જોતાંજ ચુપ થઇ ગઇ, આવી રીતે બધે ચુપા ચુપ થઇ ગયું પરંતુ મારી અંમાના આ શબ્દો "આજે હુ જીવતી છું અને કાલે મરી જાઉં" મારા મગજમાંથી નીકળ્યા નહીં જ્યાં સુધી મારા અબ્બા ખાણું ખાતા રહ્યા ત્યાં સુધી હું આ વિષય ઉપર વિચાર કરતી રહી. મોત શું છે? અને તેનો સંબંધ દરેક માણસની સાથે કેમ છે? તેનો આવવાનો દીવસ મુકરર કેમ નથી? હું આવાજ વીચારોમાં લીન હતી કે અંમાજાન આવ્યા અને મારી આંખો ઉપર હાથ રાખીને જોયું કે તે ભીંજાયલી છે કે કેમ. મારી આંખના આંસુઓ તો સુકાઇ ગયાં હતા પરંતુ હું બીલકુલ ચુપચાપ બેસી વિચારોમાં લીન હતી. એટલે અંમાએ કહ્યું.

"દીકરી! આજે તારી ઉંઘને શું થઇ ગયું છે?"

"આપ મારી પાસે સુઇ રહો તો હું કાંઇ કહું"

આ સાંભળી અંમાજાન મારી પાસે સુતા તો હું તેમને મોતના સંબંધમાં સવાલો કરવા લાગી. મારી વયના પ્રમાણમાં મારા સવાલો હોવાથી અંમાએ તે ઉપર પુરંતુ ધ્યાન આપ્યુ નહી. પરંતુ જેવાં મારા સવાલો હતા તેવા તેઓ જવાબ આપતા ગયા. મારી અંમાએ નાનપણથી મઝહબ અને નીતીની તાલીમ સારી પેઠે મેળવેલી હોવાથી તેઓ ગમે તેવી સાધારણ વાતમાં પણ નસીહતોની વાતો કરતા હતા. જોકે વાતો તો તેજ કરતા પણ તેમના કહેવાની ઢબ જુદી હતી. દરેક વાતમાં દાખલા દલીલો સાથે ઉપયોગી નસીહતો કરતા હતા. અત્યારે તેઓએ જે જે વાતો કરી તેને હું બાળ વય હોવાના સબબે પુરતી રીતે સમજી શકી નહીં પણ જેટલી સમજમાં આવી તેને આજ સુધી યાદ રાખી તે ઉપર અમલ કરતી રહેવાથી મારા ગએલા સુખી દીવસો પાછા આવવા પામ્યા છે. જે બાળકોને દીનદાર અને ભલી તથા સુધારેલા વિચાર ધરાવનારી કેળવાએલી માતાઓ મળે છે તેઓ ખરેખર ખરા ભાગ્યશાળી છે. અને જેઓ અભણ માતાના ખોળામાં પોષણ પામે છે તેઓ પુરેપુરા અભાગી છે. જે છોકરાને પોતાની માની તરફથી રાસ્તબાઝી અને નીતીનું ખરૂં શિક્ષણ મળ્યું નથી. તે છોકરો ભલેને દુનીયાની સુધરેલી સોસાયટીમા રહે અને યુનીવરસીટીની ઉંચામાં ઉંચી ડીગ્રી મેળવે પરંતુ તેના આચાર વિચાર નીતીના બાબમાં વખાણવા લાયક તો નહીંજ હોય.

મને સારી પેઠે યાદ છે કે લગભગ બાર વાગ્યા સુધી મારી અંમા મને નસીહતો કરી રહયા હતા અને હું ચુપ ચાપ સાંભળી રહી હતી. પુરંતુ તેઓ ક્યારે ચુપ થયા અને હું ક્યારે સુઇ ગઇ તે

કાંઇ યાદ રહયું નથી- સવારમાં વહેલાં ઉઠવાની અંમાજાન ની સખત તાકીદના લીધે મને આફતાબ ઉદય થવાના અરધા કલા પહેલાં ઉઠવાની ટેવ હતી. અંમાજાન મારાં ઉઠવા પહેલાં જરૂરી વાતો તથા નમાઝથી પરવારી કુરઆને મજીદની તીલાવત કરતા હતા. અની રીતે દરરોજનું નીયમ હતું તેમાં કાઇ દીવસે ફેર પડતો નહોતો. દરરોજ ઉઠીને હું મારી અંમાને નમાઝ પઢવાના મુસલ્લા ઉપર જોતી તો તેઓ ત્યાં બેઠેલા જણાતા હતા. તે રાતે હું ઘણી મોડી સુતેલી હોવાથી મારે તેટલો વખત વધારે સુવામાં ગાળવો જોઇતો હતો પરંતુ વહેલા ઊઠવાની ટેવ હોવાથી દરરોજના વખત ઉપર મારી આંખ ઊઘડી ગઇ. આંખો ઉઘાડીને બંને હાથોથી ચોળતાં મેં મુસલ્લાની તરફ જોયું તો ત્યાં અંમાજાન નજરે પડયા નહીં, એટલે મેં પાસું ફેરવીને તેમની પથારી ઉપર નજર નાંખી તો તેઓ હજુ સુધી સુઇ રહયા હતા. આ જોઇને હું સમજી કે રાતે ઘણીવાર સુધી જાગેલા હોવાથી સુઇ રહયા હશે. સવારમાં વહેલાં ઉઠવાના જે અથાગ ફાયદાઓ છે તેથી હું અંજાણ હતી. ફકત અંમાની બીકના લીધે વહેલી ઊઠતી હતી. તેથી અત્યારે જે કાંઇ આરામ મલ્યો તે ખરૂં, એ વીચારી ને અંમાને સુતેલા જોઇ મે પણ આંખો બંદ કરી ઘોરવા માંડયું. પણ ઉંઘ આવી નહીં. દસ પંદર મીનીટ સુધી એમને એમ પડી રહેવા પછી હું પથારીમાંથી ઉઠી અને જોયું તો પહેલાંની પેઠે અંમા સુતેલાં છે. એટલે મનમાં વિચારયું કે જો તેઓ એમને એમ સુઇ રહેશે તો નમાઝનો વખત હાથમાંથી નીકળી જશે અને તેમને રંજ થશે માટે તેમને જગાડવાને મેં મોહડાં ઉપરથી ચાદર ખસેડી અને ફરી ધીમે ધીમે હાથ પગ દબાવવા

માંડયા અને જ્યારે તેઓ આવી રીતે ઊઠયા નહી ત્યારે મેં તેમના પગોને હીલાવવા માંડયા પણ કાંઇ અસર થયો નહીં.

હું મારી અંમાને જગાવવાની કોશીશ કરી રહી છું અને તેઓ જાગતા નથી એવી સ્થીતી જોઇને મારી અન્ના દોડી આવી, તેણીએ બેગમ સાહેબ બેગમ સાહેબ કહીને ઉઠાડવાની કોશીશ કરી પણ બેસુદ, એટલે મોંહઢાં ઉપર પાણી છાંટયું પણ તેનોએ કાંઇ અસર થયો નહીં, થોડીવારમાં આખા ઘરના લોકો ભેગા થઇ ગયા અને કોઇ કહેવા લાગ્યું કે મુર્છા આવી છે તો કોઇ કહે કે પરીનો અથવા જીનનો સાયો પડી ગયો છે, કોઇ બોલ્યું, ખબીસના ઝપેટામાં આવી લાગ્યા છે. ટુંકમાં એટલુંજ કે જેટલા મોંહઢા તેટલી વાંતો થવા લાગી. આવી રીતે અંદર ગરબડ થતી જોઇ મારા અબ્બા બહારથી અંદર આવ્યા અને જ્યારે તેઓએ આવી સ્થીતી જોઇ એટલે સીધા લશકરના ડોકટરને બોલાવવા દોડયા. ડોકટર આવ્યો તો અહીં આ વાતની ચરચા ઉઠી કે એક ના મેહરમ પરદેનશીન બાનુને કેવી રીતે જોઇ શકે ? છેવટે ઘણીવાર સુધી ચરચા થયા બાદ એમ ઠરાવ કર્યો કે પરદાની બહાર ઉભો રહીને ડોકટર નાડ ઉપર પોતાનો હાથ રાખીને જોશે અને બીજી જરૂરી બાબતો તે બહારથી પુછે અને અબ્બાજાન અંદર જોઇને ડોકટરને કહેતા જાય. આ પ્રમાણે ડોકટરે તપાંસ ચુલાવી અને જ્યારે તે પુરી રીતે તપાસ કરી રહ્યો ત્યારે તેણે મારા અબ્બાને કહ્યું.

"જો તમે મુર્છા કહેતા હોવતો અત્યારે મારી તપાસમાં મુર્છા સાબીત થતી નથી."

તે બાદ તે ચાલ્યો ગયો. અને મારા અબ્બાને સાથે લઇ ગયો થોડી વાર પછી મારા અબ્બા એક યુરેઝીયન લેડીની સાથે આવ્યા. અમો લોકો આવી મડમો (લેડીઓ) થી પરદો કરતા હતા. જે સ્ત્રીઓ પરદા વગર બહાર ફરે હરે છે અને તેમાં પણ જે ભણેલી ગણેલી બાનુઓ પુરૂષોની મંડલીમાં ભેલાઇને છુટથી વાતો કરે છે તેવી બાનુઓ અમારા જેવી સખ્ત પરદામાં બેસનારીઓની નજરમાં સારી ચાલ ચલણની ગણાતી નહોતી જેથી દરેક ખાનદાની કુટુંબમાં તેમનાથી પરદો કરવામાં આવતો હતો. શરીઅત અથવા મઝહબમાં પરદા વીશે જે ફરમાનો છે તે ફરમાનોને વિસારી મુકી અમોએ પોતાની અજ્ઞાનતાના સબબે કેદખાનું કાયમ કરી દીધું છે. આવી રીતે સ્ત્રીઓથી સ્ત્રીઓનો પરદો ભાગ્યેજ બીજા કોઇ દેશમાં હશે, પણ અમારા ખાનદાનમાં તો તે હસ્તી ધરાવતું હતું. આવા નકામા પરદાથી અમોને અનેક નુકશાન પહોંચી ચુકયા છે અને હજુ પોંહચી રહ્યા છે પણ તેને અમો સખતાઇથી વળગી રહ્યા છીએ કદાચ કોઇ બીજાં અવસરે મજકુર લેડી ડોકટર અમારે ત્યાં આવતી તો અમો તેને ભાગ્યેજ જનાનખાનામાં આવવા દેવાનું પસંદ કરતાં. પરંતુ અત્યારે વખત જુદોજ હતો. અબ્બાજાન તે લેડીને લઇને અંદર ચાલ્યા આવ્યા પણ કોઇએ હું કે હાં કરી નહીં. લેડીએ અંદર આવ્યા બાદ મારી અમ્માને જોઇને કહ્યું કે "તેઓ જીવતા નથી" અમ્માજાન મરી ગયા એ વાતતો જાહેર થઇ પણ મર્ણ શા કારણથી નીપજ્યું તે કોઇ બતાવી શકયું નહીં. આવા સમયે ખુદાની કુદરત જણાઇ આવે છે. આજે પણ એ મોત બાબે ચર્ચા કરવામાં આવે છે અને સાંભળનારા અજાયબીમાં ગરકાવ થાય છે. મેં અનેક અકલ-

શોથી પુછ્યું પણ કોઇની સમજમાં મોતનું કારણ આવી શક્યું નહી. અલબતાં એટલું કહી શક્યા કે હૃદયનો ધબકારો બંધ થઇ જવાથી મોત નીપજ્યું. તે વખતે મારી વય એવી નહોતી કે હું મા વિના એક ઘડી પણ રહી શકું.

જ્યારે મારી માનું મરણ સાબેત થઇ ગયું; ત્યારે કુટુંબ કબીલાની બધી સ્ત્રીઓ એકઠી થઇ અંમાને ગુસલ કરાવી કફન પહેરાવ્યું અને જનાઝો બહાર કાઢ્યો. મારી વય જોકે નાની હતી પરંતુ મારી અંમાએ દીનદારીની અનેક વાતો બતાવેલી હતી. તેમાં આ વાત પણ ખાસ કરીને કહી હતી કે પોતાના અતલગના ખેશીકે કોઇ બીજાના મર્ણ ઉપર રડવું કુટવું કે એવીજ રીતે બેસબરી બતાવવી ઇસલામમાં દુરૂસ્ત નથી પણ સબર કરવું ઘણુંજ ઉત્તમ છે. અલ્લાહ તઆલા તે સબરનો બદલો આપે છે. હું આ બાબત સમજીને એ વખતે મારા દિલ ઉપર કાબુ રાખવા ચાહતી હતી. છતાં કાબુ રાખી શકી નહીં. ચોધાર આંસુએ રડવુ શરૂ કર્યું. અત્યાર સુધી અબ્બાજાન દીલ ઉપર કાબુ રાખીને ગંભીરતાથી બેઠા હતા પણ મારા રડવાના સાદે તેમને બેચેન કરી દીધા. તેઓ અંદર મને સમજાવવાને માટે આવ્યા પરંતુ મારી બેચેની જોઇને પોતે રડી પડ્યા બસ પછી શું પુછવું? આખા ઘરમાં કાગારોલ મચી ગઇ. જે લેડી ડોકટર અંમાને જોવા આવી હતી તેનું નામ મીસીસ હેરીયટ હતું મારા અમ્માની સાથે સારી ઓળખાણ હોવાથી તેણી પોતાને ઘેર પાછી ગઇ નહોતી. આનદાની મુસલમાનોમાં કફન દફનની ક્રીયા કેવી રીતે કરવામાં આવે છે તે ખાસ જોવાના માટે તેણી રોકાઇ હોય અથવા તો ખાનદાની ખાનુઓના દુઃખમાં ભાગ લેવાથી તેણીઓ

ઉપર સારો અસર થવા પામે. આ કારણો સર તેણી રોકાઇ હતી. જ્યારે તેણીએ મને રૂદન કરતી જોઇ ત્યારે મને પોતાની બાથમાં દાબી લીધી અને જ્યારે બધા લોકો મારી માને દફનાવવા લઇ ગયા ત્યારે તેણી પોતાની ગાડીમાં બેસાડીને મને પોતાને ઘેર લઇ ગઇ.

મીસીસ હેરીયટના ઘરની સુઘડતા, શણગારેલા ઓરડા, અંદર બહારની સફાઇ, તેમના નાના નાના સફેદ દુધ જેવાં બાળકો, સફેદ સુઘડતા ભરેલી આયા, મામા, નોકર ચાકરો જોઇને મને ખુશી થઇ, પહેલાં તો હું એમ સમજતી કે આખી જીંદગી સુધી માના મર્ણનો રંજ ભુલીશ નહીં. જે બાલકોના માબાપ ગુજરી ગયાં છે તેઓ કેવી રીતે જીવી શકે છે અને દુનીઆનો કારોબાર કરી શકે છે એ વિચાર મને અજાયબીમાં નાંખતો હતો. મેં મીસીસ હેરીયટને પણ એજ સવાલ કર્યો જેના જવાબમાં તે ભલી બાનુએ હસતા ચહેરે કહ્યું "દીકરી! જ્યાં માણસને માટે રંજ પેદા કરવામાં આવ્યું છે ત્યાં રંજને વીસરી જવાનું પણ સાથે રાખ્યું છે. બે ચાર દીવસમાંજ તમે જોઇ લેશો કે તમે પણ તમારી અંમાના મરણનો રંજ ભુલતા જશો." આ સાંભળી મારા મનને ખાત્રી થઇ નહીં. હું પોતાના મનમાં કહી રહી હતી કે બીજા લોકોના દીલની બનાવટ જુદી હશે. મારૂં દીલ જુદીજ જાતનું છે. મારી માનું મર્ણ થતાંજ હું ન મરી ગઇ એ અજાયબ જેવી વાત છે અને મીસીસ હેરીયટ કહે છે કે હું બેચાર દીવસમાં આ રંજ ભૂલી જઇશ. તદ્દન ન બનવા જોગ અને મારા માટે ન માનવામાં આવે એવી વાત છે. મને ખાતરી હતી કે બે ચાર દીવસમાં હું પણ મરી જઇશ, અને બહેશતમાં પહોંચીને મારી અંમાથી મલીશ, પરંતુ મારૂં સમજવું ભુલ ભરેલું નીકળ્યું અને

મીસીસ હેરીયટનું કહેવું સાચું ઠર્યું. જેમ જેમ દીવસો પસાર થવા લાગ્યા તેમ તેમ મારા દીલ ઉપરથી રંજનો બોજો હલકો થતો ગયો.

મીસીસ હેરીયટને જયારે જણાયું કે મારા મન ઉપરથી રંજ દુર થવા માંડયો છે ત્યારે તેઓ મને ઘેર લાવ્યા પણ ઘેર ઊપર આવતાંજ મારો જીવ ઘભરાયો એટલે મેં મીસીસ હેરીયટની સાથે રહેવાની ઇચ્છા જાહેર કરી. તે ભલી બાનુએ મારી ઇચ્છાનો સ્વીકાર કરયો. લગભગ બે વરસ સુધી હું મીસીસ હેરીયટને ત્યાં રહી. થોડા દીવસ હું મારે ઘેર આવતી અને થોડા દીવસ મીસીસ હેરીયટને ત્યાં રહેતી આટલી મુદતમાં તે ભલી બાનુએ મને ઘણી વાતનું શિક્ષણ આપ્યું. મઝહબી વાતોનું શિક્ષણ તો ઘણુંખરૂં હું મારી અમ્મા પાસે મેળવી ચુકી હતી. તેમજ ઉરદુ લખી વાંચી શકતી હતી. મીસીસ હેરીયટની મહેરબાનીથી ઇતીહાસ, ભુગોળ, હીસાબ તથા લુગડા કાતરવા, સીવવા રાંધવા, વિઘેરેનું શિક્ષણ લીધું.

અમ્મા જાનના મરણ પછી મારા અબ્બાએ પેન્શન લીધું જો કે તેમની વય નોકરી કરવા જેવી હતી અને પેનશન લેવા જોગ નહોતી છતાં તેમની સારી કામગીરીના બદલામાં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ તેમને પેનશનની સારી રકમ બાંધી આપી. અમ્માજાનના મરણનો એમને એટલો બધો રંજ થયો હતો કે તેઓ એક તારેકુલ દુનિયા ફકીરની પેઠે એકાંત સ્થળમાં જીંદગી ગુજારવા લાગ્યા. થોડાજ દીવસમાં તેઓ મોટા આબેદ અને ખુદા પરસ્ત બની ગયા અને આવીજ હાલતમાં તેઓએ દુનીયાથી કુચ કર્યું. એમના મર્ણ પહેલાં દાદીજાન પણ ગુજરી ચુકયા હતા એટલે હવે મારા નજીકના સગામાં

માત્ર એક ફોઇ અને એક માસી બાકી રહ્યાં હતાં. જ્યારે મારા બાબા દીલ્લી મુકીને આગરામાં આવ્યા ત્યારે મારી ફોઇ દીલ્લીમાં રહી ગયા હતા કેમકે તેમનું લગ્ન ત્યાંના એક ઉંચા કુટુંબમાં થયું હતું. અત્યારે તેઓ પૈસા ટકામાં સારી સ્થીતી ભોગવતા હતા, મારાથી બે વરસ પહેલાં મારી ફોઇને એક છોકરો જનમ્યો હતો જેનું નામ ઇલીયાસ રાખ્યું હતું. જ્યારે મારા ફોઇને મારા જન્મની ખબર પડી ત્યારે તેઓ ખુશી થતાં આગરે આવ્યા અને પોતાના દીકરા ઇલીયાસની સાથે મારી સગાઇ કરી નાંખી. હાલમાં મારા બાબાના મર્ણની ખબર પડતાં તેઓ આગરે આવ્યા અને મને પોતાની સાથે દીલ્લી લઇ ગયાં. મને આગરાથી દીલ્લી જવું બહુજ ભારે લીગ્યુ. કેમકે માનામર્ણ પછી મીસીસ હેરીયટને હું મારી માની પેઠેજ સમજતી હતી અને ફોઇથી હું તદ્દન અજાણુ હતી. પરંતુ મારામાં મારી મરજી અનુસાર વરતવાની લગારે હીમ્મત નહોતી તેથી ફોઇએ દીલ્લી ચાલવાનું કહેતાંજ હું તેમની સાથે દીલ્લી ગઇ. દીલ્લી પહોંચીને મેં ઇલીયાસ ને પહેલી વખતે જોયો. મારી વય દસ વરસની અને ઇલયાસની બારવરસની હતી. રાત અને દીવસ અમે બંને જણાં સાથે રમતા હતા. ઇલયાસ ખુબસુરત ચહેરાનો અને મળતાવડા સ્વભાવનો હસમુખ નવજવાન હતો. નાનપણથીજ તે મહા ચતુર, ઉદાર, દયાવાન અને ભોળો હતો. સાથે રહેવાથી મારા મનમાં તેના તરફની લાગણી જન્મ પામી. બે વરસનો સમય ભારે આનંદમાં પસાર થઇ ગયો. જેવા તે બે વરસ મારી જીંદગીમાં આનંદ દાયક ગુજર્યાં છે તેવા આખી જીંદગીમાં ભાગ્યેજ બીજા ગુજરવા પામ્યા હશે.

જ્યારે મારી વય બાર વરસની થઇ ત્યારે મારી ફોઇએ મારા

લગ્ન કરી નાંખવાનો વિચાર કર્યો. આ વાતની ખબર પડતાં મારી માસીએ મને આગરે બોલાવી લીધી. મારી અંમાથી મારી માસી વયમાં નાના હતા. જ્યારે મારા નાના ગુજરી ગયા ત્યારે તેમની સદર દીવાનીની મુફતીની જગ્યા ઉપર મારા માસાની નીમણુંક થઇ હતી. તેઓ પચ્ચીસ ટકામાં સારી સ્થીતી ભોગવતા હતા. જેવી રીતે મારા નાનાની મુફતીની જગ્યા ઉપર મારા માસાએ કાબુ મેળવ્યો હતો તેવીજ રીતે તેઓએ મારા નાનાની બધી માલ મીલકત પણ દબાવી લીધી હતી. મારા અબ્બા એવા ઉદાર મનના હતાકે તેઓએ મરતાં સુધી સસરાના વારસા બાબે એક શબ્દ પણ કહયો નહી. પણ મારી અંમાને તે બાબે ભારે રંજ હતો. આ કારણસર મારી અંમી અને માસી વચ્ચે ખટપટ રહેતી હતી. આ ખટપટના સબબેજ મને મારી માસીની સાથે લગાર પણ મોહબ્બત નહોતી તેઓએ મારા લગ્નનું સાંભળી મને એટલા સારૂ આગરે બોલાવી લીધી કે મારૂં લગ્ન ધામધુમથી કરી પાછલી વાતોનો કાંઇક બદલો વાળવામાં આવે મારી ફોઇએ મને એટલા માટે આગરે મોકલી દીધી કે તેઓ ઇલીયાસના લગ્ન ધામ ધુમથી કરીને લહાવો લેવા ચહાતા હતા. દીલ્લીથી જાન (બરાત) આગરે જશે અને મારા મનની હોંસ પુરી થશે એ વિચારથી તેઓએ મને મહાન દુખોમાં સપડાવી.

અત્યાર સુધી તો મેં તેજ વાતો જણાવી છે કે જે હરેક ખાનદાની બાળાઓને અનેક વખતે અનુભવવી પડે છે. પરંતુ તે પછી મારા ઉપર ગુજરેલો સમય તદ્દન જુદોજ હતો. મારા ઉપર જે જે દુઃખો પડયાં છે અને સંકટોનો મને મુકાબલો કરવો પડયો છે તે ભાગ્યેજ હીંદુસ્થાનની કોઇ બીજી સ્ત્રી જાતીને અનુભવમાં

આવ્યો હશે. હું મારા કરમની કહાણી સંભળાવવામાં માગ્રે પોતાની ફરજેતી સમજું છું, પણ તે સાથેજ મેં ન સહન થનારા દુખોનો કેવી રીતે મુકાબલો કરી મારા પતીવરત પણાને અને પારસાઇને કાયમ રાખ્યા છે તે ખાસ તારીફને લાયક હોવાથી બતાવવા માગું છું વળી તે ઉપરથી સારો સાર પણ નીકળી શકે છે એટલાજ માટે મેં મારી જીંદગીમાં બનેલા બનાવોને વાંચકો સનમુખ રજુ કરવાની હીમ્મત કરી છે.

મારી આગરા પહોંચવા પછી મને કયા ઘરમાં રાખવી એવો સવાલ ઉભો થયો. હું મારા પોતાના ઘરમાં રહું કે માસીના, આ સવાલના નીવેડા માટે મારી અંનાને બોલાવવામાં આવી મારી અંનાનું નામ રશીદા હતું તેણીએ મારી અંમા તથા માશીને દુંધ પાયું હતું એટલે તે દુદુમાં હતી. બંને બહેનો તેણીને સગી મા કરતાં વધારે ચાહતી હતી. મારા નાનાની જીંદગીમાં તેણી આખા ઘરનો કારભાર ચલાવતી હતી. જ્યારે બંને બહેનોના લગન થયાં ત્યારે તેણીને મારી અંનાએ પોતાની સાથે રાખી. જેથી તેણી મારા ઘરમાં ઘરના માલેકની પેઠે રહેતી હતી અને દરેક જણ તેણીનું માન રાખતાં હતાં ઇસલામ મઝહબમાં દુદુમાનો દરજ્જો સગી માના જેટલોજ માનવતો સમજવામાં આવે છે. લગન ઇત્યાદી મામલામાં તે સગી માના દરજ્જાની પેઠે સમજાય છે જુઓ ઇસલામે પોતા ઉપર આભાર કરનારા ના માનની જાલવણી કરવા માટે કેવા હુકમ આપ્યા છે. આ ઠેકાણે આ વાત પણ જાણવી જરૂરી છે કે એકજ દુધથી જ્યારે બે બાળકોનું પોષણ કરવામાં આવે તો ઘણી વાતોમાં તેમના આચાર વિચાર વિગેરે વિગેરે મલતાંજ જણાશે. જેવી રીતે દુધભાઇ અને

બહેન વચ્ચે પણ લગ્ન કરવાની સખત મનાઇ છે.

મારી અન્નાએ મારાં લગ્ન એક લાવારસ છોકરીની પેઠે, મારી માસીના ઘેર થાય તે પસંદ કર્યું નહીં એટલે તેણે મારા બાપીકા ઘરમાં પોતાની સાથે રાખવાની માગણી કરી અને તેજ ઘરમાં મારા લગ્ન થાય એવી વાત ઉપાડી જે મારી માસીએ પસંદ કરી. મારી માસી એ સખત ભુલ કરી કે ઉમરે લાયક થએલી એક બાળાને ઘરડી અન્ના ની દેખરેખમાં બીજા ઘરમાં રહેવાની રજા આપી. જે પોતાની ઘરડી વયના સબબે પોતાની અકલ અને સમજ શકિતનો મોટો ભાગ ગુમાવી ચુકી હતી પણ પહેલી ભુલતો મ્હારી ફોઇની સમજવી જોઇએ કે જેણે મને આગરે મોકલી દીધી અને બીજી ભુલ મારી માસીની થઇ જેઓએ મારી સંભાળ રાખવાના કામને એક ઘરડી ડોસીના આધારે મુકી દીધો.

દીલ્હીથી હું રવાના થઇ તે વખતે હું તથા બીજા બધા એમજ સમજતાં હતાં કે બે ત્રણ મહીનામાં હુ પાછી વહુ બનીને આવીશ પરંતુ સમય બળવાન છે. ભાગ્યમાં લખેલું મટતું નથી. જગતના ફેરફારો ફરતાજ રહે છે. એકજ સ્થિતી ઉપર કોઇના પણ હાલત રહેવા પામતી નથી. હું આગરે આવી તેના થોડાજ દીવસ પછી લોકોએ છલીયાસના બાબમાં જુદોજ વિચાર કર્યો તે એક ચંચલ, હુશીયાર, ચતુર અને સારી મગજ શક્તિ ધરાવનાર વિદ્યાર્થી હતો. માત્ર ચઊદ વરસની નાનીજ વયમાં તેણે ઇનટરન્સની પરીક્ષા પાસ કરી લીધી હતી. જો કે યુનીવરસીટીની પરીક્ષામાં તે બેસી શક્યો ન હોતો. કેમકે યુનીવરસીટીની ઇનટરન્સની પરીક્ષામાં બેસવાં માટે સોલ વરસ ઉપરની વય હોવી જરૂરી છે. તેથી છલીયાસ

સની પરિક્ષા પ્રીનસીપલે 'ખાનગી રાતે લીધી હતી,' જ્યારે તેને ઇનટરન્સમાં પસાર થયેલો જોયો ત્યારે તેના વડીલોએ તેને વીલાયત મોકલી બેરીસ્ટર બનાવવ નો ઇરાદો કર્યો. એકાએક તઇયારી થઇ અને ઇલીયાસ ત્રણ વરસના માટે વીલાયત રવાના થઇ ગયો. આ અણધારી અડચણ આવી પડવાના લીધે મારા લગ્નની વાત ત્રણ વરસના માટે મુલતવી રહી. જ્યારે લગ્ન ત્રણ વરસના માટે મુલતવી રહ્યું તો મારી ફોઇની ફરજ હતી કે તેઓ મને પોતાની પાસે દીલ્લી બોલાવી લેતા અગર તેઓએ મને પોતાની પાસે ન બોલાવી લીધી તો મારી માસીએ મને પોતાના ઘરમાં પોતાની દેખરેખ તળે રાખવાની જરૂર હતી. પરંતુ તેઓ શું કરી શકે? મારી કીસમતમાં ભટકવાનું લખેલું હતું તે કોણ મીથ્યા ઠરી શકે? લગભગ એક વરસ સુધી હું આગરામાં રહી મારા જેવી લાચાર અને નિરાધાર બાળાની જુવાનીનો બગીચો ખીલતો જોઇને મહોલ્લા વાળાની દાનતોએ જાત જાતના રંગ બદલ્યા, જો આ સ્થળે હું મારા મહોલ્લાના બધા લુચ્ચા લફંગા લોકોનું દાસ્તાન કહેવા બેસું તો વાંચકો ગભરાઇ ઉઠશે અને કોઇ કામની વાત તેમાં જણાશે નહી. એટલા માટે હું તે બધા દાસ્તાનને કહેવાનું માંડીવાળું છું. અને આગરાને છોડવાનું કારણ જણાવું છું

મારા જેવી અનાથ બાળકીને પ્રદેશ કાઢનાર અને અનેક સંકટોમાં સપડાવનાર મીરઝા મકસુદ નામનો એક માણસ હતો, જો કે એમતો સેંકડો બદમાશો પોતાની બદમાશી ભરેલી ચાલ બાઝી ચલાવવામાં ચુકતા ન હોતા પણ મીરઝા મકસુદ બધામાં પહેલા નંબરનો હતો અને તેના લીધેજ મેં મારૂં ઘર મુક્યું.

ભાગ. ૨

જ્યારે મેં જોયું કે એક તરફ આગરામાં મારી સગી માસી વસે છે અને તેણીએજ મને આગરામાં બોલાવી છે છતાં હવે મારી લગારે ખબર લેતી નથી તથા બીજી તરફ દીલ્લીમાં મારી ફોઇ રહે છે અને તેણીએજ મને આગરે લગન માટે મોકલી છે. પરંતુ લગન અટકી જતા છતાં તેણી મને બોલાવવાની તજવીજ કરતી નથી તથા એક કાગળનો કટકો લખીને પણ ખેરીયતના ખબર મંગાવતી નથી ત્યારે મારા દુખનો પાર રહ્યો નહીં મારા ઉપર મહોલ્લાના બદમાશોના કેવા દાંત છે અને તેઓ મારી કેવી વલે કરવા માંગે છે. તે શરમના લીધે હું કોઇને કહી શકતી પણ નહોતી.

મારી સ્થિતી ઘણીજ નાજુક થઇ રહી હતી. બે ચાર વખત માસીની પાસે જઇને બધી હકીકત કહેવાનો વિચાર કર્યો પણ આવી હકીકત કહેતાં એક કુંવારી કન્યાની જીભ કેવી રીતે ઉપડી શકે? અને ધારો કે મારા જેવી મજબુત દીલની છોકરી હીમત કરીને કહી દે પરંતુ માસી મારા માટે શું વિચાર કરે? તેણી તરતજ દીદા દલેર, નફટ, બે શરમ અને ઉછાંછળીના ઇલકાબો આપીને કાઢી મુકે. કેમકે આબરૂદાર કુટુંબની કુંવારી કન્યાઓ પોતાના વડીલોની સામે આવી વાતોની ફરીયાદ કરી શકતી નથી. આ બધા કારણોના લીધે મેં માસીને તેમજ ફોઇને આ બાબે કાંઇ પણ કહેવાનું કે લખવાનું માંડી વાળ્યું. પણ પાક પરવર દીગારની જનાબમાં નમાઝ ગુઝારી અરજ કરવાનું અને તેની મદદ માંગવાનું નક્કી કર્યું: મુને નાનપણથી મારી અમ્માએ નમાઝ પઢવાનું શીક્ષણ આપ્યું હતું મુને તેઓએ મને નમાઝ રોઝાની પાબંદ બનાવી દીધી

હતી તેથી હું નમાઝ રોઝાની ઘણીજ સખ્તાઈથી પાબંદ હતી, વળી મારી અમ્માએ મને ઘણી વખતે કહયું હતું કે ગમે તેવા સંકટના સમયે અને ગમે તેવા દુઃખના વખતે માણસની મદદ માંગવા કરતાં ખુદાની મદદ માંગવાથી કામ જલદી સફળ થાય છે. બસ આ ખ્યાલ આવતાંજ મે માસીને કહેવાનું કોઇને લખવાનું અને બીજા કોઇની મદદ માંગવાનું માંડી વાળીને તે પાક પરવર દીગારની જનાબમાં અરજ ગુજારી તેની મદદ માગવાનું શરૂં કરયું.

આવી રીતે ઘણાં દીવસ પસાર થયા. મહેલ્લા વાળાઓની બદમાશીમાં વધારો થતો ગયો અને સગાઓની મે પરવાહ ન કીને તેવીજ રહી. આટલા દીવસમાં મેં મારી આબરૂ બચાવવાની, શીયળ સાચવવાની અનેક તજવીજો ઉપર વિચાર ચલાવ્યા અને જયારે મેં પોતાને મોટા જોખમમાં જોઇ ત્યારે આગરા શહેરને તજવાનો પાકો ઇરાદો કરી લીધો. પરદેશમાં જઇને ગુમનામીમાં ઝીંદગી ગાળવી અને મહેનત મજુરી કરી પેટ પાળવાનું નકી કરયું. પરંતુ આવી રીતે આગરામાંથી પ્રદેશ જતાં બાપદાદાની આબરૂ ઉપર પાણી ફરશે, મારા શીયળ બાબે લોકો શંકા લાવશે, જુવાન છોકરી પોતાની જુવાનીનો જમાનો સાચવી શકી નહી તો કોઇને લઇને નાસી ગઇ એવા ગપાટા ચાલશે અને દુનિઆભરની બુરાઇઓ મારા માથા ઉપર મુકવામાં આવશે એમ હું સારી પેઠે સમજતી હતી છતાં પણ હું મારા વિચારમાં ડગી નહીં મહોલ્લાના બદમાશોમાં મીરઝા મકસુદ મારી આબરૂ ઉપર પાણી ફેરવવામાં કમર કસીને બહાર પડયો હતો તેથી મને વિચાર આવ્યો. કે જો તે કોઇ વખતે વેળા સવેળાએ લાગ જોઇને ઘેરમાં પેસી જઇ મારી આબરૂ રેડવા તૈયાર થઇ જશે તે વખતે હું મારો પ્રાણ

કાઢવામાં પાછીપાની નહિ કરૂં, પરંતુ આવી રીતે પ્રાણ કાઢવો, આપઘાતમાં ગણાશે અને ઈસ્લામ મઝહબમાં આપઘાત કરવું મહા મોટું પાપ છે તેથી હવે મારે આ ઘેર સદાના માટે તજવું જરૂરી છે, પરંતુ હું આગરા મુકીને બીજા શહેરમાં ગઇ, અંના સાથે હું એટલે તેણી સીવવા ભરવા કે ગુંથવાનું કામ લાવી આપશે અને હું જીંદગીના દીવસો ગાળીશ પણ તે ક્યાં સુધી ? હું ઉમર લાયક થઇ ચુકી છું. આજે નહીં તો કાલે, વરસે નહીં તો પાંચ વરસે મારે મારી જીંદગીનો સાથી શોધવો પડશે. કેમકે ખુદા તઆલાએ સ્ત્રી અને પુરૂષોનો જોડો બનાવ્યો છે સ્ત્રી વિના પુરૂષ અને પુરૂષ વિના સ્ત્રી રહી શકતાં નથી. તે સમયે મને મારા કુટુંબ કબીલામાં કોઇ શામિલ કરે એ બનવા જોગ નથી. મારા અહીંથી જતાંજ તેઓ મારા માટે હજારો શંકાઓ કરશે અને તોહમતો મુકી મને નિરલજ, બેશરમ, કુળને કલંકિત કરનાર વિગેરે નામોથી ઓળખશે એટલે હું મારા કુટુંબમાં શામેલ થઇ શકીશ નહીં ત્યારે ફરી તે સમયે કરવું શું ? અત્યારે મારી આંખો આગળ એવી અનેક સ્ત્રીઓની જીંદગી ના ફેરફાર પસાર થવા લાગ્યા જેણીઓ પોતાના મા બાપના ઘેર સાસરામાંથી નાસીને અવળે રસ્તે ચઢી ચુકી હતી. તેણીઓનું જે પરિણામ આવેલું જોયું હતુ તેથી મારા શરીરમાં કંપારી છુટી, છતાં મેં મજબુત મનથી દુનીયાની દરેક મુસીબતો ઉઠાવી, નાત જાતની બદનામીઓની શીકાર બની મારી પરહેઝગારી અગર શીયળને સાચવી રાખવાનો પાકો મનસુબો કરયો અને સદાના માટે પોતાની જન્મભુમી તજવાનો ઇરાદો કરી લીધો,

હું એક અબળા અને સાત પરદામાં બેસનારી ખાનદાની બાજુ

આવા વિચાર અને આવા ઇરાદાથી ડગી જાઉં તો તેમાં કાંઇ નવાઇ નહી. પણ મેં જે ઇરાદો કરયો તે મજબુત હતો. દુનીઆની બદનામીના વિચારને મેં દીલમાં જગ્યા આપી નહી, લોકોની ચર્ચાના ખ્યાલને બીલકુલ મનમાંથી કાઢી નાંખ્યો. સગાવહાલાનાં મેણાં અને ભવિષ્યની જીંદગીમાં શું થશે એ સોચને હસી કાઢયો.

એક દીવસે હું સવારની નમાઝ અદા કરી ને વઝીફામાં મશગુલ હતી. મારી ઉપર પડેલી મુસીબત દુર થવા માટે મેં એક ખીલ્લો કર્યો હતો. નમાઝ બાદ તસબીહ વડે હું અલ્લાહની યાદ કરી રહી હતી કે મને મારી નાજુક સ્થીતીનું ભાન આવી ગયું. ચારે બાજુથી જાત જાતના વિચારોએ મને ઘેરી લીધી. તસબીહ મારા હાથમાંથી પડી ગઇ અને મારી લાચારી; નિરાધારી તથા અનાથ હાલત ઉપર હું ચોધાર આંસુએ રડી પડી. આવી હાલતમાં લગભગ એક કલાક પસાર થઇ ગયો એટલે મારી અંનાએ મને જોઇ લીધી તેણીને મારા, મુસીબતની થોડી ઘણી ખબર પડી ચુકી હતી અને તેણી મને દીલાસો દેવાના લાગમાંજ હતી કે આ સમય તેને મળી ગયો. તે મારી પાસે આવી અને દીલાસાના શબ્દો કહી મને સમજાવવા બેઠી. પહેલાં તો દીલાસો આપનાર મળવાથી હું વધારે રડી પણ ફરી ધીમે ધીમે મેં મારી તબીયત ઉપર કાબુ મેળવ્યો. અંનાએ વાતચીત શરૂ કરતાં કહ્યું.

"બેટા! સબર કરો. સમય ઘણોજ નાજુક છે. આ સમયમાં જે ન થાય તે ખરૂં"

"પણ અંના હવે હું શું કરૂં? અત્યારે તમારા અને ખુદા વિના મારૂં કોઇ નથી. હાય બાંમાજાન પણ ન રહ્યાં

અમ્માંની યાદ આવતાંજ હું મોટેથી રડી પડી. એટલે અમ્નાએ મને બાથમાં લેતાં કહ્યું. " બેટા સબરમાં શક્કર છે આમ આકુળ વ્યાકુળ થવાથી કાંઇ થવાનું નથી. આ સમયની બલીહારી છે. લોકોની આંખોમાંથી શરમ નાબુદ થઇ ગઇ છે, સારા અને નરસા કામોની સમજ શકિત નાશ પામી છે. કોમના જુવાનીઆઓ બદમસ્ત હાથી બનીને ફરી રહયા છે, તેઓની આંખો ઉપર જહાલતના પરદા પડયા છે. માટે બેટા સબર કર અલ્લાહ તે બદમાશોને જોઇ લેશે અને સબરનો બદલો આપશે."

"ખરેખર અમ્ના! એમજ છે. જમાનો ઘણોજ બારીક છે, ખુદા દરેકની શરમ આબરૂ રાખે"

" બેટા આ જમાના બાબે તો કાંઇ બોલવા જેવું છેજ નહીં, મારી આ આંખોએ જે કાંઇ જોએલું છે તે સ્વપના સમાન થઇ ગયું પહેલાંનાં લોકોની લાજ મરયાદા, નેકી ભલમનસાઇ, વિદવતા, વિવેક વિગેરે સદાચાર વિચારનો દેખાવ નજરે પડતો નથી. હવે તો, જ્યાં જુઓ ત્યાં ચારે બાજુએ કોમના નાના મોટા બધા ઉપર સરખી રીતે જહાલતે પોતાનો અમલ બેસાડી લીધો છે. નાના મોટાની શરમ, લાજ કે અદબ આદાબમાંનું કાંઇ પણ બાકી રહયું નથી. મારી આંખોએ મેં જોયું છે કે શહેરની દરેક મસજીદ અને દરેક મહેલ્લાના અનેક ઘરોમાં નાના બચ્ચાઓને સદાચાર વિચારનું શિક્ષણ અપાતું હતું મઝહબી તાલીમ આપવામાં આવતી હતી. હાલમાં સેંકડો સ્કુલો અનેક મદરેસાઓ બનાવવામાં આવ્યાછે. પરતુ તે વખતનું શિક્ષણ જે અસરકારક નીવડતું હતું તેવું હાલમાં બા ફાયદા અપાતું શિક્ષણ અસર ધરાવતું નથી. હલકામાં હલકી કારીગર કોમોથી લઇને

તો મોટા આલીમો જુની રૂઢીથી તાલીમ પામેલા હતા પણ તે તાલીમનો સારો અસર આખી જીંદગી સુધી રહેતો હતો. સુતાર, લોહાર, ખેડુત, કડીઆ, મણીઆર, પીંજારા શેખ, સઇયદ, મુગલ, પઠાણ, સીપાઇ કે, લશકરી લોકો, વેપારીઓ, જાગીરદારો, વિગેરે વિગેરે બધી કોમોમાં મોટા મોટા આલેમો, ફાઝેલો વિદ્વાનો અને ફીલસુફો મળી આવતા હતા. આજના સમયમાં આલેમોની જે ખોટ પડી છે, તેવી ખોટ તે વખતમાં નહોતી ઘેરઘેર કુરઆને મજીદના હાફેઝો, મઝહબી મસઅલાઓના જવાબ આપનાર ફકીહો, ખુદા અને તેના રસુલની વાતો કહેનાર વાએઝો, સેંકડોની સંખ્યામાં મજકુર કોમોમાંથી પણ મળી આવતા હતા. પણ ચાલુ જમાનામાં તેમાંનું કાંઇએ નથી એક પીંજારાએ અથવા નાલબંદે કે બીજી કોઇ એવીજ કોમના માણસે દીન દુનિયાની ઊંચી કેલવણી મહા મહેનતે મેળવી તો પોતાને ઊંચા ખાનદાનમાં ખપાવતા લોકો તેઓ હલકી જાતના હોવાના સબબે તેઓએ મેળવેલા જ્ઞાનથી લાભ ઉઠાવતા નથી, તેઓ એમજ સમજે છે કે જે નીચ કોમો છે તેમને ઉંચી કેળવણી પામવાનો અધીકારજ નથી પણ આમ સમજવામાં તેઓ ખુદા અને તેના બરહક રસુલ સલ્લ૦ ના ઇલ્મ વિશેના હુકમનો અનાદર કરવાના મહા પાપમાં પડે છે. બેટા! આગલા જમાનના લોકની

હું શું વાત કરૂં? બધા લોકો શીરસ્તાઇ ખસલતના હતા. મને સારી પેઠે યાદ છે કે દર જુમાના દીવસે નમાઝ થયા પછી મસજીદોમાં આલેમ લોકો અસર કારક વાએઝો કરતા હતા. કેવી અસરકારક આહા! તેમની વાએઝો હતી? આજકાલની પેઠે હોસ્લુતોસી કે સાધારણ મસલા ઉપર લડાઇ ઝઘડા થતા નહોતા. તેઓ ખુદા રસુલની વાતો કરી દીને ઈસ્-

લામના સાચા ફરમાનોનું શિક્ષણ આપતા હતા અને એમના એજ શિક્ષણ-ના પ્રતાપે નાના બાળકથી લઇને તે ઘરડા સુધીના બધાના આચાર વિચાર અને રહેણી કરણી ઉપર સારો અસર થતો હતો. પરંતુ હવે એમાંનું કાંઇ બાકી રહયું નથી. દીકરી ! આ દાસ્તાન ઘણી લાંબી છે પણ હું તેને ટુંકમાં પુતાવતાં એટલુંજ કહું છું કે અગર એક બાળકને શરૂઆતથીજ મઝહબી તાલીમ આપવામાં આવે તો તે આગલ જતાં ગમે તેવી દુન્યાની તાલીમ પામવા છતાં પણ સદગુણો તજશે નહીં. આપણા મહેલ્લાના જે બદમાશોએ આપણને પજવવા માંડયા છે તેઓ મઝહબી તાલીમથી બીલકુલજ કોરા જણાય છે નહી તો તેઓ આવી રીતે બે ધડક પારકી વહુ કે દીકરી ઉપર દાનત બગાડે નહી, ચાલુ જમાનામાં તો જ્યાં જોશો ત્યાં એવોજ અંધેર ચાલી રહયો છે. મઝહબી તાલીમ માત્ર નામની ખાતર આપવામાં આવે છે, દીકરો મોટો થઇને બી. એ. એમ. એ. કે. બેરીસ્ટર બની જાય એવીજ બધા માબાપો ઇચ્છા ધરાવે છે પરંતુ દીકરો પહેલાં મુસલમાન બનીને પછી ઉંચામાં ઉંચી ડીગ્રી મેળવે એમ એક પણ મા-બાપ ચાહતા નથી. તેનાજ પરીણામે કોમના નવ જવાનોના આચાર વાચાર બગડેલા છે. "

અંના જાણે આ વખતે વાઅઝ કહેવાને બેઠી હોય એવી રીતે બોલી રહી હતી અને હું તેના દરેક શબ્દે શબ્દ ઉપર ધ્યાન આપી રહી હતી. મને અત્યાર સુધી અંના આવી વિદવાન છે એની ખબર નહોતી મને અત્યારે તેના વીવેચનથી ઘણોજ આનંદ થયો. હું તેના વીવેચનને હજુ સાંભળવા ચાહતી હતી પણ અત્યારે મને બીજીજ બાબતો પજવી રહેલી હોવાથી મેં વાત ફેરવતાં કહ્યું.

"અંના ! આપના વિચારો આવા ઉમદા છે તેની મને અત્યાર સુધી ખબર નહોતી. ચાલો આજે બીજી વાતો દરમીયાન તમારી બાહોશીની પણ ખબર પડી ગઇ."

"બેટા ! એમાં બાહોશી શાની ? મેં તો અનુભવની વાતો કરી છે."

"અત્યારે તમારા જેવી અનુભવી અને બાહોશ અંનાની સરપરસ્તીમાં હું મને પોતાને જોઇને ખુશી થાઉં છું અને પુરેપુરી આશા રાખું છું કે મેં મારા મનમાં જે યોજના ઘડી રાખી છે તેના ઉપર અમલ કરવા માટે તમે તમારા ખરા અંતઃકરણથી મને મદદ કરી મારો સાથ આપશો."

"દીકરી તેં કેવી યોજના ઘડી છે તે તો કહી સંભળાવ."

"તે યોજના સાંભળીને હવે તેમાં વધ ઘટ કે સુધારો વધારો કરવાનું નથી. માત્ર સાંભળીને અમલ કરવાનું જ છે."

"હા, હા, અમલ કરવાનું પણ સાંભળ્યા પહેલાં કે પછી ?"

"ના, સાંભળ્યાં પછી' મેં અંનાને પોતાની પાસે બેસાડતાં કહ્યું. 'મેં ઘણાં દીવસના વિચારોના પરિણામે અને આગળ પાછળ ની દરેક ઉંચ નીચ ઉપર પુરતી નજર નાંખ્યા પછી આ શહેર તજીને લખનઉ જવાનો ઇરાદો કરી લીધો છે"

"શું આ શહેર તજવાનો અને લખનઉ જવાનો ઇરાદો કરી લીધો ?"

"હા, કરી લીધો"

"પણ ત્યાં જઇને શું કરશો ?"

"એ ત્યાં પહોચવા પછી વીગારી શું, જે માસેક જન્મ પહેલાં પોષણ કરવાનો વાયદો કરેલો છે તેજ માસેક લખનઉ પહોંચવા ઉપર પોષણ કરશે. જેવી રીતે તે માસેક અહીં સંભાળ લે છે તેવીજ રીતે ત્યાં પણ સંભાળ લેશે."

"પણ એક તારા જેવી પરદા નશીન બાળાના ચુપકીથી નહાસવાના બાબમાં લોકો શું કહેશે? સગા સંબંધીઓ શું વિચારશે?"

"એના ઉપર મેં પુરતો વિચાર કરી લીધો છે એટલા માટે તો મેં પહેલાંજ કહ્યું છે કે મેં યોજના ઘડી રાખી છે. માત્ર તેના ઉપર અમલ કરવાનું બાકી છે."

"એ તો ખરૂં પરંતુ કોઇ પણ કામ કરવા પહેલાં વિચાર કરી લેવું જરૂરી છે. અને એક બીજાની સલાહથી દરેક પગલું ભરવું જોઇએ."

"હવે એમાં વિચારવા જેવું કાંઇ નથી. આપના કહેવા મુજબ અલબત્તાં એક પરદેનશીન બાળાનું પોતાના ઘેરથી નીકળીને અજાણ્યા શહેરમાં છુપી રીતે જવું આપણી રહેણી કરણીને જોતાં તથા દેશમાં પ્રચલીત રસમ રીવાજ ઉપર નજર નાંખતાં નામોશી ભરેલું ગણાય, પરંતુ પહેલાં તો આપણાં દેશમાં પરદાની જે સખતાઇની સાથે પાબંદી કરવામાં આવે છે તેવી સખતાઇનો હુકમ આપણા પાક મઝહબે આપેલો નથી. અરબસ્તાનમાં સ્ત્રીઓ બુરકો પહેરીને બહાર હરી ફરી શકે છે અને પોતાના દરેક જરૂરી કામ કાજ કરે છે. શરીર આખામાં ઢંકાએલું હોવાથી બુરકાની અંદર એક જુવાન બાળા છે

કે ઘરડી ડોશી છે તેની પુરૂષોને ખબર પડતી નથી. બુરકાની અંદર જુવાન છે કે ઘરડી એ જાણવુંજ પુરૂષોના મનમાં બુરી નિષ્ઠા જન્મ પામવાનું મુખ્ય કારણ હોય છે. પણ જ્યારે તે જાણી ન શકે તો તેમનાં મનમાં એવી ઇચ્છાનો જન્મ થશેજ નહીં. સ્ત્રીઓને પરદામાં રોકવાનું પણ મુખ્ય કારણ એજ છે. આપણાં દેશમાં તો સ્ત્રીઓને કેદમાં ગોંધી રાખે છે. માટે જો જરૂરના સમયે અરબસ્તાનના પરદા ઉપર અમલ કરવામાં આવે તો મારા ધારવા મુજબ પાક મઝહબના ફરમાન વિરૂધ્ધ વરતન કરેલું નહીં ગણાય. અહીંઆ રહેવાથી જે બુરાઇઓનો જન્મ થવાનો સંભવ રહે છે તેનાં કરતાં ગમે તેવી બદનામી કે કલંક મળે તે હજાર દરજ્જે વધારે સારૂં છે. મારી માસી તથા ફોઇએ મારા માટે જે એ પરવાહ વાપરી છે તેને જોતાં તેમની મદદ માંગવી નકામી છે. અને જો હું એમની પાસે જાઉં તો કહું શું? બસ એટલાજ માટે મેં આગરા મુકવાનો પાકો ઇરાદો કીધો છે. હવે પારકા શહેરમાં જઇને લીબાસ શું ધારણ કરવો એ સવાલ છે તેના માટે મેં વીચાર્યું છે કે તમે બુરકો ઓઢીને હજામીમાં બનીને ચાલો અને મારા માટે મેં બે વાતોનો વિચાર કર્યો છે. બુરકો પહેરીને તમારો સાથ આપું અથવા મરદનાં લીબાસમાં થોડાક વરસ ગાળું. મારી વયને જોતાં હાલમાં મને પરદાની જરૂરત નથી માટે મેં મરદનાં લીબાસમાંજ રહેવાની વાતને પસંદ કરી છે. લગભગ બે ત્રણ વરસ સુધી હું મને પોતાને મરદના લેબાસમાં છુપાવી શકું છું. મેં અત્યાર આગમચ મુસાફરીના માટે મરદના તથા સ્ત્રીના લેબાસોનો બંદોબસ્ત કરી રાખ્યો છે. પંજાબીઓનની પેઠે મોટી પાઘડી પહેરવાથી હું મારા વાળોને તથા મોટી ઇજાર અને ઢીલું પહેરણ પહેરવાથી મારા શરીરને સારી પેઠે છુપાવી શકીશ."

આ સાંભળી અંના થોડીવાર સુધી બીલકુલ ચુપકીદીથી બેસી રહી અને ફરી લાંબો વિચાર કર્યા બાદ બોલી.

"બેટા ! તેં જે યોજના ઘડી છે તે કેટલેક અંશે તો મને વાજબી જણાય છે અને જે થોડી ઘણી શંકા રહે છે તે તારા પ્રત્યેના હેતને જોતાં દુર થઇ જાય છે. માટે હું તારા દરેક બોલવા ઉપર અમલ કરવાને તૈયાર છું પણ બેટા ! તારી વયને જોતાં આવી દુર અંદેશીની વાતો ભારે અજાયબીમાં નાંખી રહી છે."

"અજાયબીમાં પછી પડજો પણ હાલ તો મુસાફરીની તૈયારી કરવા માંડો."

અંનાને આવી રીતે મારા મદદમાં તઇયાર થયેલી જોઇ મારા ખુશીનો પાર રહયો નહીં. સાંજ થતાં પહેલાં સફરની તઇયારી કરી રાખી. અંનાએ આગરાના સ્ટેશનથી રવાના થવાનું મુનાસબ ન જાણ્યું તેથી અમે ટુંડલા સુધી પગ રસ્તે પાલખીમાં જવાનું નકી કરયું; અંના પાલખી વાળાને બોલાવી લાવી અને અમે બંનેજણ્યાં ખુદાના ભરૂસે રાત થતાંજ પાલખીમાં સવાર થઇ ગયા. હું પંજાબી તાલેબ ઇલ્મ (વિધારથી) ના લેબાસમાં અને અંના હજાણીના લેબાસમાં હતી. ચાલતાં ચાલતાં સવાર થઇ એટલે અમે એક બીજાના લીબાસને જોઇ હંસ્યા તે બાદ અંનાએ મને માથાથી તે પગ સુધી જોઇને કહયું.

"બેટા તેં વેષ બદલ્યો અને મારાથી હાંમી પણ ભરાવી લીધી પરંતુ મારા મનમાં બીક રહે છે. કેમકે એક તો મઝહબની રૂએ સ્ત્રીને પુરૂષના વેષમાં કે પુરૂષને સ્ત્રીના વેષમાં બહાર નીકળવું

દુરસ્ત નથી, બીજું મરદ નો લિબાસ પહેરવાથી તારા રૂપની સાદગી વધારે દીપી નીકળી છે તેથી આપણાં દેશમાં ફેલાયલી બદકારીને જોતાં હજુ તું ભયમાંથી મોકલી થઇ નથી, તારો ભેદ અંધારામાં સૂઝે તેમ જણાતું નથી, પણ ખેર હાલ તરત ગમે તેમ નભાવી લઉં."

"મરદાના લિબાસના માટે તો હું પોતેજ કહી ચુકી છું કે જરૂરતના સમયે દુરસ્ત થઇ જાય છે અગર એક સ્ત્રી પોતાની આબરૂ ના રક્ષણ માટે મરદાના લિબાસ ધારણ કરે તો કોઇ હરકત જેવું નહીં ગણાય. વળી હું પોતે ઉમર લાયક નથી એટલે વધારે જરૂરી તેમજ પીડા જેવું પણ નથી હાલ તરત તો એમજ ચાલવા દો આગળ જતાં જોઇ લઇશું, જેવો સમય તેવો વેશ ધારણ કરીશું,"

આવી રીતે વાતો કરતાં અમે કુંડલે પહોંચ્યા અને ત્યાંથી રાતની ગાડીમાં કાનપુર જવાને ઉપડયાં. કાનપુરમાં પહોંચીને લખનઉની ગાડીમાં બેઠાં અંના ઘણી વખતે હજ કરવા ગએલી હોવાથી અને આ દેશમાં પણ ઘણી જગ્યાએ મુસાફરી કરેલી હોવાથી અંજાણ્યા માણસને રેલવેમાં વેઠવી પડતી હાડમારીઓ મને ઉઠાવવી પડી નહીં. અલબત્તાં અંનાની સાથે રહીને દરેક વાતો ઉપર નજર રાખતી હતી. કેમકે મને એકલી સફર કરતી વખતે કામમાં આવે.

બાબ. ૩

દીવસના બાર વાગે અમારી ગાડી લખનઉ સ્ટેશને પહોંચી મુસાફરો ગાડીમાંથી ઉતરવા લાગ્યા. . અંના સ્ત્રીઓ ના ડબ્બામાં બેઠી હતી અને હું પુરૂષોના ડબામાં, એટલે મેં બહાર નીકળીને જોયું તો કેટલીક સ્ત્રીઓના ટોળા વચ્ચે અંના ઉભેલી છે. હું થોડી-વાર સુધી અંનાથી દુર ઉભી રહી. અંનાએ તે પછી એક ગાડી ભાડે કરી અને મને બોલાવી એટલે હું ગાડીમાં જઇને બેઠી અંના જે સ્ત્રીઓની સાથે ડબામાં બેઠી હતી તેમની ગાડીઓ આગળ હતી અને અમારી ગાડી બધાની પાછળ હતી. લખનઉના સ્ટેશન ઉપર રેલવેના ડબામાંથી ઉતરતાંજ મારી સાથે બેઠેલા શેખ રઝીઉદદીને મને પોતાને ઘેર લઇ જવાની ખોહીસ કરી હતી. પરંતુ મેં લાચારી બતાવી હતી. તેઓ સ્ટેશનની બહાર કોઇની વાટ જોતા ઉભા હતા. જ્યારે તેઓએ મને અંનાની સાથે ગાડીમાં બેઠેલો જોયો ત્યારે તેઓ સમજ્યા કે મેં અંનાના સબબે એમને ત્યાં જવાને ના પાડી હશે એટલે તેઓ ગાડીની પાસે આવીને અંનાને કહેવા લાગ્યા

" અંમા ! સલામ "

" જીવતા રહો, દીકરા ! તમારૂં શું નામછે ? કયાં રહો છો ? કયાંથી આવો છો ? અમો પરદેશીને શું કહેવા ચાહો છો ? " અંનાએ એકી વેળાએ સવાલો કર્યા જેના જવાબમાં નીચી નજરેજ શેખ રઝીઉદ્દીન બોલ્યા.

" હું કાનપુરનો વકીલ છું, અહીં મારી દુકાન છે. તેથી કોઇ કોઇ વખતે કામકાજ જોવાને આવી જાઉં છું રસ્તામાં તમારાં નવાસાની મુલાકાત થઇ, તેમની વાતોથી જણાયુંકે આપ અહીં ધંધા રોજગારના

માટે આવેલા છો. એમના ચહેરાઉપર થી જણાય છે કે આપ કોઈ ખાનદાની કુટુંબના ત્ખાના મારયા દેશ મુકીને આવ્યા છો માટે મારા ગરીબખાના ઉપર ચાલો જ્યાં સુધી કોઇ સારો ધંધો મળે નહીં ત્યાં સુધી રહેજો. હું પોતે પણ અહીં મુસાફરની પેઠે છું પણ ઘર બાર ધરાવું છું. મેં આપના નવાસાને ગાડીમાંજ એ બાબે કહ્યું હતું પણ તેઓએ મારી વાતનો કાંઇ જવાબ આપ્યો નહી "

" દીકરા ! તમારી અમો મુસાફરો ઉપરની આ અનુપમ મહેરબાનીનો ખુદા તમને બદલો આપે. ખરેખર દરેક માણસે એક બીજાની આવીજ રીતે કાંઇ પણ ગરજ રાખ્યા વિના મદદ કરવી જોઇએ કોઇ આપણી આગળ સવાલ કરવા પામે તે પહેલાં તેને ફાયદો પહોંચાડવાની કોશીશ કરવામા આવે એ ઘણુંજ ઉત્તમ છે. મને આપની આ મેહરબાનીનો લાભ લેવામાં કાંઇ હરકત નથી કેમકે અમે જે વાતની ઇચ્છા ધરાવીએ છીએ તેજ આપવાની આપ માંગણી કરો છો પરંતુ હું દીલગીર છું કે મારા ડબામાં અત્રે વાળા નવાબ યુસુફ સાહેબના ઘરની બાનુઓ બેઠી હતી. રસ્તામાં વાતચીત થતાં તેઓએ મને પોતાને ઘેર લઇ જવાની ઓહોંસ કરી એટલે મેં તેમનો હેત જોઇને જવાની હામી ભરી દીધી. તેથી દીકરા ! અત્યારે તો હું મારા નવાસાની સાથે એમને ત્યાં જાઉં છું. અગર ત્યાં મને ઠીક નહીં પડે તો હું આપને ખબર આપીશ."

આટલી વાત ચીત થવા બાદ રફીઉદ્દીન વિદાય થયા અને અમારી ગાડી ચાલી એટલે મેં અંનાથી પુછ્યું.

" હો, તમે આગળના માટે શું વિચાર્યું ? "

" હાલ તો કાંઇ વિચાર્યું નથી. જે પાક પરવર દિગાર એક

મુકીને એએ ઠેકાણાં ઉતરવાના માટે તૈયાર કરી આપ્યા તેજ પરવર દિગાર બધી મુસીબતોને દુર કરી દેશે. જેવી રીતે શેખ રઝીઉદ્દીનની સાથે તારી મુલાકાત થતાં તેઓ તારાં ઉપર કાંઇ પણ લાભ વિના મહેરબાન થઇ ગયા તેજ રીતે મારા ડબામાં બેઠેલી નવાબ યુસુફની બાનુઓ મારા ઉપર મહેરબાન થઇ છે. એટલે હાલ તો એમને ત્યાં જઇએ છીએ. આગળ જે થશે તે જોઇ લઇશું."—

"વારૂ વાતચીત દરમ્યાન મારી વાત નીકળી હતી ?"

"નાં," અંના બોલી "હું પોતેજ કહેવાનો ઇરાદો કરતી હતી કે મારી સાથે મારો એક નવાસો અથવા નવાસી છે," પરંતુ ત્યાં નવાસો કહીને પછી તેને નવાસી કેવીરીતે કહી શકતી. અગર તેજ વખતે હું નવાસી કહેતી તો દીકરી જાતને પુરૂષોના ડબામાં કેમ બેસાડી ? આ બધા વિચારોના કારણે તારા વીશે કાંઇ પણ વાત કરી નહીં, હવે આ ગાડીમાં ઘેર પહોંચતાં સુધીનો વખત છે. તે દરમયાન જે કાંઇ વીચારવું હોય તે વીચારી લો."

અંના અને હું બંને જણાં વિચારોમાં લીન થયા અને મારા માટે શું કહેવું તેનો વિચાર કરતાજ હતા કે ગાડી થોભી અને થોડી વારમાં એક મોટા બારણામાં દાખલ થઇ નવાબનું ઘર આવી પહોંચ્યું અને અમે કોઇ વાત નક્કી કરી નહીં તેથી ભારે ચીંતા થઇ પણ અંનાએ ગાડીમાંથી ઉતરતાં મારો હાથ દબાવ્યો અને કહ્યું.

"બેટા ચિંતા ન કર, અલ્લાહ તઆલાના ઉપર ભરૂસો રાખ કેમકે "ઇન્નલ્લાહા અલા કુલ્લે શયઇન કદીર."

આટલું કહીને અંના ગાડીમાંથી ઊતરી અંદર મહેલમાં ચાલી ગઇ અને હું બહાર મરદાંનામાં રહી. મને તે વખતે ચારે બાજુએથી ચીંતાઓએ ઘેરી હતી. મેં વિચાર્યું કે હું પોતાને અંનાનો શું સગો બતાવું ? નોકર કહું કે નવાસો ? જો મેં નોકર કહયો અને અંના એ નવાસો બતાવ્યો તો એ પીડા. અને મેં નવાસો કહયો અને તેણીએ નોકર ઓળખાવ્યો તોએ પીડા. પહેલીજ વખતે મારૂં જુઠ ઉઘાડું પડી જતાં અહીંના લોકો મારા માટે કેવા વિચાર કરશે. આ ચિંતાના સબબે હું ભારે વમાસણમાં પડી હતી કે તરતજ મને શેખ સાદી શીરાઝી રહે૦ નો આ શેર યાદ આવી ગયો.

રાસ્તી મુજબે રઝાએ ખુદાસ્તં
કસ નદીદમ કેગુમ શુદઅઝ રહે રાસ્ત

બસ તેજ વખતે મેં મનમાં નક્કી કરી રાખ્યું કે અગર કોઇ મને પુછશે કે ડોશીથી તમારો શો સબંધ છે તો હું કહી દઇશ કે તેઓ મારી માના દુદુમા છે. અને મારા ધારવા મુજબ અંનાને પણ જુઠ બોલવાનું કાંઇ કારણ નથી તેણી પણ જરૂર સાચું બોલશે. અને જો કદાચ ધારો કે તેણીએ મસલેહતના સબબે ખોટું કહ્યું તો તેનો બોજો તેના માથા ઉપર છે. સાચું બોલતાં કોઇ વાતનું નુકશાન પણ થઇ જાય તો હરકત નહી, આ વિચાર કરીને મે નજર ઉપાડી તો એક ખુબસુરત નવજવાન છોકરાને મારી પાસે આવતો જોયો. પંદર સોલ વરસની વય હશે લીબાસ અને ચેહરા ઉપરથી તે આ ઘરના માલેકનો છોકરો હશે એમ જણાયું તેણે મારી પાસે આવતાંજ " અસ્સલામો અલયકુમ" કહ્યું. મેં સલામનો જવાબ ઘણાંજ ધીમે સાદે આપ્યો. એક નવજવાનની સાથે રૂબરૂમાં વાત ચીત કરવાનો પહેલોજ પ્રસંગ હોવાથી મને એમ જણાતું હતુ કે જાણે અહીંજ મારા

ગલામાં ફંસાદ પડશે અને હું ખુલ્લા દીલથી વાત કરી શકીશ નહીં.

"તમે દેખાવ ઉપરથી તો ગામડીઆ જણાતા નથી ફરી સલામનો જવાબ આપવામાં શરમની વાત કેવી ?" પેલા નવજવાને મારી પાસે આવીને મારા ચહેરાને ટીકતાં કહ્યું. "જ્યારે એક મુસલમાન બીજા મુસલમાનથી મળે તો મઝહબે મુકરર કરેલી "અસ્સલામો અલયકુમ" ની રસમ ખુલ્લા દીલે અદા કરવી જોઇએ "અસ્સલામો અલયકુમ" ના અર્થ "તમો પર અલ્લાહની રેહેમત થજો" ના થાય છે. એટલે જે માણસ તમોને આવી ઉત્તમ બખશેશના માટે આશીર્વાદ આપે તેનો બદલો "વાઅલય કુમસ્સલામ" કહીને તમારા તરફથી વાળવો જોઇએ છે, છતાં પણ જો તમે એમાં કંજુસાઇ કરો તો હસતા ચેહરે તેણે જે શબ્દો કહ્યા છે તેજ તમે પણ કહી દો. અત્યારે મને જણાય છે કે તમને મારા સલામથી કાંઇ પણ દુઃખ ઉપજ્યું નથી."

મને આ નવજવાનની વાતચીત પસંદ આવી અને જ્યારે તેની વાતચીત ઉપરથી જણાયું કે આ નવજુવાન મઝહબની માહીતી ધરાવનાર છે ત્યારે મને મારા મનમાં આશા બંધાઇ કે તેના તરફથી કોઇ પણ જાતની બુરાઇ જન્મ પામશે નહીં એટલે મેં ધરૂજતા સાદે અચકાતાં અચકાતાં કહ્યું.

"આપના ફરમાવ્યા મુજબ હું ગામડીઓ નહીં પણ આગરા શહેરનો રહીશ છું. હાલમાંજ રેલવેની લાંબી મુસાફરી કરીને "પારીસ શહેરમાં આવેલો છું, તેથી થાક તથા નવા ઉતારાની ચીંતાના સબબે જીવ ઠેકાણે નથી.' તેથી જો મેં આપના સવાલના જવાબમાં માણસાઇનો પુરેપુરો વરતાવ્ન ન કર્યો હોય તો આપ મને માફ કરશો. તે સાથેજ આપ આપના મુબારક નામથી જાણીતા કરશો

તો હું ઘણોજ આભારી થઇશ."

"મારૂં નામ યુસુફ છે અને મારા પિતાનું નામ યાકુબ"

"તો શું આપ આ મકાનના માલેક નવાબ યાકુબ સાહેબના દીકરા છો?"

"જી હા"

"હું આપને જોઇને ઘણોજ ખુશી થયો, આપ મારૂં નામ ઠામ દર્યાફત કરો તે પહેલાં હું પોતેજ કહેવાની રજા લઉં છું કે મારી અંના આપની અંમા સાહેબાની સાથે રેલવેમાં સ્ત્રીઓના ડબામાં બેઠેલી હતી. વાતચીત દરમીયાન એમને અંનાની વાતો પસંદ આવી એટલે તેઓ તેને પોતાની સાથે અહીં લાવ્યા છે. જ્યાં સુધી અંના અંદર જનાનખાનામાં છે ત્યાં સુધી હું અહીં બહાર ઉભો છું. મને આપ પોતાનો સેવક તાબેદાર, દાસ વગર આમંત્રણ કરેલો પરોણો સમજો. અને ચાહે તે નામથી પોકારો જ્યારે મારા આટલા બધા નામ છે તો ફરી આપને મારા અસલી નામની જરૂરત રહેશે નહીં"

મારી આ વાતચીતનો એટલો બધો અસર થયો કે તે ત્યાંના રીવાજ પ્રમાણે મારાથી મુઆનેકો (ગલે લગાવવાને) કરવા આગળ વધ્યો પણ મેં માત્ર હાથ મેળવીનેજ પતાવી દીધો. મને તેનાથી મુઆનેકો કરતા ઘણુંજ ખરાબ જણાયું. અંજાણ્યા પુરૂષના શરીરની સાથે પોતાનું શરીર અડકાડવું એક સ્ત્રીના માટે ભારે શરમ ભરેલું છે. બીજું યુસુફનો સુંદર ચહેરો, તેની ભોલી વાતો મારા મન ઉપર અસર કરી રહી હતી એટલે મને વિચાર આવ્યો કે કદાચ આ મુઆનેકો મારી ગુમરાહીનો દીબાચો ન બની જાય એટલા માટે મેં

હાથ મેળવીને શેક હેન્ડ કરવામાંજ પતાવી દીધું. જો કે એમ કરવાથી યુસુફને ખરાબ જણાયું પણ તે કાંઇ બોલ્યો નહીં. આ કાંઇ સલામ નહોતું કે તે મને ગામડીઓ બનાવત્તો. તે પોતે મઝહબી બાબતોથી જાણીતો હોવાથી સારી પેઠે સમજતો હતો કે મુઆનેકો કરતાં હાથ મેળવવો અફઝલ છે અને વગર દાઢી મુછ વાળી છોકરાથી તો મુઆ નેકો કરવો હરેક રીતે જોતાં મકરૂહ છે. યુસુફ મારી સાથે વાતચીત કરીને ઘરની અંદર ચાલ્યો ગયો અને કોણ જાણે ત્યાં શું વાતો થઇ કે તે થોડી વારમાં એક મીઠાઇ ભરેલી થાલી લઇને બહાર આવ્યો. હું તેના આ વીવેકથી લગાર અચકાઇ મેં મનમાં વિચાર્યું કે કદાચ અહીં મારૂં રહેવાનું થયું અને યુસુફની સાથે વધુ છુટથી મેલ મેલાપ રાખ્યો તો મારો ભેદ ખુલ્લો થઇ જવા વિના રહેશે નહીં, અને તેવી હાલત થતાં ભારે પીડામાં પડવું પડશે. યુસુફ મીઠાઇની થાળી અને પાણીનો ગલાસ લઇને બહાર આવ્યો અને મને જબરાઇથી તે મીઠાઇ ખવાડી. હું ના કહેતીજ રહી પણ તે મને ખવાડતો ગયો. તે બાદ આખો દીવસ આમ તેમની વાતોમાં પસાર થઇ ગયો અને રાત પડી એટલે મારી ચીંતામાં વધારો થયો. ખુદાના હજાર શુકરાનાકે ઇશાની નમાઝ પહેલાં મારા કાનમાં આ અવાજ આવ્યો કે મારા માટે જનાનખાનાની દેવડીની મેડી ઉપર સુવાનો બંદોબસ્ત કર્યો છે મજકુર મેડી ઉપર જવાના માટે એક જનાનખાનામાં અને એક બહારમાં સીડી હતી. નોકરે મને ત્યાં પહોંચાડી દીધો અને હજુ દસ નહોતા વાગ્યા કે અંજ્ના ત્યાં આવી પહોંચી. અંજ્નાની સાથે ઘણીવાર સુધી વાતો થઇ તે વાતો શું હતી? ગુજરેલા સમયની યાદ,

ભવિષ્ય અને ચાલુ સમયની ચિંતા, એ વિના અમારા જેવા દુઃખી માણસોની પાસે બીજી કઈ વાતો હોય વાતો કરતાં કરતાં થાકના સબબે અમો બને ઉંઘી ગયા. આખી રાત વિચિત્ર ચીંતા ઉપજાવ નાર સ્વપનાઓ જોવામાં પસાર થઈ. નમાઝના વખતે આંખ ઉઘડી ચે..ના અંદર જનાનખાનામાં ગઈ અને હું મેડી ઉપરજ રહી. આ..એ જનાનખાનામાં અને મેં ત્યાંજ નમાઝ અદા કરી નમાઝ અદા કરવાપછી સુરજ ઉદય થવાને એક કલાક વીત્યો ત્યાં સુધી કુરઆને મજીદની તીલાવતમાં મશગુલ રહી. નવાબ સાહેબના ઘેરના બધા લોકો હમેશની ટેવ પ્રમાણે મોડા ઉઠયા અને અમને વહેલા ઉઠેલા જોઇ અચંબામાં પડયા. તે વખતે મારા અને યુસુફની વચ્ચે જે વાતચીત થઇ તે અત્રે લખું છું તે ઉપરથી વાચકો નવાબ સાહેબના ઘેરના માણસોના વિચારથી જાણીતા થઇ થકશે.

હું કુરઆને મસજીદની તીલાવત કરી રહી હતી કે એટલામાં યુસુફ આંખો ચોળતાં આવ્યો અને મારી પાસે બેસીને ઝુઝુકરી સવારની નમાઝ કઝા ભણી તે બાદ ઘરની દાસી નાશતો લાવી, યુસુફ નાશતાને હાથ ન લગાડતાં ગુપચુપ બેસીને કુરઆન સાંભળી રહયો હતો. આ જોઇને હું સમજી ગઇ કે તે મારી ઇંતેજારી કરે છે તેનું મારી સામે ટીકી ટીકીને જોવું અને ભારે શોખની સાથે કુરઆન સાંભળવું મને સારૂં લાગ્યું નહીં, પારકા પુરુષની આગળ મેં કદી આવી રીતે બે ધડક બેસીને કુરઆન ભણેલું ન હોવાથી મારા ચહેરા ઉપર શરમના ચીન્હ જણાવા લાગ્યા પણ ફરી મેં મારા મનને સમજાવ્યો કે યુસુફ મને પુરૂષ સમજે છે અને તે સ્ત્રી સમજીને મને જોતો નથી તેથી લગાર શરમ દુર થઇ તો પણ આગ

મનમાં ચોર હોવાથી યુસુફ નું જોવું સારૂં લાગ્યું નહીં. એટલામાં જનાનખાના ની સીડી પાસે મને કોઇના આવીને ઉભા રહેવાનો સંશય જણાયો જેથી હું સમજી ગઇ કે જનાનખાનાની બાનુઓ મારા જેવા પરદેશીને જોઇ અને તેની વાતો સાંભળીને તેના ચાલ ચલણ કેવા છે તેનો અંદાઝો કરવાને અને કુરઆન સાંભળવાને આવી હશે. મેં થોડીવાર સુધી કુરઆનની તીલાવત જારી રાખી અને તે પછી યુસુફ મને કહેવા પામે તે પહેલાં હું નાશતો કરવાને તેની સાથે બેસી ગઇ. નાશતો કરતી વખતે મેં જોયું કે યુસુફ મારી સાથે વાત કરવા ચાહે છે તેથી મેં પણ તેની સાથે વાતચીત કરી, તે કેવા વિચારો ધરાવનારો માણસ છે તે તપાસવાનું નક્કી કર્યું તેમજ સીડી ઉપર ઊભેલી બાનુઓ હું કેવી છું તે જાણે એટલા માટે મેં વાતો કરવા માંડી. વાતોના પ્રસંગમાં યુસુફે મને પુછ્યું.

"આપને મુસાફરીની થાક હતી અને રાતે મોડા સુતા હતા છતાં આપ વહેલા કેવી રીતે ઉઠી ગયા ?"

"મને સવારમાં વહેલા ઉઠવાની ટેવ છે એટલે હું ગમે તેટલો મોડો પથારી ઉપર જાઉં પરંતુ જે ટેવ પડી છે તેનાં નીયમમાં ફેર પડશે નહીં."

"સવારમાં વહેલા ઉઠવાની ટેવ કેવી રીતે પડી ?"

આ સવાલથી મને લગાર હસવું આવ્યું એટલે મેં હસતા હસતાંજ કહયું.

"મારી અમ્મા જાન મઝહબના ઘણાજ પાબંદ હતા. સવારની નમાઝ સુરજ ઉદય થવા પહેલાં પઢવી જોઇએ. પથારીમાંથી ઉઠયા બાદ જરૂરી બાતોથી પરવારી, હાથ મોઢું ધોવામાં વખત જાય છે

તેથી મારી અંમાનો ઘણાજ વહેલાં ઉઠવાનો નીયમ હતો. જેમ દરેક મઝહબી વિચાર ધરાવનાર માણસોનો અથવા બીજા શબ્દોમાં કહીએતો દરેક સાચા મુસલ્લમાનનો નિયમ હોવો જોઇએ. દરેક મા બાપ ઉપર પોતાની ઓલાદને મઝહબી બાબતોનું શિક્ષણ આપવાની ફરજ રહેલી છે. મારી અંમાએ મને નાનપણથીજ મઝહબી વાતોનું અને પાંચ વખતની નમાઝ તેના બરાબર વખત ઉપર ભણવાનું શિક્ષણ આપેલું હોવાથી મને પણ મારી અંમાની સાથે વહેલા ઉઠવાની ટેવ પડેલી હતી અને આ ટેવ હમેશા સુધી રહેશે. જેવી રીતે આપને સુરજ ઉદય થવા પછી ઉઠવાની ટેવ છે તેવીજ રીતે મને સુરજ ઉદય થવાનાં પહેલાં ઉઠવાની ટેવ પડેલી છે."

'તો શું આપને સવારમાં વહેલાં ઊઠવામાં તકલીફ નથી થતી ?"

"લગારે નહીં, હું આપને પહેલાંજ કહી ચૂકયો છું કે વહેલા ઉઠવાની મને ટેવ પડેલી છે તેથી કોઇ વખતે અગર હું નિયમ કરતા મોડો ઉઠું છું તો તબીયત ઘણીજ સુસ્ત રહે છે,"

'વાહ આ તો તદન ઉલટું છે"

આપને ઉલટું લાગતું હશે." મેં હસતા હસતા કહ્યું "જેવી રીતે આપને વહેલા ઊઠવાથી ઉલટું જણાય છે તેવીજ રીતે મને મોડાં ઉઠવાપર અજાયબી થાય છે. હુ પોતે વહેલો ઉઠું છું એટલે વહેલા ઉઠવાની હું તરફેણમાં છું તેથી જાણી જોઇને તેને ઊતમ સાબીત કરૂં એમ કાંઇ સમજવાનું નથી. બલકે વહેલા ઉઠવાના બાબમાં હું દાખલા દલીલો તથા સાબેતી ધરાવું છું."

"વળી વહેલા ઊઠવાના બાબમાં તો દાખલા દલીલો અને સાબીતીઓ કેવી ?"

'જુઓ સાંભળો " મે યુસુફને સવારે વહેલા ઉઠવાના ફાયદાઓની સમજ પાડતાં કહ્યું "આપણા મઝહબમાં સવારની નમાઝ અદા કરવાનો વખત સુરજ ઉદય થવા પહેલાંનો રાખેલો છે તેથી વહેલાં ઉઠવા વિના નમાઝ વખ્તસર અદા થઇ શકતી નથી. આપ પોતે મુસલમાન છો એટલે આ વાતથી તો ઇનકાર કરી શકતા નથી. અલબતાં આપના ઇમાનમાં કમજોરી હોય તો તે જુદી વાત છે. પરંતુ એક મુસલમાનના ઘરમાં જનમ લીધેલો હોવાથી સવારની નમાઝના વખતના મસઅલાનો ઇનકાર કરી શકોજ નહીં, કદાચ સવારમાં વહેલા ઉઠવાના ફાયદા વિષે વિવાદ થઇ બેસે અને આપ પોતાના વિચારોના લીધે હઠ પકડીને બેસો અને કહો કે હું મુસલમાન નથી તો તે જુદીજ વાત છે. પણ હું આપને એક અકલી દલીલથી સમજાવું છું. અલ્લાહ તઆલાએ દીવસ કામકાજ કરવાને અને રાત આરામના માટે બનાવી છે. આ વાતને બધા જણાં સ્વીકારે છે. તેથી જો કોઇ માણસ દીવસે ઉંઘી જાય તો તેની તબીયત સુસ્ત બને છે અને જો રાતે ઉજાગરો કરે તો તેથી પણ તબીયત ખરાબ થાય છે. આ ઉપરથી સ્વભાવીક રીતે રાતે આરામ કરવાનું અને દીવસે જાગતા રહી કામ ધંધો કરવાનું સાબેત થઇ રહયું છે. વળી પાક પરવર દિગારે પણ પોતાના કલામે પાકમાં એને મળતુંજ ફરમાવેલું છે કે " રાત આરામના માટે અને દીવસ ધંધા રોજગારના માટે " આ ઉપરથી સમજવું જોઇએ કે રાત પુરી થાય અને સવારનો વખત આવ્યો તો આરામ પણ વિદાય થઇ ગયો."

યુસુફે મારી વાતો તરફ પોતાના કાન અને ચેહરા તરફ

આંખો લગાવી રાખી હતી. તે મારી વાત ઘણુંજ ધ્યાન પુરવક સાંભળી રહયો હતો તેને આવી રીતે ધ્યાન પુરવક સાંભળતો જોઇ મેં મારી વાતને આગલ લંબાવતાં કહ્યું.

"ઉપરાંત બધી વાતોને બાજુએ મુકતાં સવારના વહેલાં ઉઠવા માટે આખી દુનીઆના ડાકટરો, હકીમો, વૈદો, વિદવાનો, ફીલસુફો શું કહી રહ્યા છે તે જોવું જોઇએ. આજ સુધી મારી નજરમાં આ લોકોમાંથી એકે પણ સવારમાં વહેલાં ઉઠવાની વિરૂધ્ધ કહ્યું હોય એમ જોવામાં આવ્યું નથી. તંદુરસ્તીના માટે સવારની તાજી હવાને બધાએ વખાણી છે અને જે લોકો સવારમાં વહેલાં ઉઠતાં નથી તેઓમાં હીમ્મત, દરઢતા, ચપળતા, વિગેરે જોવામાં આવતી નથી. ઇતીહાસના પાનાઓ ઉઠલાવશો તો જણાઇ આવશે કે ફતેહમંદ પ્રજાઓ સવારમાં વહેલાં ઉઠવાની સખતાઇની સાથે પાબંદ હતી. અરબ પ્રજામાં આ ગુણ હોવાના સબબેજ તે વીજય નીવડી હતી. અરબ કવીઓનાં કાવ્યો જુઓ ! જ્યાં તેલોકો બહાદુરીનું વરણન લખેછે ત્યાં તેઓ સવારનાં વહેલા ઉઠવાના ગુણને પણ વખાણે છે. આપનાજ બાપ-દાદાની સ્થીતી ઉપર નજર નાંખશો તો જણાઇ આવશે કે હીંદુસ્તા-નમાં આવ્યા પહેલાં સવારે વેહેલા ઉઠવાની બાબતમાં તેઓ ભારે મગરૂરી ધરાવતા હતા. પણ હવે આપની હાલતને જોતાં જણાય છે કે આપને સવારમાં મોડા ઉઠવા ઉપર મગરૂરી છે અને જેઓ વહેલા ઉઠે છે તેઓને નિરધન સમજવામાં આવે છે."

અહીં સુધી પહોચીને મેં યુસુફને ચુપચીપ બેઠેલો જોઇ પુછ્યું.

"હું અત્યારે જે કાંઇ બોલી રહયો છું તે આપને પસંદ પડયું કે નહીં. આપનો ચુપચાપ રહેવાથી હું સમૃજું છું કે મારી વાત આપને ગળે ઉતરી નથી."

" નહીં એમ નથી "

" અને જો કદાચ ગળે નહીં ઉતરી હોય તો હું કાલે ઉતારી દઇશ. "

" એટલે ? "

" તે કાલે કહેવામાં આવશે. પણ વારૂ એ તો કહો કે અપેં નમાઝનું શિક્ષણ કોની પાસેથી લીધું છે ? "

" વાહ જી વાહ " યુસુફ હસતા ચહેરે બોલ્યો. " હું ભોળો બટાક બનીને આપની વાતો સાંભળી રહ્યો છું તે ઉપરથી આપ મને બીલકુલ બેવકુફ સમજી બેઠેલા છો. જાણ્યામાં કાલે મેં સલામના જવાબનો જે મસઅલો આપને બતાવ્યો હતો તે ભુલી ગયેલા છો? મુસલમાન ગમે તેવો દીની બાબતોથી અજાણ હશે તો પણ તેનાથી નમાઝના બાબમાં આવી રીતે સવાલ કરવો વ્યાજબી નહીં ગણાય એમાં લગાર શક નથી. કે મારા ઘરમાં દીની બાબતોની ચર્ચા ઘણીજ ઓછી છે પણ તે ઉપરથી એમ સમજવું ન જોઇએ કે કોઇને નમાઝ ભણતા નથી આવડતી. અલબત્તાં હું દીની બાબતોનું કેટલું જ્ઞાન ધરાવું છું તે આપ પુછી શકો છો. જો આપ એવો સવાલ કરો તો હું જવાબમાં જણાવીશ કે મારા મોહલ્લામાં એક હાફિઝજી રહે છે જેઓ મોટા પરહેઝગાર અને નમાઝ રોઝાના પાબંદ છે. મારી સાથે તેમનો સારો સંબંધ છે હું દીવસનો મોટો ભાગ તેમની સાથે ગુજારૂં છું, અને જુમાની નમાઝ તેમની સાથે જુમામસ્જીદમાં જઇને અદા કરૂં છું. આ શહેરના નામાંકિત મૌલવી અબ્દુલ્લાહ સાહેબ જુમાની નમાઝ પછી વાઅઝ કરે છે. તેમાં હું દર અઠવાડીએ ભાગ લઉં છું. દીની પુસ્તકોનું શિક્ષણ લેવાનું મારાથી બની શક્યું નથી પણ લગભગ દીન-

ની સઘળી બાબતોથી હું માહીતગાર છું. મઝહબી બાબતો જાણવા માટે કાંઇ મઝહબી પુસ્તકો જોવા જરૂરી નથી મોલવી સાહેબ ઘણી વખતે વાએઝમાં ફરમાવે છે કે હઝરત મોહમ્મદ સલ૦ નાં સમયમાં કેટલાક અસહાબો બિલકુલ લખી વાંચી શકતા નહોતા પણ હઝરત મોહમ્મદ સલ૦ની મુબારક જીભથી જે કાંઇ સાંભળતા તેને યાદ રાખતા હતા અને તેનાં ઉપર અમલ કરતા હતા તેથી આજ કાલના વિદ્વાનો કરતાં તેઓ હઝાર દરજ્જે વધારે સારા હતા. જે માણસ મઝહબી બાબતોનું જ્ઞાન મેળવે તે આલેમ: કહેવાય છે અને જો તે જ્ઞાન પ્રમાણે અમલ કરે તો તે હઝારો કીતાબો ભણેલા મુલ્લાઓ કરતાં સારો છે. પણ મઝહબી બાબતો ધ્યાન પુરવક સાંભળવી વાંચવી તેના ઉપર લાંબો વિચાર કરવો અને અમલ કરવો જરૂરી છે હું મઝહબી બાબતો જાણું છું. પણ તેની ઉપર અમલ કરવામાં પછાત છું એ કબુલ કરૂં છું. મારા ઘરમાં સવારમાં વહેલા ઉઠવાની ટેવ નથી. બચપણથી આ ટેવ પડેલી હોવાથી તે તે છુટી શકતી નથી. મેં આ બાબતમાં મોલવી સાહેબથી પુછયું હતું તો તેઓએ જણાવ્યું હતું કે " જો તમે ધારશો તો વહેલા ઊઠી શકશો પણ પહેલાં એવો નિયમ રાખો કે સવારમાં ઉઠતાં વેંત નમાઝ અદા કરી લો અને એમ ન સમજો કે વખત ગુજરી ગએલો હોવાથી કોણ પઢે " તેથી હવે હું એજ વાત ઉપર અમલ કરૂં છું પરંતુ જો મોડા ઉઠવાની ટેવ દુર થઇ જાય તો ઘણુંજ સારૂં."

જે મુસીબતનાં સબબે મેં મારૂં ઘરબાર તજ્યું હતું તે હું ભુલવા પામી નહોતી. દુધનો બળેલો છાશ પણ ફુંકીને પીએ છે. મારી સ્થિતી એવી હતી કે હું મારા પોતાના પડછાયાથી નાસતી

તેમાં કાંઇ અજબ થવા જેવું નથી. પુરૂષના લીબાસમાં હોવાથી મારા જીવને લગાર નીરાંત હતી પરંતુ ઘણી વખતે અનેક વીચારો આવીને મને બહાવરી બનાવી મુકતા હતા. મને કેટલીક વખતે એવો વિચાર આવતો કે જો મારો પડદો ઉઘડી ગયો અને હું પુરૂષના વેષમાં સ્ત્રી છું એમ જાહેર થઇ ગયું તો આ શહેરમાં મારી આબરૂ બચાવવી મુશ્કેલ થઇ પડશે. મારા દીલમાં ચોર હોવાથી ઘણી વખતે વાત ચીતમાં નરજાતી બોલવાના બદલામાં હું મારી ટેવ પ્રમાણે નારી જાતી બોલી જતી તો શરીર કંપી ઉઠતું પણ જયારે હું જોતી કે કોઇએ તે ઉપર ધ્યાન આપ્યું નથી ત્યારે મારા મનને નિરાંત વળતી, ટુંકમાં એટલુંજ કે નવાબ યાકુબના ઘરમાં મેં એક દીવસ અને એક રાત મહા વેદના વચ્ચે ગુજારી. પહેલીજ મુલાકાતમાં યુસુફે " અસસલામો અલયકુમ " ના મસઅલા ઉપર વાતચીત કરતાં પોતાના મઝહબી જ્ઞાન વીશે જે ચરચા ચલાવી હતી તથી આગળ જતા એનાથી કોઇ જાતની ખરાબી નહીં નીવડે એવી ખાત્રી થવા માંડી હતી છતાં તેના ઘરમાં મઝહબી પાબંદીની ચરચા નહોવાના સબબે મને બેચેની પેદા થતી હતી. યુસુફે હાજી-ઝજીની સંગતમાં પોતાનું રહેવું વાઅઝમાં જવું એ બધાનું વરણન કરયું તો મને તેના તરફથી કાંઇ પણ બુરાઇ જન્મવા નહી પામે એવો ભરૂસો પેદા થયો. કેમકે મને નહાનપણથી જે શિક્ષણ આપવામાં આવ્યું હતું તેનો હેતુ એજ હતો કે મઝહબી પાબંદીનો માણસ અથવા જે માણસ ખુદાનો ડર રાખે છે તે વગર કારણે કોઇને પણ દુઃખ આપી શકતો નથી. મારે યુસુફ કેવા પ્રકારનો માણસ છે તેજ તપાસવાનું હતું, અને તેના વીવેચનથી મને જણાયું કે તે એક મઝહબી પાબંદી ધરાવનારો માણસ છે.

મેં તે આખો દીવસ ખુશીમાં પસાર કરયો પરંતુ મેડી ઉપરથી નીચે ઉતરી નહીં. યુસુફે બપોરનું તથા રાતનું ખાણું મારી સાથે ખાધું. મારી સાથે હળી મળીને ખુલ્લા દિલે વાત કરવા ચાહતો હતો પણ મેં તેની સાથે વાત કરવાના બહાના કરયા અને આખો દીવસ કુરાને મજીદનો તરજુમો વાંચવામાં પસાર કરી દીધો.

બીજે દીવસે હું નમાઝને વખતે ઉઠી અને હું નમાઝથી પરવારી મેડી ઉપરથી નીચે ઉતરી તો જોયું કે યુસુફ પોતાના ઓરડામાં ભારે ઉંઘમાં પડેલો છે. મેં તેના મોંહડા ઉપરથી ચાદર દુર કરી તો તેનો ભોલો ચહેરો નજરે પડયો અત્યારે મારા મનમાં આવ્યું કે રૂમાલ પાણીમાં પલાડીને તેના ચહેરા ઉપર ફેરવું પણ મઝહબી કેદે મને તેમ કરતા અટકાવી એટલે મેં રૂમાલને પાણીમાં તર કરીને તેના ચહેરા ઉપર દુરથી મુકી દીધો તેણે તરતજ આંખો ઉઘાડીને જોયું અને કાંઇ બોલવા ચાહતોજ હતો કે નીદના સબબે તેણે પાછી આંખો બંધ કરી લીધી. લખનઉવાલા લોકો ઘણાં તકલ્લુફ વાલા હોય છે અને તે તકલ્લુફ બનાવટની હદ સુધી પહોંચેલું હોય છે એમ મેં સાંભળેલું તથા આ બે ત્રણ દીવસમાં જોએલું હોવાથી મેં યુસુફને જગાડવાની બીજી યુકતી કરી. એટલે ફરી બીજી વાર રૂમાલ તેનાં ચહેરા ઉપર મુકી દીધો અને જ્યારે તેની ઠંડકથી તેણે આંખો ઉઘાડીને જોયું કે મેં તરતજ તેનો અંગરખો ખીટીમાંથી લઇને તેની આગલ ધરયો એટલે તે તકલ્લુફની ટેવના સબબે પલંગ ઉપર ઉઠીને બેઠો અને અંગરખો મારા હાથમાંથી લઇ લીધો મારી યુકતી કારગર નીવડી જોઇ મેં તેના જોડા સીધા કરીને પલંગ પાસે મુકી દીધા એટલે

તે અગરખાને મુકી મારા હાથમાંથી પગરખા લઇ લેવા માટે આવ્યો. હવે તેની આંખોમાં નીંદ રહી નહોતી. જો હું આવી રીતે કામ ન લેત તો તેનું ઉંઘમાંથી બેદાર થવું મુશકેલ હતું. આગલે દીવસે મેં જોયું હતું કે સુરજ ઉદય થઇ જવાના એક કલાક પછી એક નોકરે યુસુફને જગાડવાની કોશીશ કરી અને જ્યારે તે પંદરવીસ મીનીટ સુધી ત્યાં ઉભો રહી જગાવતો ન રહયો ત્યાં સુધી યુસુફે આંખ ઉઘાડી નહોતી. ટુંકમાં એટલુંજ કે યુસુફે તરતજ વઝુ કરીને નમાઝ પઢી તે મારી સાથે નમાઝ ભણવા ચાહતો હતો પણ હું નમાઝથી પરવારી ચુકી હતી. મને ખાતરી હતી કે મારી સાથે નમાઝ ભણવાની ઇચ્છા કરશે કેમકે જમાઅતની સાથે નમાઝ ભણ્યાના સવાલને તે જાણતો હતો પણ મારૂં શરીર તેના શરીરને અડકે તે મને બીલકુલ પસંદ નહોતું. જ્યારે યુસુફ નમાઝ અદા કરી ચુકયો ત્યારે હું તેને સાથે લઇને મેડી ઉપર ગઇ. મેડીની ઓરડીની આગળ એક મોટી અગાસી હતી. ત્યાં અમો બંને જણાં સવારની ઠંડી પવનની લહેરીઓનો આનંદ ભોગવવા લાગ્યા. હજુ આકાશ ઉપર કોઇ કોઇ જગ્યાએ તારાઓ મોજુદ હતા. તેથી તેઓનો ઓછો થતો પ્રકાશ ભારે આનંદ આપી રહયો હતો. યુસુફને આવા ખુશનુમા સમયે ભાગ્યેજ ઉઠવાનો સમય મળેલો હોવાથી તે આવા આનંદી સમયને નિહાળી ખુશી થતો બોલ્યો.

" આહ ! કેવો ખુશનુમા સમય છે. આવો સમય મેં કદી જોયો નહોતો. હું ધારૂં છું કે અત્યારે જે બહાર મારા ઝુંપડામાં છે તે ભાગ્યેજ કોઇ મોટા બગીચામાં હશે "

" તમારા ઝુંપડામાં માત્ર અત્યારેજ આ બહાર હોય એમ નથી બલકે તે દરરોજ હોય છે પરંતુ તેનો આનંદ મેળવવા માટે, સવારનું વહેલું ઉઠવું જરૂરી છે. "

" ખરેખર !" યુસુફ આનંદથી મલકાતો બોલ્યો. " રાત દીવસમાં માત્ર આ એકજ એવો વખત છે. આ વખતે જે માણુસ સુઇ રહે છે તે ખુદાની બહુ મોહટી બખશીશથી બે નસીબ રહેવા પામે છે. અત્યારે મારૂં શરીર હલકું ફુલ જેવું જણાય છે. ઠંડી પવનની લહેકીઓના સબબે રૂહમાં તાજગી આવેલી જણાય છે આ વખતનો પવન તંદુરસ્તી માટે અકસીરની ગરજ સારે તો તેમાં નવાઇ નથી. અત્યાર સુધી હું એમજ સમજતો હતો કે સવારની ઉંઘમાં ઘણીજ લજ્જત મળે છે પરંતુ આજે ખબર પડી કે જાગવામાં તેના કરતાં હઝાર દરજ્જા વધારે આનંદ પ્રાપ્ત થાય છે. સવારના પહોરમાં આરંભેલું કામ સીધ્ધ થવુંજ જોઇએ. જ્યારે સવારના સુવાથી આનંદ થાય છે તો ફરી તેના જાગવામાં કેટલો બધો આનંદ મળવો જોઇએ. ખરેખર જે લોકો આવા ખુશનુમા સમયને ઉંઘવામાં પસાર કરી દે છે તેઓ ઘણાંજ મોટા કમન-સીબ છે.

"મુસલમાનોના માટે તો ખુદા તઆલાએ સવારની નમાઝ ફરઝ કરેલી હોવાથી તેઓ આવા ખુશનુમા સમયનો લહાવો લઇ શકે છે, પણ તેઓમાં આજકાલ નમાઝની ચરચા જોઇએ તેવી નહોવાથી તેઓ બે નસીબ રહી ખુદાની ઉતમ બખશીશનો લાભ મેળવી શકતા નથી "

" હા, એમજ છે. મનેજ જુઓને ? જો કે હું તો નમાઝનો પાબંદ છું છતાં કોઇ દીવસે પણ વખત ઊપર નમાઝ અદા કરી શકયો નથી જેથી આવા ખુશનુમા વખતથી બેનસીબ રહયો છું."

" મુસલમાન ગમે તેવો માલદાર કે એશ પસંદ હોય છતાં તે મુસલમાન છે તો તેના ઊપર સવારનું વહેલું ઉઠવું અને નમાઝનું

વખત ઉપર નમાઝને અદા કરવી ફરજ છે. હારૂન રશીદ જેવો એશ પરસ્ત શહેનશાહ પણ સવારની નમાઝ તેના વખત ઉપરજ અદા કરતો હતો. બીજા ધરમ વાળાઓમાં કદાચ મઝહબી ફરજ અદા કરવાનો સવારનો સમય ન હોવાના સબબે તેઓ આ ખુશનુમા સમયનો લાભ લઇ ન શકે પણ એક મુસલમાનના માટે જેમ જુઠ્ઠ બોલવું, વ્યભીચાર કરવું, ચોરી કરવી અને એવીજ રીતે બીજી ખરાબ આદતો કરવી મોટો ગુનાહ છે તેમ સવારમાં મોડુ ઉઠવું પણ ગુનાહનાં લગભગ છે જેવી રીતે ચોરી વ્યાભીચાર જુઠ વિગેરે તેની સચ્ચાઇ અને ઇમાનદારીનો નાશ કરે છે તેવીજ રીતે મોડાં ઉઠવાથી તેની હીમ્મત અને ચપળતામાં પણ ફેર પડી જાય છે. ”

અમે આ વાતો કરી રહયાજ હતા કે બહાર રસ્તામાં એક હીંદુ ભયરવી રાગણીમાં ભજન ગાતો પસાર થયો. યુસુફ આ સાંભળતાંજ બેચેન થતાં બોલ્યો

“ અહા કેવું સરસ ગાય છે ? ગળામાં લચક કેવી છે ? એમને ત્યાં ભજન ગાવું પણ એક ઇબાદત છે ચાલતો જાય છે અને ભયરવીની તાનો ઉડાવી ઇબાદત કરી રહયો છે. સુઇ રહેવા કરતાં તો આવી રીતે ઉઠીને ગાવું લાખ દરજ્જા વધારે સારૂં છે. અગર ખુદાની તરફ ધ્યાન લગાવીને ગાવામાં આવે તો તે પણ એક ઇબાદત છે ઇબાદતનું મુળ ખુદાની તરફ ધ્યાન લગાવવું છે. ”

“ ખુદાતઆલાએ ઇબાદત કરવાનો જે ઉતમ રસ્તો જોયો તેમાં ઇબાદત કરવાનું ફરજ કરી દીધું. જેમકે નમાઝ, નમાઝ અદા કરવામાં જે આનંદ મળે છે તેનાથી માણસ વાકેફ થઇ જાય તો ભયરવીની તાનો કરતાં તેને નમાઝમાં વધુ મઝા મળે છે. પણ ખાસ ધ્યાનની

સાથે નમાઝમાંજ લીન થઇ જાયતો. નહીં તો કાંઇ પણ મઝા મળતો નથી. કેટલાકનો તો એવો મત છે કે જો ખાસ ધ્યાન લગાવીને નમાઝ ભણવામાં ન આવે તો તેની ગણત્રી નમાઝમાં થતીજ નથી. ખાલી ઉઠવા બેસવાથી શું લાભ ? ઉપરાંત નમાઝ સિવાયના વખતમાં પણ અલ્લાહમાં ધ્યાન લગાવવું અને તેનીજ યાદમાં રહેવું ખાસ ઇસલામની શાન છે માત્ર હીન્દુઓ તો શું પણ જો ન્હાય કોઇ મુસલમાન પણ પોતાના માલેકની યાદમાં ધ્યાન લગાવીને ભજની તાનો લઉડાવે તે અલ્લાહનું ધ્યાન ન લગાવવા કરતાં હુજાર દરજ્જા વધારે સારૂં ગણાવુ જોઇએ છે."

હુ અહીં સુધી પહોંચીને ચુપ થઇ. રસ્તામાં જનાર હીંદુએ એવા દરદ ભરયા દિલથી ભયરવીની તાન ઉડાવી હતી કે મારૂં દિલ પણ બેચેન થઇ રહ્યું હતું. તેજ વખતે મેં કુરઆને મજીદ ખોલીને એક રૂકુની બિલકુલ અરબી લેહજામાં તીલાવત કરી. મારા અબ્બાએ કુરઆને મજીદના એક સારા કારીને રાખી મને કુરઆને શરીફની તાલીમ અપાવી હતી જેથી મને પોતાને મારા કુરઆન ભણવા ઊપર ભારે મગરૂરી હતી. અત્યારે સવારના શાન્ત સમયમાં એવા અસરકારક લેહજામાં મેં કુરઆને મજીદની તીલાવત કરી કે યુસુફ બેતાબ થઇ ગયો. રસ્તામાં જનાર હીંદુના ભજનથી તે બેચેન થઇજ રહયો હતો પણ મારા કુરઆન ભણવાથી તો તેની બેચેનીનો પાર રહયો નહીં. આવી રીતે યુસુફને બેચેન બનેલો જોઇ મને તેની ભલમનસાઇ અને ચહસ્થાઇની ખાત્રી થતી ચાલી કેમકે જેના દીલમાં દરદ હોય છે, જેનું દિલ નરમ હોય છે તે કદી પણ દગાબાજ હોતો નથી. તેથી મને યુસુફના તરફથી જે થોડી ઘણી ખુરાક

જન્મતાની ધાસ્તી હતી તે દુર થઇ ગઇ. મને અત્યાર સુધી યુસુફ એક સારો સુરીલો કંઠ ધરાવનાર અને સંગીત શાસ્ત્ર એટલે ગાયન કળાથી જાણીતો છે તેની ખબરજ ન હોતી. મેં કુરઆનનો રૂકો પુરો કર્યો એટલે તરતજ તેણે ભયરવીમાં એક તાન લગાવી. યુસુફે એવી સરસ રીતે તાન પલટાની સાથે ગાણું ગાયું કે મને મારા શરીરનું લગારે ભાન રહ્યું નહીં. ઘણી વખતે મારા મનમાં આવ્યું કે હું એને જઇને બાઝી પડું તે વખતે હું બીલકુલ બેભાન અવસ્થામાં હતી. મારા મગજમાં જે શરીઅતના વિચારો ભરેલા હતા તે એક પછી એક દુર થવા લાગ્યા. પણ મેં તરતજ મારી સ્થીતી પારખી લીધી. નઇતિક શકિતએ મદદ કરી અને હું ભાનમાં આવી ગઇ ખરેખર જે લોકો ગાયન કળાને જાદુની ઉપમાં આપે છે તેઓ પોતાની માન્યતામાં ખરા છે ગાયન એક જાદુ છે અને જે માણસ જાતી ઉપરાંત જનાવરોના મન ઉપર પણ અસર કરી શકે છે ખુદાનો શુક્ર કે યુસુફે આફતાબના સોનેરી કીરણો અગાસી ઉપર પથરાતાંજ ગાણું બંદ કર્યું. ગાણું બંદ થતાં મને મારી સ્થીતીનું ભાન થયું એટલે મારા પસતાવાનો પાર રહયો નહીં યુસુફ ખુબસુરત જુવાન હતો. પહેલાંજ દીવસે તેની વાતોએ મારા દિલ ઉપર અસર કર્યો હતો. અને આ એક બે દીવસની મુલાકાતથી તે અસરમાં વધારો થયો હતો. અત્યારના ગાણાએ તો જાણે બળતા ઉપર તેલનું કામ કર્યું હતું. જેવી રીતે યુસુફ જુવાન હતો તેવીજ રીતે હું પણ સમજમાં આવી ચુકી હતી. યુસુફનાં ગાણાએ મારા મન ઉપર મજબુત અસર કરયો અને યુસુફની તરફ મારી લાગણી ઉશકેરાઇ પણ જ્યારે મને મારી સ્થીતીનું ભાન થયું ત્યારે ભારે પસ્તાવો

થયો. મે પાક પરવર દીગારની જનાબમાં તવબા કરી અને પાક પરવરદિગારે મને કાંઇ પણ સાહસ કરતાં બચાવી લીધી તે માટે લાખો શુકરાના અદા કર્યા. એક જુવાન પુરૂષની સાથે એકાંતમાં એક જુવાન બાળાનું બેસવું અને હળી મળીને રહેવું કેટલીક વખતે કેવા પરિણામ ઉપર પહોંચાડે છે તે મને મારા અનુભવ ઉપરથી સહેજમાં જણાઇ આવ્યું. જો કે અત્યારે યુસુફ મને પુરૂષ સમજી રહયો હતો તેથી તેના તરફથી લગારે છેડ છાડ કરવામાં આવી નહોતી પણ જો તેણે મને પારખી લીધી હોત અને મારા મનમાં રમી રહેલી વાતોની જાણ તેને થઇ હોત તો તેવા સમયે તેના પોતાના વિચારો કેવા પરિણામ ઉપર પહોંચતાં તે સહેજમાં સમજી શકાય છે. ટુંકમાં એટલુંજ કે મેં આયંદા કોઇ પણ પુરૂષની સાથે એકાંતમાં મુલાકાત નહીં લેવાનો ઠરાવ કર્યો.

યુસુફ અને હું અગાસી ઉપરથી મેડીમાં આવ્યા એટલે મેં મારા મનને શાન્ત કરવા સારૂ કુરઆને મજીદની તીલાવત શરૂ કરી દીધી. યુસુફ મારી સામે બેસીને સાંભળવા લાગ્યો આ જોઇને મેં મોટેથી ભણવું મુકી માત્ર મનમાં ભણવા લાગી. યુસુફ મારા આમ કરવાથી તે જગ્યાએથી ઉઠીને ચાલ્યા જવાના બદલામાં મારા ચહેરા સામે ટીકીને જોવાથી મને ધભરાટ થવા લાગ્યો મેં મારા ગભરાટને રોકવાની કોશીશ કરી પણ જ્યારે હું રોકી શકી નહી ત્યારે મેં યુસુફને ત્યાંથી ઉઠી જવાનો ઇશારો કર્યો. તે બીચારો મારા ઇશારાથી ઉઠીતો ગયો પણ તેનું ઉઠવું મને ભારેજ લાચારી વાળું જણાયું તેથી મને પોતાના અવીવેકી પણા ઉપર અફસોસ થયો.

યુસુફના જવા બાદ જે બનાવ બન્યો તે ખાસ સાંભળવા લાયક છે.

એના મારા માટે નાસ્તો લઇને આવી અને જ્યારે તેણીએ મારા ચહેરા ઊપર ગભરાટના નીશાન જોયા ત્યારે અધીરાઇથી ગભરામણનું કારણ પુછ્યું જેના જવાબમા મેં 'આજે વીતેલી બધી હકીકત કહી સંભળાવી અને છેવટમાં જણાવ્યું કેઃ—

" હવે હું પરદામાં રહીશ કેમકે પુરૂષને સ્ત્રીની તરફ અને સ્ત્રીને પુરૂષની તરફ એક કુદરતી રીતે ખેંચાણ છે. અને આ કુદરતી ખેંચાણ ભારે શકિત ધરાવે છે. જેણે લોહચુંબક અને લોખંડના કટકાની ખેંચાણ શકિતને જોઇ છે અથવા જેઓને આ બાબતનો અનુભવ થએલો છે તેઓ સારી પેઠે મારા મતલબને સમજી શકે છે. જે બાળાઓ આજે માની ગોદમાં છે તેઓ કાલે બાર વરસના વયે પહોંચતા પૂરી જુવાનીમાં પણ આવી નહી કે શવહરની સોડમાં જીવોમાં આવી છે. અને હમેંશાં સુધી ત્યાંજ તેઓ સુખ દુઃખની જીંદગી ગાળે છે. કુદરતી રીતે આ વયે જે વિચારો જન્મે છે તેમનો તેણીઓને અનુભવ થઇ શકતો નથી જો કે મોટી વયે પહોંચતા કુદરતી ખેંચાણ શક્તિમાં ઘટાડો થઇ જાય છે. પણ એક સ્ત્રીના માટે પંદર વરસથી પચીસ ત્રીસ વરસની વયનો સમય ઘણોજ નાજુક પસાર થાય છે. ખુદાવંદે કરીમ દરેક સ્ત્રી પુરૂષને આ વયની અંદર આવતાં પ્રકાર પ્રકારના વિચારોથી બચાવે હું મારી આ વય દરમીયાન યુસુફની સાથે હળી મળીને રહેવાને બહુજ નુકસાન કારક લેખુ છે. એમાં યુસુફનો કાંઇ વાક નથી તે બીચારો તો મને પોતાના એક નાના ભાઇ સમાન સમજે છે. પણ મારી વય મને ચેતાવી રહી છે કે મારે યુસુફની સંગતથી બચાવું જોઇએ દરેક વખતે મનની હાલત એક સરખી રહેતી નથી. કોણ જાણે કેવો પ્રસંગ બની જાય અને શુંનું શું થઇ જાય તે વખતે વગર મોતે મરવું પડે

અંના ! દુનિઆનું ગમેતેવું અઘરૂં કામ હું કરી શકું છું. એક મોટી સંખ્યાના લશકરની કમાન આપવામાં આવે તો હું તે કામના માટે ઇનકાર કરૂં નહીં પણ એક નવજુવાનની આંખો સાથે આંખો મેળવવી કે તેની સામે જોવાને કહેવામાં આવે તો તે મારાથી કદી પણ થઇ શકશે નહીં. માત્ર મારાથીજ ન થઇ શકે એમ નથી પરંતુ આ વય એવીજ છે આ વયમાં જે નથાય તે ખરૂં. માટે મારી વયે પહોંચેલી દરેક બાળાઓએ આ સમયને ભારે સંભાળથી પસાર કરવો જોઇએ છે. હું એમ કાંઇ નથી કહેતી કે મારી વય વાળી બધી બાળાઓ પોતાના દીલ ઉપર કાબુ ધરાવી શકશે નહીં, પણ મોટી સંખ્યામાં નરમ દીલ વાલીઓજ નીકલશે. જે બાળાઓને નાનપણથી મઝહબી કેલવણી આપવામાં આવી છે અને નીતીનું શિક્ષણ આપેલું છે તેણીઓ ભાગ્યેજ જુવાનીના મદની શિકાર બની શકે છે પણ જે બાળાઓ માત્ર દુનીયાની કેલવણી પામી છે તેઓનું બચવું મુશકેલ જણાય છે. ઇસલામમાં પરદાનો રીવાજ ઘણોજ ઉત્તમ છે. માત્ર પડદાને સબબેજ બાળાઓનાં શીયળનો ઘણો બચાવ થઇ શકે છે. વલી જે મા બાપો પોતાની વયે પહોંચેલી બાળાઓનું શિક્ષણ જુવાન શિક્ષકોના હાથમાં મુકે છે. અથવા અભણ સ્ત્રીઓને તેમના રક્ષણનું કામ સોપે છે તેઓ બહુ મોટી ભુલમાં પડેલા છે. જાણ્યામાં તેઓને આ વયમાં જન્મ પામતા વિચારોની જાણ નથી અથવા તો અનેક જગ્યાઓએ આવી બાબતોના આવેલા પરીણામોથી તેઓ બીલકુલ અજાણ્યા જણાય છે. અંના ! આ બાબત ઘણીજ લંબાણ થતી જાય છે. અને તે ઉપર પુરતું વિવેચન કરવા જેટલો વખત નથી. માટે હું તેને ટુંકમાંજ પતાવતાં કહું છું કે મેં ગમે તેમ કરીને મરદના લીબાસમાં પોતાનું ર-

રક્ષણ કરવું પણ હવે તેમ કરી શકતી નથી. હમણાં એક કલાક પહેલાં મારી કેવી સ્થીતી થઇ હતી તે મારૂં મન સારી પેઠે સમજી શકે છે. અને તેણે સાબેત કરી આપ્યું કે એક સ્ત્રી પુરૂષના વેશને કદી પણ લાંબા સમય સુધી નભાવી શકતી નથી.'

"બેટા ચીંતા ન કર, અલ્લાહના ઉપર ધ્યાન રાખ. તેજ મુસીબતોને ટાળનાર છે. અત્યારે તારા જેવી સમજુ દીકરીની જીભથી આવી વાતો સાંભળવાથી મારી ઘભરામણનો પણ પાર રહયો નથી"

"મારી વાતો ગેર વ્યાજબી નથી. આજે મારા દિલ ઉપર જે અસર થયો છે તેજ અસરના પરિણામે આવી વાતો નીકળી રહી છે: માટે અંના ! ઉઠો જાવ અને મને મારા જનાના લુગડા લાવી આપો. મરદના લિબાસ અલ્લાહ મરદાનેજ મુબારક કરે, એમાં લગારે શક નથી કે એક સ્ત્રીને મરદાના લિબાસ મરદોના વારથી બચાવી શકે છે પણ આ લુગડાની અંદરવાળું દિલ મારા પોતા ઉપર જે વાર કરે છે તેનો શું ઇલાજ ?

"મેં તો પહેલાજ આ વાતના માટે ના કહી હતી પણ તમારા મજબુત વિચારના લીધે કાંઇ કહી શકી નહોતી."

"ખેર, ગઇ ગુજરી વાતોને યાદ કરવાથી શું ફાયદો ?" હવે કહો કે શું કરવું જોઇએ ? અહીં રહીને સ્ત્રીમાંથી મરદ બનવું મુનાસબ નથી અને પેલા સ્ટેશન ઉપર મળેલા રઝીઉદ્દીન ને ત્યાં સ્ત્રીના લિબાસમાં જવું એ ઠીક નથી માટે હવે શું કરવું ?

"અહીં રહેવું મુનાસબ નથી અને ત્યાં જવું ઠીક નથી એટલે હવે કરવું શુ ? મારો પણ એજ સવાલ છે"

"ઠીક ત્યારે ખુદા ઉપર ભરૂસો કરો આવા મુશકેલીના સમયમાંજ તે મદદ કરે છે. મેં મરદાના લિબાસથી તવબા કરી અને સ્ત્રીનો લિબાસ પહેરવાને તમો મનાઇ કરો છો એટલે ફરી શું થશે? તેજ માલીકે હકીકી કોઇ ત્રીજો રસ્તો કાઢયા વિના નહીં રહે જુઓ તો ખરા શું થાય છે."

હું આટલું બોલીને ચુપ થઇજ હતી કે તે પાક પરવરદિગાર મારી મુશકેલીનો અંત લાવ્યો. જનાનખાનામાં જવાના બારણા આગળ ખડખડાટ થયો અને તેના બંને દરવાજા ચોપટ ઉઘડી ગયા જેમાંથી યુસુફની માંસી હમીદા બેગમ અમો બંને વાતો કરતા હતા ત્યાં આવી પહોંચી અને મને બાઝી પડતા બોલી.

"બહેન! તમને પહેલી વખતે જોયા તે વખતથીજ મને શક હતો પણ કહેવાની હીમ્મત થતી નહોતી."

હમીદા બેગમના બે ધડક અંદર ચાલ્યા આવ્યાથી મને ભારે અચંબો થયો પણ ફરી તેમની વાતચીતથી જણાયું કે તેઓએ મારી અને અંનાની વાતચીત સાંભળી લીધી છે. મને અચંબામાં પડેલી જોઇ હમીદા બેગમ બોલ્યા

"જો તમારા મનમાં આ વાત આવી હોય કે મેં દરવાજાની પછવાડે ઉભા રહીને તમારી ખાનગી વાતો સાંભળી છે તો તેને હું દુર કરવા માંગું છું"

"નારે તે વાતનો લગારે ખ્યાલ નથી અગર આપે સાંભળી હોયતો એ શું? આપ અમારા જેવા પરદેશીઓનાં સરપરસ્ત અને આશરો આપનારા છો તેથી આપથી છાની રાખવામાં આવે એવી વાતો છેજ નહી."

અંનાએ કહયું એટલે મેં સવાલ કર્યો શું તમને બેગમ સાહેબે વાતો ગુપચુપ રીતે સાંભળી છે એમાં કાંઇ શક છે." મારા આ સવાલના જવાબમાં હમીદા બેગમે કહયું.

"હું એમ નથી કહેતી કે મેં તમારી વાતો સાંભળી નથી. મેં તમારી વાતો સાંભળી છે પણ ખાસ કરીને માત્ર વાતો સાંભળવા માટેજ હું ઉભી રહી હોઉં એમ નથી. કેમકે આવી રીતે ચુપકીદીથી કોઇની ખાનગી વાતો સાંભળવી તે દુરસ્ત નથી. અસલમાં વાત એ છે કે હું નાહણીમાં નાહી રહી હતી. ત્યાં તમારી વાતો સાફ સંભળાતી હતી. આ ઓરડા પાસેજ નહાણી છે. તેથી અહીં જે વાત કરવામાં આવે તે ચોખી રીતે ત્યાં સંભળાય છે મેં નહાવાનું શરૂ કરતાંજ તમારી વાતો મારા કાનમાં પડી હવે હું તમારી વાતોના માટે નહાવાનું મુકીને જઇ શકતી નહોતી તેથી લાચારીએ વાતો સાંભલી લીધી."

"તો તેમાં થયું શું?" અંના બોલી "અમો લોકોના સારા નસીબે અલ્લાહ તઆલાએ આપને આ વાતથી વાકેફ કરી દીધા."

આટલી વાતચીત પછી હમીદા બેગમ અંનાને અંદર જનાનખાનામાં પોતાની બ્હેન તે યુસુફની મા રહીમા બેગમની પાસે લઇ ગયા.

જ્યાં અંનાએ મારી બધી હકીકત કહી સંભળાવી જેમ જેમ અંના વાતો કરતી હતી તેમ તેમ બધાના મન ઉપર ભારે અસર થતો હતો છેવટે હમીદા બેગમ, રહીમા બેગમ અને બીજા નોકર ચાકરો ચોધારે આંસુએ રડવા લાગ્યા અને બધા મારા હમદરદ બની

ગયા જ્યારે અંના બધી હકીકત કહી રહી ત્યારે રહીમા બેગમ મારા ઓરડામાં આવ્યા તેમની પછવાડે ઘરની બધી બાનુઓ હતી. શરમના સબબે મારો ચહેરો જોવા લાયક થઇ ગયો હતો. શરીર ધ્રુજી રહ્યું હતું અને આંખો ઉંચી થઇ શકતી નહોતી. રહીમા બેગમે પયારની સાથે મારો હાથ પકડયો અને મને જનાનખાનામાં લઇ ગયા અત્યારે જે કાંઇ થયું તે મારી ઇચ્છા પ્રમાણે જ થયું હતું છતાં શરમના સબબે મારૂં આખું શરીર પરસેવામાં તરબોળ થઇ ગયું હતું.

મારા અંદર પહોંચતાં હમીદા બેગમની બાળ વિધવા દીકરી રશીદા પણ પોતાની મેડી ઉપરથી નીચે ઉતરી આવી. અમ્મા અને દીકરી બંને વિધવા હતા. રશીદાની વય ભાગ્યેજ ચઉદ વરસની હશે. તે એક ભલી અને ભોળી બાળા હતી. જ્યારે તેણીએ મને એક બાળા તરીકે જાણી ત્યારે તેણીની અજાયબીનો પાર રહયો નહીં. મને અકળાયલી ગભરાયલી જોઇને તેણીએ બધાની વચમાં મારો હાથ પકડયો અને પોતાની સાથે મેડી ઉપર લઇ ગઇ જ્યાં મેં પુરૂષનો વેશ ઉતારીને મારો સ્ત્રીનો લીબાસ પહેર્યો તે પછી મેં મારો ચહેરો આઇનામા જોયો અને બીજીઓને હસતાં જોઇ હું પણ હસવા લાગી. પરંતુ મારૂં દીલ અંદરથી રડી રહ્યું હતું. ગુજરેલી મુસીબતોના સબબે તે રડતું નહોતું પણ આયંદા કેવા કેવા સંકટોમાં ફસાવું પડશે અને કોણ જાણે મારા કરમમા શું લખેલું હશે તેની યાદે મને અત્યારે બહાવરી બનાવી મુકી હતી છતાં રશીદા જેવી ભલી સાહેલીની સંગતમાં ધીમે ધીમે હું મારૂં દુઃખ વીસરવા લાગી અને બે દીવસની અંદર તો રશીદા તથા મારા વચ્ચે સગી બહેનો કરતાં પણ વધારે હેતની ગાંઠ બંધાઇ ગઇ.

જ્યારે મારી અસલીયતની યુસુફને ખબર થઇ ત્યારે તેણી

અજાયબીનો પાર રહ્યો નહીં, તેણે ઘેરની દાસીઓમાં પુછ્યું કે "શું આપેદા ! મારાથી પરદો કરશે" તેણીઓએ જવાબમા જણાવ્યું કે "આ સવાલ તમારે આપેદાથી કરવો જોઇએ" એટલે તે મેડી ઉપર આવવા ને વધ્યો પણ જ્યારે બારણા આગળ પહોંચ્યો ત્યારે મેં બારણા બંદ કરી લીધા જેથી બહાર ઉભા રહીને બોલ્યો.

"શું હું આપથી મળી શકું છું ?"

"આ સવાલ મારાથી કરવો વ્યાજબી નથી મોલવીઓથી જઇને પુછો મેં જવાબમાં કહ્યું." આ શરીઅતનો મસઅલો હોવાથી આપણે એક બીજા આ સવાલનો નીવેડો લાવી શકતા નથી અગર, એક યુવાન સ્ત્રીની પાસે વગર કારણે આવવા જવાની વાતચીત કરવાની એક જુવાન પુરૂષને શરીઅતે છુટ આપી હોયતો વગર અચકાયે ચાલ્યા આવો નહીં તો ફરી સવાલ કરવાની જરૂરજ નથી આપ મુસલમાન હોવતો મુસલમાનોના માટે શરીઅતે જે કાયદા કાનુન બાંધ્યા છે તેની પયરવી કરો."

"શરીઅત કોઇ કાળે રજા આપેજ નહીં."

"તો ફરી આપ આપનો સવાલ પાછો ખેંચીલો"

"પાછો ખેંચેલોજ સમજોને

ન તુમ બરમેં, ન દિલ પેહલુ મેં રોયેં હાય કિસ કિસકો
મકામે શુક્ર હે દેખેં, ખુદા કયા કયા દિખાતા હે

આ શેર પઢતો પઢતો યુસુફ નીચે ઉતરી ગયો.

અત્યારે મને યુસુફનાં વિચારોનો રંગ બીલકુલ બદલેલો લાગતો હતો. તેથી મને ખાત્રી થઇ ગઇ કે તે મને હદથી વધારે ચાહે છે. પણ હું લાચાર હતી. યુસુફ તે દીવસનો ગયો ચોથે દીવસે

બહારથી ઘરમાં આવ્યો. તેના ગુમ થવાથી આખા ઘરમાં ભારે ગરબડ મચી રહી હતી અને જ્યારે તે આવ્યો ત્યારે બીલકુલ ઉતરેલે ચેહરે અને ગુમસુમ બનેલો આવ્યો ઘરની દાસીઓ તેની સ્થીતીનું વરણુન મારી આગળ કરતી તો મને જણાતું કે હમણાં તે પ્યારની પહેલી સીડી ઉપર છે. આખો દીવસ તે ગુપચુપ અને વગર વાત કરે પસાર કરતો હતે; આવનાર જનારની સાથે બોલવું ચાલવું, બંદ હતું ખાવા પીવાનું ઠેકાણું નહોતું. આવી હકીકત સાંભળીને મારા હોશ ઉડી ગયા આ વળી નવી આફત માથે આવી પડેલી હોવાથી મારી ચીંતાનો પાર રહયો નહી, ભાગ્યમાં શું લખેલું છે અને તે શું શું દેખાડે છે તેનાજ વિચારોએ મારા મન ઉપર કબજો કરી લીધો.

એક દીવસે યુસુફની અંમાની બેહદ તાકીદના લીધે યુસુફ જનાનખાનામાં આવ્યો મને ઘણીજ બીક લાગી કે રખેને યુસુફ કાંઇ બબડી નાંખે પણ તેની ચુપકીદીએ અમો બંનેની વાત રાખી લીધી. તે દીવસ હું સમજી કે આમાં યુસુફનો કાંઇ વાંક નથી. તે બાપડો જીભથી એક શબ્દ પણ બોલતો નથી અને પોતાના મનમાં કોઇ પણ તરેહની ખરાબ ઇચ્છા રાખતો નથી માત્ર કુદરતી ખેંચાણના સબબે લાચાર બનેલો છે અલબતાં તે આવી હાલતમાં કોઇ ન કરવા જોગ કામ કરી બેસતો કે એવી ઇચ્છા જાહેર કરતો તો તે એક જુદી વાત-હતી. અથવા મારે તેનાથી બીક રાખવી જોઇતી હતી. ખરી રીતે જોતાં તેનો લગારે કસુર નથી. અસલમાં પુરેપુરો વાંક મારોજ છે કે મેં બે ચાર દીવસ સુધી તેની સાથે મેલ મેલાપ રાખીને ફરી આમ એકાએક હું પરદામાં બેસી ગઇ. અથવા એમ કહેવું જોઇએ કે તેના ગળામાં ફાસો નાંખીને હું અલગ જઇને બેઠી.

અત્યારે વાચકોને હું યુસુફની વધુ હકીકત ન સંભળાવતાં મારી વહાલી સાહેલી રશીદાનું વરણન કરૂં છું.

બાબ ૪ થો.

રશીદાની વય ભાગ્યેજ ચઉદ વરસની હશે તે લગભગ મારી જેટલીજ વયની હતી. જુવાનીની બહાર શરૂ થઇ ચુકી હતી તેનો ચહેરો ભોળો ભોળો અને જોનારને પોતાની તરફ ખેંચનાર હતો નમ્રતા લાવણ્યતા ભલમનસાઇમાં તે પહેલે દરજ્જે હતી ટુંકમાં તે સદગુણો ની દેવી હતી અને એક ખાનદાની કુટુંબની બાળા જેવી હોવી જોઇએ તેવીજ હતી. હમીદા ચઉદ વરસની વયે પહોંચવા પહેલાં લગ્ન અને રંડાપાના સુખ દુઃખના દીવસો જોઇ ચુકી હતી તેનું લગ્ન - તેના મામાના દીકરા નુસરત બેગથી થયું હતું આ બંનેના વીવાહ બે બે વરસની વયમાંજ થઇ ચુંકયા હતા યુસુફની મા પોતાના યુસુફ જોડે રશીદાનુ લગ્ન કરવા ચાહતી હતી પણ પોતાના ભાઇના દીકરાની વાત બંધ બેસતાં તેણીએ વચમાં કુદી પડવાનું યોગ્ય ન જાણ્યું યુસુફની મા રહીમા બેગમ ને એક ભાઇ અહમદ બેગ અને એક બહેન હમીદા બેગમ હતી. બને બહેનો અને ભાઇ-માં ભારે હેત હતો. બધામાં રહીમા બેગમ પઇસા વાળી અને અ-મીરોની ગણત્રીમાં ગણાતી હતી. તેથી પોતાની વિધવા બહેન હમીદા બેગમને પોતાની સાથેજ રાખતી હતી. હમીદા બેગમ અને રહીમા બેગમ બંનેની ઇચ્છા રશીદાનું લગ્ન યુસુફની સાથે કરવાની હતી અને જો એમ થતું તો બન્નૈ આજે ભારે આનંદથી જીંદગી ગુજારતાં પરંતુ અહમદ બેગે પોતાના દીકરાની સાથે લગ્ન કરવાની

વાત કરેલી હોવાથી આ બંને બહેનોએ પોતાના એકના એક ગરીબ ભાઇનું મન રાખવા માટે ઇનકાર કર્યો નહીં. જે વખતે રશીદા પોતાની માના પેટમાં હતી ત્યારેજ જો દીકરી અવતરેતો તેના વીવાહની વાત એહમદ બેગે નકી કરી લીધી હતી. જાણે રશીદાની કીસમત તેના જન્મ પહેલાંજ તેના બુઝરગોએ નક્કી કરી રાખી હતી આ રીવાજ કેટલો બધો ખરાબ અને નુકશાન કરતા છે તે દરેક સમજુ માણસ સારી પેઠે સમજી શકે છે. કેટલાક કુટુંબોમાં હજુ પણ આવી રીતે લગ્નની વાતચીત નકી કરવાના રીવાજ છે. અત્યારે મને આ નુકસાન કારક રીવાજના સંબંધમાં વધુ વિવેચન કરવાનું ન હોવાથી હું મારી વાતને આગળ લંબાવું છું.

રશીદાના લગ્ન અને રંડાપાની ટુંક હકીકત એવી રીતે છે કે રશીદા અગીયાર વરસની થઇ ત્યારે તેના લગન નુસરત બેગથી કરવામાં આવ્યાં. નુસરત બેગને લગ્નની પ્રહેલાંથીજ ખહીનો જીવલેણ રોગ લાગુ પડી ચુકયો હતો પણ લગ્નનો લહાવો લેવાની હોંસમાં છોકરાવાલાઓએ કાંઇ ખ્યાલ ન કર્યો તો છોકરીવાલાની તરફથી પણ તે બુરા રોગ વિષે કાંઇ વિચાર કરવામાં આવ્યો નહીં. નાનપણથી રશીદા અને યુસુફમાં ભારે મોહોબ્બત હતી તેથી આગળ જતાં તે પ્યારનું રૂપ ન પકડે અને તેથી આગલ ઉપર લગ્ન કરવામાં વાંધો ઉઠે અને વાંધો ઉઠતાં પોતાના ગરીબ ભાઇ એહમદબેગને દુખ પહોંચે એવા નકામા વિચારે રશીદાને ધગધગતા ખાડામાં હોમી દીધી ટુંકમાં એટલુંજ કે રશીદાનું લગ્ન થયું અને લગ્નના છ મહીના પછી નુસરત બેગ ખહીના બુરા રોગનો ભોગ બની આ ફાની જહાનથી કુચ કરી ગયો અને રશીદાને બાળ વયમાંજ વિધવા બનાવી ગયો.

લખનઉમાં હું જુન મહીનામાં આવી હતી પુરો એક મહીનો વીતતાં બધા ઘરવાળાથી હું હળી મળી ગઈ હતી અને જાણે તેમનાં કુટુંબનીજ ન હોઉં એમ જણાતું હતું. રશીદા અને મારા વચ્ચે સગી બહેનો કરતાં વધારે હેતની ગાંઠ બંધાઇ હતી અને રાત દીવસમાં એક પલના માટે પણ અમે એક બીજાથી જુદાં થતાં નહોતાં.

એક દીવસે સારી પેઠે વરસાદ પડયો. સવારથી શરૂ થયો તો બીજા દીવસે બપોર સુધી પડતો રહયો જાણે આસમાનમાં કાણા થઇ ગયા હતા કે થમવાનું નામજ લેતો નહોતો. રાત અંધારી ઘોર અને ગાજવીજના સબબે ભારે ભયંકર બની હતી. રાતનું ખાણું ખાઇને હું મેડી પર આવી રશીદા પણ મારી સાથેજ હતી. ઠંડી પવનની લહેરીઓ આવી રહેલી હોવાથી હું તો મારા પલંગ ઉપર પડતાંજ નિદ્રાવશ થઇ ગઇ, આશરે સાડા અગીયાર બાર વાગે કોઇના પોકારવાનો અવાજ આવવાથી જાગીને જોઉં છું તો રશીદા દીવાસલીથી દીવો સલગાવી રહી છે. વરસાદના દીવસો હોવાથી સાંપ વીંછીના સબબે રશીદા દીવો સળગાવતી હશે એમ સમજી ગાભરી બનીને હું મારા પલંગ ઉપર ઊઠીને બેઠી, વળી રશીદાનો અવાજ પણ તદ્દન બદલાયલો હતો અને તેનું શરીર ધ્રુજી રહ્યું હતું. આ જોઇને મેં પુછયું.

"કેમ બેન શું છે?"

મને ગાભરી જોયાથી હસતે ચેહરે પોતાના મનની ચીંતાને દુર કરતાં રશીદા બોલી "કાંઇ નથી જીવ ગભરાય છે, ઉંઘ આવતી નથી એટલે ઉઠી છું. અંધારૂં હોવાથી દીવો સળગાવ્યો અને તમે

જાગતા હશો એમ જાણીને તમને અવાજ દીધો. બહેન માફ કરજો મે તમને કાચી ઉંઘમાંથી ઉઠાડ્યા. હું તો મુસીબતના માટેજ પેદા થઇ છું તેથી આખી રાત જાગવામાં અને આખો દીવસ વિચાર કરવામાં પસાર કરી દઇશ પરંતુ મારી સાથે તમને દુખી કરવાનો મને કાંઇ હક નથી.”

“એ તો હું સમજી પણ શું કોઇ ખરાબ સ્વપનું જોયું કે આવી વાતો કરો છો. બેન આવો મારી સાથે મારા પલંગ ઉપરજ સુઇ રહો. તમોને એકલાં સુઇ રહેતાં ધભરામણ થતી હશે.”

“ધભરામણ અને અકલામણ તો મારા અંત સુધી છે તમે તેને કેવી રીતે દુર કરી શકશો? બ્હેન આજે મારા મનની હાલત અજબ જેવી થઇ રહી છે. બીકના સબબે ધ્રુજી રહ્યું છે અને મારો પલંગ તો મને ખાવાને ધાઇ રહ્યો છે.”

“એટલા માટેજ હું કહું છુ કે મારી પાસે આવીને સુઇ રહો. જુઓ કેવી અંધારી ઘોર રાત છે.”

“રાત તો શું મને તો દીવસે પણ અંધાર ઘોર જણાય છે. અત્યારે મને એટલી બધી બીક લાગી કે હું મને પોતાને સંભાળી શકી નહીં.”

રશીદાની મુંઝવણ અને અકળામણને હું અત્યારે સારી પેઠે સમજી ચુકી હતી પણ જાણી જોઇને પુછવા લાગી “બીક શાની બીક? શું તમે ભુત પલીદને માનો છો કે બીક લાગી?”

આ સાંભળી રશીદા હસી પડી અને શરમાતાં શરમાતાં મારા પલંગ પાસે આવી ગલે બાઝી પડી. અમે બન્ને જણાં એક બીજાને

ભારે હેત સાથે મનના ઉભરા સંભળાવવાને તઇયાર હતા પણ દસ મીનીટ સુધી એવી ચુપકીદી પથરાઇ કે વાત કરવાનું એકને પણ ભાન રહ્યું નહીં છેવટે રશીદા બોલી.

" બહેન કાંઇ વાતો કરો, જીવ બહુજ ગભરાય છે."

" હા જીવ તો મારો પણ ગભરાય છે, ખાસ કરીને વરસાદની મોસમમાં એવુંજ થાય છે. જીવની ધભરામણ વધી પડે છે."

" તમારા જીવની ધભરામણ માત્ર થોડીજ વારની હશે પણ બહેન ! મારા જીવની સ્થીતી તદન જુદાજ પ્રકારની છે. જાણે ઘ-ભરામણ અને અકલામણ મારા જન્મની સાથેજ મારા માટે જન્મી ન હોય ?"

" બહેન આ બાબમાં હું ઘણી વખતે વાતચીત કરવાને ચહાતી હતી પણ તે વીશે સમય મળ્યો નહીં. ભોગજોગે આજનો સમય સારો છે, કોઇના આવવા-જવાથી વાતમાં ભંગાણ પડે તેવું પણ નથી માટે હરકત ન હોયતો તમારી હકીકત સંભલાવો."

" ક્યા બાબમાં તમે હકીકત કહેવાનું કહો છો ? " રશીદા જાણી બુઝીને અંજાણ બનતાં બોલી એટલે મેં કહ્યું.

" મેં સાભળ્યુ છે કે તમે વિધવા છો તમારી આ વય અને રંડાપાનું સાંભળી મને ભારે દીલગીરી થઇ રહી છે અને મને તમારી સાથે હેત છે તેના સબબે તમારી હકીક્ત સાંભળવાને જીવ ઘણોજ ચાહે છે. બીજાના મોહડે સાંભલવા ચાહતી ન હોવાથી મેં આજ સુધી આ બાબમાં કોઇની સાથે વાતચીત કરી નથી. તમારા પોતાના મુખે સાંભળવા ચાહું છું અને તે પણ માત્ર કહીણી નહીં

બલકે આ અણધારી આફતથી તમારા મન ઉપર કેવો અસર થયો છે તે જોવા માંગું છું."

આ સાંભળી રશીદા ભારે વિચારમાં પડીને ચુપ થઇ ગઇ અને ઘણીવાર સુધી નીચી નજરોએ ચુપકીદી ધારણ કરીને બેઠી જ્યારે તેણીને બીજી વખતે કહયું ત્યારે તેણી બોલી.

"બહેન! મારી દુઃખ ભરી હકીકત સાંભળી તમારી ઉંઘ ઉડી જશે. મને સંભળાવવામાં કાંઇ હરકત નથી પણ તમને ભારે દુઃખ ઉપજશે.'

આટલુ કહયા બાદ રશીદાએ પોતાની હકીકત સંભળાવતાં જણાવ્યું.

"મારા માની સગી બહેન યુસુફની મા, અને એકના એક સગા ભાઇ એહમદ બેગ છે. પહેલા તેમની સ્થીતી ઘણીજ સારી હતી. પણ ગદર (સન ૧૮૫૭ ના બળવા) પછી તે પડતીમાં આવી પડી. તે વખતે મારા પીતા અંગરેજી પલટણમાં કોમીસેરીયટ ખાતાના કંટરાકટર હતા, દર વરસે હઝારો રૂપીઆની આવક હતી પણ પોતે ઘણાજ ઉદાર તથા ખરચાળુ હોવાથી પાછળ એક પાઇ પણ રાખીને ગયા નહી. જ્યાં સુધી તેઓ જીવતા રહયા ત્યાં સુધી મારા મામાનો બધો ખરચો એમના માથે રહયો પણ તેમના ગુજરવા પછી આખા કુટુંબમાં યુસુફની મા સીવાય બીજું કોઇ પૈસા ટકાના સંબંધમાં સારી સ્થીતી ધરાવતું ન હોવાથી આખા કુટુંબનું ભરણ પોષણ એમના માથે આવી પડયું. હું અને મારી માતા મારા પીતાના મરણ પછી એમની સાથેજ આવીને રહયા અને મારા મામા પોતાના ઘરમાં રહેતા હતા છતાં બધી જાતનું ખરચ

યુસુફની માની તરફથી આપવામાં આવતુ હતું. નાનપણથીજ હું મારી માસીના ઘેર આવેલી હોવાથી તેમના એકના એક દીકરા યુસુફ અને મારી વચ્ચે ભારે હેત બંધાયો અને જેમ જેમ દીવસો વીતતા ગયા તેમ તેમ તે હેતમાં વધારો થતો ગયો. મારા મામાના પેટે ઘણાં બચ્ચા થયા પણ તે બધા નાનપણમાંજ ગુજરી ગયા પરંતુ નુસરતબેગ નામનો એક દીકરો મોટી ઉમરનો થયો તે મારા કરતાં વરસ મોટો હતો અને ઘણી વખતે મહીનાઓ સુધી તે અમારી સાથે રહેતો હતો. કોણ જાણે મારી અંમા, માસી તથા મારા મામા વચ્ચે મારા જન્મની વખતેજ શું વાતચીત થઇ હતી કે મારા લગ્ન નુસરત બેગની સાથે કરવા, તે બીચારો જન્મનો રોગી હતો અને તેર ચઉદ વરસની વયે ખહીના બુરા રોગમાં સપડાઇ ગયો મારા અને યુસુફના વચ્ચે નહાનપણથી હેતની ગાંઠ બંધાએલી જોઇ ઉપરવાલા લોકોને ચીંતા પેઠી અને તેઓ સમજ્યા કે જો આ હેત વધતો ગયો તો આગલ ઉપર સારૂં પરીણામ નહીં આવે તેથી એકદમ મારા લગન નકી કરી નાંખ્યા. બીચારો નુસરતબેગ મરણ પથારીએ પડયો હતો, અને તેના તથા મારાં વડીલોને લગનનો લહાવો લેવાનો જીવડો ચવડી આવ્યો. યુસુફની મા યુસુફના લગ્ન મારી સાથે થાય એવું ખરા દીલથી ચાહતાં હતાં પણ ગરીબ ભાઇનું મન તોડવા ચાહતા ન હોવાથી ચુપ થઇ ગયા. ઝટ પટ મારાં લગન થયા અને હું સાસરે ગઇ અને માત્ર ૭ મહીનાની અંદરજ નુસરતબેગનું મરણ થવાથી આખી જીદગીના માટે રંડાપો લઇને પાછી આવી ”

આ દરદ ભરી કહાણી જો કે હું બીજાઓના મુખે સાંભળી ચુકી હતી પણ અત્યારે રશીદાના મુખે સાંભળી મારા જીવ ઉપર

ભારે અસર થયો જ્યારે રશીદાને પોતાના ખાવીંદ નુસરતબેગનું નામ લેતાં સાંભળી ત્યારે મેં અજાયબીથી પુછ્યું.

"બહેન! નુસરતબેગ તમારા ખાવીંદ હતા છતાં તમે તેમનું નામ કેમ લ્યો છો?"

"શું ખાવીંદનું નામ લેવાની શરીઅતમાં મનાઇ છે?"

"શરીઅતમાં તો મનાઇ નથી પણ આપણા દેશમાં એવો રીવાજ પડેલો છે કે સ્ત્રી પોતાના ખાવીંદનું અને ખાવીંદ પોતાની સ્ત્રીનું નામ લઇ શકતાં નથી."

"ધુળમાં મળો એવો રીવાજ અને પથરપડો એવા રીવાજને માનનારાઓની અકલ પર. આ નકામા અને નુકસાન કારક રીવાજના સબબેજ મારા જેવી નાબાલેગ છોકરીના લગન નુસરતબેગ જેવા નાબાલેગ છોકરાની સાથે વગર જરૂરતે કરી નાંખ્યા અને હું ખાવીંદનું મોહડું પણ જોવા પામી નહીં અને વિધવા બની ગઇ અને હવે એ રીવાજના પ્રતાપેજ હું આખી જીંદગી સુધી સોહાગણ બની શકતી નથી. કોણ જાણે કયા ગુનાહના સબબે આ લોકોએ મને માણસ જાતીમાંથી બાતલ કરી દીધી. શું આ રીવાજ સારો છે?"

"વારૂ બહેન ખરૂં કહેજો કે યુસુફ તમને ચાહતા હતા.?"

"જુઓ બહેન હું મારી કરમની કહાણી સંભળાવી રહી છું અને તમે મશકરી કરો છો."

"બહેન હું તમારી મશકરીના માટે પુછતી નથી પણ ગંભીર પણે પુછું છું."

"ત્યારે, સાંભળો કે યુસુફ મને ખરાં દીલથી ચાહતો હતો અને એ કારણથીજ મારા લગન જલદી કરી નાંખવામાં આવ્યા."

"એટલે ?"

"લોકો અમો બંનેના પ્યારને જાણી ચુક્યા હતા તેથી કદાચ મોટી ઉંમરે પહોંચતાં આ પ્યાર મજબુત રૂપ ધારણ કરે તો ફરી નુસરતબેગની સાથે લગ્ન થવામાં ઢીલ. પડી જાય આ સબબે મને નાનપણમાંજ એક મડદાંને સોંપી દેવામાં આવી."

"વારૂ જેવી રીતે યુસુફ તમને પ્યાર કરતો હતો તેવી રીત તમે પણ તેને પ્યાર કરતાં હતાં ?"

"જુઓ તમે ફરી રમુજ કરવા માંડી ?"

"નહીં રે બહેન રમુજ નથી બલકે હું પહેલાં કહી ચુકી છું તેમ ખરા દીલથી પુછું છું."

"જુઓ તમે તો વાળની ખાળ કાઢવા બેઠાં છો. યુસુફ મારો સગો ભાઇ તો છેજ નહીં, માસીનો દીકરો છે અમે બંને લાંબા સમય સુધી એક બીજા સાથે રહયાં છીએ તેથી તે મને ચાહે છે અને જ્યારે તે મને ચાહે છે ત્યરે શું હું તેનાથી દુશમની રાખું ?"

"હું એમ નથી પુછતી કે તમે તેની સાથે દુશમની રાખો છો કે નહીં બલકે તમે તેને પ્યાર કરો છો કે નહીં. એ પુછવા માગું છું."

"હા, ચાહું છું ફરી કાંઇ કહેવું છે"

"એટલે શું ચાહો છો ?"

"આજે તમને શું થઇ ગયું છે ?"

"કાંઇ પણ થયું નથી બસ હું પુછું છું તેનો જવાબ આપો."

"ઠીક ત્યારે તમારા શબ્દોમાં કહું તો હું યુસુફને પ્યાર કરતી હતી."

"તમારા શબ્દોમાં કહેવાનું કાંઇ કારણ?"

"કારણ એટલુંજ કે યુસુફના ચહેરા ઉપર તમને જે મોહ છે તેવોજ મોહ મને પણ છે."

"મને મોહ શા માટે હોય."

"જુઓ તમે આમ કહેશો તો ફરી હું સાફ કહી દઇશ કે હું યુસુફને જાણુતી પણ નથી."

"બહેન! યુસુફ જેવા ભલા જુવાનના મન હરણ ચહેરા પ્રત્યે કોને મોહ ન હોય? મને તે મનહરણ લાગે છે, પરંતુ તેના સાથેજ તે મારી સામે આવે એ હું ચાહતી નથી."

"બસ મારા મનની સ્થીતી પણ તમારા જેવીજ છે."

"તેનું કારણ એજ છે કે આપણો બંનેનો ચહેરો ઘણોજ મળતો છે. કાલે મોટા આયનામાં આપણે બંને ઉભા હતા ત્યારે મેં તમારો અને મારો ચહેરો જોયો તો બંનેમાં ઘણુંજ મળતાપણું જણાયું હતું."

"તમને તો કાલે જણાયું પણ અહીં મારા ઘરમાં તો આપણાં બંનેના ચહેરા મલતા હોવાની ચરચા તેજ દીવસે ચાલી હતી કે જ્યારે પહેલ વહેલા તમે આ ઘરમાં મરદના લિબાસમાં આવ્યા હતાં"

"ઓહો, ત્યારે હવે મને સમજ પડી કે મારા અને તમારા ચહેરામાં મલતાપણું હોવાથી યુસુફ મારી સાથે મોહોબ્બત કરતો હતો."

"હા, એમજ હતું."

"ઠીક ત્યારે આગળ ચલાવો."

"હું જ્યારે મારા સાસરેથી વિધવા બનીને પાછી આવી ત્યારે મેં યુસુફથી પરદો કરયો. યુસુફને મારા વિધવા થવાથી ભારે દુઃખ ઉપજ્યું. એક વરસ થયાં હું અહીં છું પણ યુસુફે આ એક વરસની મુદતમાં કોઇ પણ જાતની ખુશાલી જાહેર કરી નથી. તે આખો દીવસ દીલગીરીમાં પસાર કરે છે અને હવે જનાનખાનામાં પણ દસમે પંદરમે દીવસે આવે છે, હમણાં તમારા આવવાથી યુસુફના ચહેરા ઉપરથી લગાર દીલગીરી ઓછી થઇ હતી તેથી બધા ઘેરવાલાં તમારા આવવાને યુસુફના માટે સુખ આપનાર સમજ્યાં છે. અને જ્યારથી તમે મરદાના લિબાસ ઉતારી સ્ત્રી તરીકે જાહેર થયાં છો ત્યારથી બધા ઘરવાલાના મનમાં જૂદોજ વિચાર બંધાયો છે. મારી માશી તમારી સાથે યુસુફના લગ્ન કરવા ચાહે છે અને તે માટે તેઓએ યુસુફનો મત લેતાં તે પણ રાજી જણયો છે."

—"એના રાજી હોવામાં પણ કોઇ શક હતો ?"

"શક તો નહોતો, પરંતુ તેની મરજી પુછવી જરૂરી હતી."

"ફરી તેણે શું જવાબ આપ્યો ?"

"ઓહો, હવે તમને પણ આ વાતોમાં રસ પડવા લાગ્યો. રશીદાએ ટકોર કરતાં કહ્યું જેનો મેં જવાબ આપતાં મશ્કરી કરી.

"વારૂ તમે એમજ સમજો, પણ રખેને શબનમના સબબે તમારો સાદ ભારે ન થઇ જાય."

"હા, કેમ ન થાયે ? તમે મારી શોક બનવાનાં છોને ?"

"ખુદા ન કરે"

"કેમ કાંઇ ખોટું છે ?"

'ખોટું તો કાંઇ નથી, પણ મારો વિવાહ મારી ફોઇના દીકરાથી થઇ ચુકયો છે. તે હાલમાં બેરીસ્ટરની પરિક્ષા આપવા વિલાયત ગયો છે. જોઇએ ત્યાંથી આવ્યા બાદ તેના કેવા વિચારો રહે છે"

"ત્યારે શું તમારી અંમાની પાસે તમારાં લગનની માંગણી કરવામાં આવશે તો તે ઇનકાર કરશે ?"

"બેશક ઇનકાર કરશે, મારો વિવાહ થઇ ચુકયો છે. અને જો ન થયો હોત તોએ તે બીજા ખાનદાનમાં લગન થાય તે કદી પસંદ કરે નહી, આ મારી કમનસીબીનો પ્રતાપ છે કે જ્યાં જાઉં છું ત્યાં નવી આફતમાં ફસાઇ પડું છું. કોણ જાણે આગળ ઉપર મારી કીસમતમાં શું લખેલું છે. અહીં પણ મારા ચાહનારા નીકળી આવ્યા."

"સારૂં થયું કે તમારી સાથે વાતચીત થઇ ગઇ, નહીં-તો મારાં માસી તમારી અંમાથી વાત કરવાને તઇયાર થઇ ગયા હતા પણ મારી અંમાએ તેમને તમારો વિચાર જાણી લેવાની સુચના કરી હતી.

"બહેન! તમે તમારી અંમા તથા માસીને મારા વિચારોથી જાણીતા કરી દેજો"

"પણ બહેન તેમોએ આ શા ઉપરથી કહ્યું કે અહીં પણ મારા ચાહનારા નીકળી આવ્યા."

"બહેન ! તમારાથી કોઇ વાતનો પરદો રાખ્યો નથી અને તમને સગી બહેન કરતાં વધારે સમજ્યાં છે તેથી હું મારી હકીકત કહું છું તે ઉપરથી તમે સમજી લેશો કે હું કેટલે દરજ્જે કમનસીબ છું."

આટલું બોલીને મેં મારી બધી હકીકત કહી સંભળાવી. એટલે રશીદા બોલી.

બહેનુ, ખરેખર તમારૂં વૃતાંત અને કહાણી ભારે દીલગીર કરનારી છે. આટલી નાની વયમાં કોઇ પણ ખાનદાની કુટુંબની બાળાને દુઃખના સાગરમાં પડવું પડયું હોય તો તે તમને છે."

તે બાદ અરધો કલાક ભારે ચુપકીદીમાં પસાર થઇ ગયો અને જોત જોતામાં સવારની નમાઝની અઝાનનો સાદ સંભળાયો જેથી અમો બંનેએ વઝુ કરીને નમાઝ અદા કરી, નમાઝ અદા કરવા બાદ મેં અને રશીદાએ ભારે દરદ ભરેલા સાદમાં મુનાજાત ભણી. રશીદાનો સાદ મારાસાદ કરતાં કાંઇ ઉતરે તેવો નહોતો. મુનાજાત ભણવા પછી કુરઆને મજીદની તીલાવત કરવામાં બંને જણાં સાત વાગ્યા સુધી મશગુલ રહ્યાં. એટલે ઘરના બધા નાના મોટા જાગ્યા. આખો દીવસ એવીજ રીતે પસાર થઇ ગયો. રશીદાની સાથે એકાંતમાં મળી વાતો કરવા માટે હું તલપી રહેલી હોવાથી દીવસ જલદીથી પસાર થાય અને રાત આવે તે માટે હું ભારે બેચેન રહી. છેવટે રાત થઇ અને અમે બને જણાં મેડી ઉપર પહોંચીને વાતોમાં લીન થયાં. આગલા દીવસની પેઠે આજે રશીદા શરમાળ રહી નહોતી. તેણે ખુલ્લા દીલે વાતો કરી. પુરૂષો કરતાં સ્ત્રીઓને પોતાના ભેદ છુપાવવાની શકિત વધારે મળેલી છે અને તેણીઓ પોતાના મનમાં ભેદ છુપાવવા ઉપર પુરતી રીતે કાબુ ધરાવે છે રશીદાએ પોતાના અંતરની વાત જાહેર ન થાય તે માટે ઘણાં ફાંફાં માર્યા પણ મેં તેની એકે ચાલવા દીધી નહીં, જેવી રીતે યુસુપ રશીદાને ચાહતો હતો તેવીજ રીતે રશીદાના મનમાં પણ યુસુપની મોહોબ્બત હતી.

યુસુફ જાહેરમાં જેવી રીતે ખુબસુરત હતો તેવીજ રીતે તેનું અંતર પણ દરેક જાતનાં સદ્‌ગુણોથી ભરપુર હતું એટલે કુદરતી રીતે મારૂં મન તેની તરફ ખેંચાય તો તેમાં નવાઇ નહોતી. પણ મારૂં

બધું ધ્યાન મારા ફોઇના દીકરા ઇલીયાસમાં રોકાએલું હતું. અને મેં મારી બધી આશા તેનાજ ઉપર બાંધી હતી તેથી મેં યુસુફ અને રશીદાને એક કરવાના વિચારો ચલાવ્યા. યુસુફ જેવી રીતે સદ્‌ગુણ અને નીતીથી ભરેલો હતો તેવીજ રીતે રશીદા પણ તેનાથી ઉતરે તેવી નહોતી એટલે તેઓ બંને વચ્ચે આડો વહેવાર જન્મ પામે એ કદી બનવા જોગ નહોતું અને જાહેર રીતે તેઓ બંનેમાં લગન થાય એ પણ ખાનદાની રીવાજોને જોતાં સખતમાં સખત અસંભવીત અને મુશ્કેલ હતું. એક બાળા પછી તે ભલેને ઉમરમાં આવવા પહેલાંજ વિધવા બની હોય છતાં ખાનદાની રીવાજોને જોતાં વિધવાનું લગ્ન કરવું સખત શરમ ભરેલું અને સાત પેઢીને નામોશીમાં નાખનારૂં હતું. પરંતુ મેં આ બંને સાચા પ્રેમીઓને એક કરવાની કોશીશ ચલાવી. અને કેવી રીતે આ વાત ઉપાડવી તે વીશે વિચારવા લાગી.

એટલામાં યુસુફની માને મારા સંબંધમાં રશીદાએ બધી વાતો સમજાવી દીધી. હું અહીં કોઇની સાથે પરણી શકતી નથી. અને મારો ભવિષ્યનો શોહર વીલાયતમાં અભ્યાસ કરે છે તથા મારી ખાનદાનીની બધી હકીકત, મારા ઉપર પડેલું દુઃખ વિગેરે રશીદાએ એવી રીતે કહી સંભળાવ્યું કે જે સાંભળવા પામ્યો તે મારો હમદર્દ બની ગયો. અને ધીમે ધીમે શહેરના આગેવાન ગણાતાં ઘરોની બેગમોમાં મારી પરહેઝગારી, નેકી અને નાની વય હોવા છતાં મઝહબી માલુમાત વીગેરેની કહાણીઓ મશહુર થવા લાગી. એટલે બેગમો તથા બીજા ઉંચ કુલના બઇરાંઓ તથા સામાન્ય સ્થીતી ધરાવનારી સ્ત્રીઓ મને જોવાને અને વાતચીત કરવાને માટે ત્યાં આવવા લાગી અથવા મને પોતાને ત્યાં બોલાવવા લાગી. આમ થવાથી હવે મને—

લખનઉ પ્રદેશ જેવું જણાયું નહીં, પણ પોતાની જન્મભુમી આગરા જેવું લાગતું હતું.

યુસુફની મા તથા બીજાઓએ યુસુફના લગ્ન મારી સાથે કરવાની વાત માંડી વાલી પણ પણ યુસુફના મનની સ્થીતીમાં ફેર પડયો નહીં. જો કે તે નાનપણથી રશીદાને ચાહતો હતો અને તેની તે ચાહના રશીદાના વિધવા થઇ જવા છતાં હજુ સુધી તેવીને તેવીજ હતી. પણ તેના વિધવા થવાથી દુનીયા અને પોતાના ખાનદાની રીવાજથી ચુપ હતો. જ્યારે તેણે મારો ચહેરો જોયો અને તેમાં રશીદાના ચહેરાનો પડછા નજરે પડયો ત્યારે તે મને મેલવવાની આશા માટે કોશીશ કરવા લાગ્યો. તે પોતાના મનમાં મને પોતાની થઇ ચુકેલી પ્રેમદા સમજતો હતો. તે બીચારાને ખબર ન હતી કે તે જે કાંઇ સમજી રહયો હતો તે કેટલું બધું ભુલ ભરેલું હતું પણ તેની ભુલ ભાંગે કોણ? તે મને મેળવવાની ખાતર રાત દીવસ મારા નામની માળા જપતો હતો અને પોતાના ઓરડામાં બેસી મારી સાથે તેના લગ્ન થઇ જાય તે માટે દોઆઓ માંગતો હતો.

હું આગળ કહી ચુકી તેમ શહેરની બેગમો અને બીજા કુટુંબોમાં મારી સારી નામના થઇ ચુકી હતી એટલે વખત મળેથી એ બાઇઓ મારી પાસે આવવા લાગી અને દર વખતે મારી પાસે પાંચ દશ બાઇઓ રહેવા લાગી. મેં નાનપણથી દીની બાબતોનું શિક્ષણ મેળવેલું અને કુરઆને મજીદનો તરજુમો એક મોટા આલિમની પાસે શીખેલું હતું. વળી મારી ફોઇના ઘરવી પાસેજ મોલવી નઝીર એહમદ સાહેબ મોહદ્દીસે દેહેલવીનુ મકાન હોવાથી તેઓ જે ઓરડામાં બેસીને તાલેબ ઇલ્મોને હદીસની તાલીમ આપતા તેની

નજીકમાં મારા ઓરડાની બારી હતી એટલે હું દરરોજ તે બારીમાં બેસીને મોલવી સાહેબની હદીસની તાલીમ સાંભળતી હતી. હું અઢી વરસ સુધી દીલ્લીમાં રહી અને તે દરમ્યાનમેં આવી રીતે હદીસનું શિક્ષણ કોઇને ખબર પાડયા વિના હાંસલ કરી લીધું. આ ઉપરથી મારી દીની માલુમાત કેટલી હતી તેનો અંદાઝે વાંચકો કરી શકશે. જ્યારે મારી પાસે સ્ત્રીઓ ભેગી થતી ત્યારે હું તેમને દીની બાબતોનો વાઅઝ સંભળાવતી હતી. આવી રીતે માત્ર થોડાજ દીવસોમાં મારા વાઅઝની ધુમ મચી ગઇ અને સ્ત્રીઓ ઉપરાંત કેટલાંક પુરૂષો પણ છાના માના બહાર આવીને ઉભા રહેતા અને હું દીની બાબતો વિષે કેવું વિવેચન કરૂં છું તે સાંભળતા હતા. મારા અવાજ પારકા પુરૂષો સાંભળે એ હું પસંદ કરતી નહોતી પણ ઘણા દીવસ સુધી મને આ વાતની ખબર પડી નહોતી.

ઘણા દીવસો વાઅઝ કહેતા ગુજરવાથી લખનઊમાં હું સાધારણ રીતે વાઅઝીના નામથી મશહુર થઇ ગઇ અને મને જણાયું કે મારા વાઅઝે સામાન્ય રીતે લોકોના મન ઉપર સારો અસર કરયો છે. અને તેઓ દરેક રીતે પસંદ કરે છે. એટલે મારા ઉતસાહમાં વધારો થયો. એક દીવસે નવાબ યાકુબ સાહેબ પાસેના ઓરડામાં જમવા બેઠા હતા. મહીનાઓની મુસાફરી પછી તેઓ આવેલા હોવાથી યુસુફ પણ બાપની સાથે જમવાને આવ્યો હતો. મને અ-થવા બીજા કોઇને નવાબ સાહેબ પાસેનાજ દીવાનખાનામાં જમવા બેઠાં છે તેની ખબર નહોતી. રાતના સાડા આઠ વાગતામાં તો મારા વાઅઝનો શોખ ધરાવનાર બાનુઓના ટોળાં વીંટાવા લાગ્યાં અને જોત જોતામાં જનાનખાનાનો વચલો હોલ ભરાઇ ગયો તે દિવસે મેં વિધવાના બીજી વખતે લગ્ન કરવાના વિષય ઉપર વિવેચન

ચલાવ્યું. નવાબ સાહેબ પાસનાજ ઓરડામાં બેસેલા છે અને મારો શબ્દે શબ્દ તેઓ સાંભળી રહયા છે એ વાતની મને ખબર. નહોતી નહી તો હું વધારે છુટથી બોલી શકતી નહીં. પણ સારૂ થયું કે મેં જે હેતુ ધ્યાનમાં રાખીને, વિધવા લગન વિષે વાઅઝ કહયો તે નવાબ સાહેબે પોતાના કાનોથી સાંભળ્યો. કેમકે પોતાને કાને સાંભળવા અને કોઇના સાંભળવામાં મોટો ફેર છે.

મારો વાંઅઝ આજકાલના ધંધાદારી વાએઝીઓની પેઠે માત્ર હસાવવા અને રડાવવાનો નહોતો કે જેથી લોકોને આવી રીતે કહેવું પડતું કે—.

અજીબ એ સરોપા હે કલામ વાઅઝકા
ન ઇબતિદા કોઇ સમઝે ન ઇનતિહા સમઝે

—જે ધંધાદારી વાએઝો છે તેઓ જ્યાં સુધી જુઠ અને સચ્ચાઇની મેળવણી કરી હસી અને રડીને વાઅઝ ના કહે ત્યાં સુધી તેમના પેટનું પુરે પુરૂં પોષણ થાયે નહીં, પરંતુ મેં મારા વાઅઝની તરકીબ તદન જુદીજ રાખી હતી. વાઅઝ સાંભળનારી બાનુઓના ભેગાં થતાંજ હુ સીધી અને સરલ ભાષામાં શરીઅતની જરૂરી બાબતો કહી સંભળાવતી, જે દીવસે નવાબ યાકુબ સાહેબ મારો વાઅઝ સાંભળતા હતા તે. દીવસે મેં નીચે પ્રમાણે વાઅઝ કરયો હતો. જે ઉપરથી વાંચકો મારો વાઅઝ કેવા પ્રકારનો થતો હતો તે સ્હેજમાં સમજી શકશે.

મેં મારો વાઅઝ શરૂ કરતાં કહ્યું કે—"બેહનો! અમો લોકોમાં સહુથી મોટી અસબાબ એ છે કે આખી દુનિઆની બુરાઇઓ સ્ત્રીઓના માથા ઉપર નાંખવામાં આવે છે, મરદો ગમે તે કરે પણ આપડી સ્ત્રીઓ બદનામ થાય છે; મરદો અગર ચાહે કે સ્ત્રીઓ શરે શરીફની વીરૂદ્ધ

એક પગલું ન ભરે તો શું તેણીઓ તેમ કરી શકે છે ? કદી નહીં, પરંતુ અસલમાં મરદો પોતેજ તેવું ચલાતા ન હોવાથી સ્ત્રીઓ રીત રીવાજની સખતીથી પાબંદી કરે છે, પણ વિચાર પુરવક જોવામાં આવે તો સ્ત્રીઓ કરતાં મરદો વધારે પાબંદી કરતાં જણાય છે. બાપડી સ્ત્રીઓ ગમે તેવા વિચારો ધરાવતી હોય પરંતુ તેણીઓ દરેક રીતે મરદોની તાબેદારી અને ઘરમાં ખરદારી કાયદાને બંધાએલી છે. મરદો જે ચાહે તે કરી શકે છે. અને કરે છે. પણ વચમાં નકામી સ્ત્રીઓ બદનામ થાય છે હિંદુસ્તાનની સ્ત્રીઓના માથા ઉપર એક આ તોહમત પણ મુકવામાં આવે છે કે તેમની મારફતે હિંદુસ્તાનમાં રીત રીવાજો મરદોમાં ફેલાયા છે. જો આપણે તકરારની ખાતર એમ માની પણ લઇએ તો આ મરદો ઉપર મુકવામાં આવતું તોહમત દુર થઇ શકતું નથી. સ્ત્રીઓનો મોટો ભાગ અસલમાં હિંદુસ્તાનનોજ છે. મરદો ઇરાન, તુરાન, ઇરાક, અરબ ઇત્યાદી ઇસલામી દેશથી લાંબી લાંબી દાઢીઓ અને મોટા મોટા માનવંતા ખેતાબો સાથ આ દેશમાં આવ્યા પણ તેઓએ પોતાના ઇસલામની લગાર કદર કરી નહીં. બલકે "મુસલમાનોને દર ગોર અને મુસલમાની દર કીતાબના" કહેવત પ્રમાણે પોતાની ચાલ ચલણથી મલિન કરી આપ્યું. હીંદુસ્તાનના હવા પાણી ઇસલામના બગીચાના માટે રાસ નહોતી અને તે સાથે કેટલીક બાબતો એવી પણ હતી કે..."હરકે દરકાને નમક રફત નમક શુદ" એટલે જે મીઠાની ખાણમાં પહોચ્યા તે પણ મીઠું થઇ ગયા પહેલાં તો અહીં હીંદમાં જેઓ આવ્યા તેઓ પાકા મુસલમાન નહોતા અને તેઓમાં જે કોઇ પાકા ઇસલામી હતા તેઓ સીધના પેલી પારથી આવતા તેમની બુઝુરગી ખોવાઇ ગઇ. મરદો ઉપર મુકેલો આ આરોપ સાંભળીને તમને નવાઇ લાગશે, પરંતુ હું જે કાંઇ કહી રહી છું તેમાં લગારે ખોટું નથી. તમો દર વખતે જ

મુસલમાનોને હાથમાં તસ્બીહ અને જીભ વડે અલ્લાહ અલ્લાહ કહેતાં સાંભળો તો તેમાં ઘણાજ થોડા એવા છે કે જેમને તમે મુસલમાન કહી શકો. બહુરૂપીની પેઠે વેશ બદલી લેવાને મુસલમાન કહેવામાં નથી આવતા. રૂપ બદલવા યા ઇસલામી નામથી અથવા તો મુસલમાનોના ઘરમાં જન્મ લેવાથી કોઇને મુસલમાન કહી શકતા નથી. પરંતુ મુસલમાન હોવું આસ્થા અને એતેકાદ ઉપર આધાર રાખે છે.

ખુદા તઆલાને બધી સીફાતો ધરાવનારમાં નવો અને તેના ફરમાનો હઝરત મોહમ્મદ સલ૦ ની રીસાલત વડે બંદાઓ પાસે પહોંચ્યા એ બંને વાતો ઉપર આસ્થા રાખવાથી ઇસલામી થવાય છે. માત્ર ઉપલક ધ્યાન વડે ખુદાને એક માનવો અને તેની બધી સીફાતોને સાચી જાણવાથી મુસલમાન થવાતું નથી અલબતાં મવાહેદ થઇ શકાય છે. મુસલમાન તો ત્યારે થવાય છે કે જ્યારે ખુદાવંદે કરીમના કલામે પાક કુરઆને મજીદને સાચું સમઝે. સાચું સમજવાની મતલબ આ નથી કે તે ખુદા તઆલાએ મોકલેલું કાયદાનું એક પુસ્તક છે બલકે કુરઆને મજીદના માટે એમ સમજવું જોઇએ કે તે કરતાં સારૂં કાયદાનું પુસ્તક બંદાઓના માટે બન્યું નથી અને બની શકતુંજ નથી અને મોહમ્મદી મઝહબ કરતાં બીજો કોઇ મઝહબ બંદાઓના માટે ઉતમ થઇ શકતું નથી. કોઇ અમુક માણસ આખી જીંદગી સુધી સીજદામાં પડયો રહે, પેશાની ઉપર સિજદાના પડેલા ડાઘ નાક કરતાં પણ ઉંચો થઇ જાય, રડતાં રડતાં આંખો બને કાયમુલ લયલ અને સાયમુદ દહેર બનીને શરીરનું એડી સુકાવા દે આ બધી ખુબીઓ તે માણસમાં હોય છતાં તેના મનમાં એવો વિચાર જન્મ પામે કે મોહમદી મઝહબ ફલાણી વાતમાં અધુરો છે કે તેમાં ફલાણી ખોટ છે અથવા તે બંદાઓને માટે બંદ

એરતુ નથી તો ૫રી ઇસલ્લામ તેનાથી કોસો દુર થઇ ગએલો સમજવો જોઇએ. ભલેને કોઇ મત્તાહેદ હોય, સુફી, મોલવી, દુરવેશ, કે ફકીર હોય, હવામાં અધર ઉડતો હોય, સમુદ્રની સપાટી ઉપર મુસલ્લો પાથરીને નમાઝ પઢતો હોય, હીંદુસ્તાનમાં રહીને પાંચે વખતની નમાઝ મસજીદે નબવીની પહેલી સફમાં પઢતો હોય, એતો શું પણ એ કરતાંએ વધારે કરામતો બતાવતો હોય તો તે બધું અમ માનવાને તૈયાર છીએ પરંતુ તે મોહમદી મઝહબને અધુરો સમજે અને ઇસલ્લામી ધરમને અધુરો માને તો તે મુસલ્લમાન કહેવાશે નહીં અને તેનો મોહમદી મઝહબમાં હોવાનો દાવો જુઠો ગણાશે. અલ્લાહના ફરમાનો માનનારા તો દરેક દેશમાં છે અને દરેક સમયમાં પેદા થાય છે. હઝરત પયગંબર સ૦ ના સમયમાં પણ એવા ઘણા મુસલ્લમાનો હતા જેઓ શરે શરીફના ફરમાનોની પાબંદી કરતા નહોતા પરંતુ તે સાથેજ તેઓ ઇસલામને બધા ધર્મો કરતાં ઉત્તમ સમજી પુરેપુરી આસ્થા રાખતા હતા અને એટલા માટેજ તેઓ મુસલ્લમાન કહેવાતા હતા ચાલુ સમયમાં અને ખાસ કરી આપણા દેશમાં તો બાપ દાદાથી ઉતરી આવેલા એવા ઘણા મુસલ્લમાનો છે કે જેઓએ મુસલ્લમાનોના ઘરમાં જન્મ લીધો છે એટલોજ માત્ર ઇસલામથી સંબંધ ધરાવે છે નહીં તો તેઓ શરે શરીફના ફરમાનોને દીલથી પસંદ કરતા નથી અને તેમાં સુધારા વધારા થઇ શકે છે એમ માને છે.”

હું અહીં સુધી પહોંચવા પામી હતી કે યુસુફની અમાં નવાબ યાકુબને ખાણું ખવડાવ્યા બાદ મારી પાસે આવીને બોલ્યા.

“આજે તમે પુરૂષોની પછવાડે કેમ પડયા છો? સારા નરસા બધામાં હોય છે, માટે લગાર બુઝુરગોનો ખ્યાલ કરવો જોઇએ. આજે હીંદુસ્તાનમાં એક કરતાં એક વધુ અઢીયાતા આલેમો સુફી

અને વલી અલ્લાહ મોજુદ છે. આવુ જહાલતના જમાનામાં પણ જેવા મહાન બુઝુર્ગો આપણા દેશમાં નીકળશે તેવા ભાગ્યેજ દુનિયાના પરદા ઉપર બીજી જગ્યાએ હશે."

યુસુફની મા પોતાની વાત લંબાણુ કરવા ચાહતાં હતાં અને તેમ થવાથી હું જે કહેવા માગતી હતી તે રહી જતું હતુ. તેથી મેં તેમને બોલતાં અટકાવીને કહ્યું.

"આપ કહો તો ભલા પણ મેં તો આજ સુધી કોઇપણ બુઝુર્ગને જોયો નથી. અલબતાં થોડીક કીતાબો ભણી લેનારને આલીમ અને, જોગીઓની પેઠે જટા વધારનારાઓને સુફી કહેવામાં આવે છે. પણ હું તો સો વાતની એક વાત કહું છું કે જે ઘરમાં કુરઆન મજીદના ફરમાનો ઉપર અમલ ન થતો હોય તે ઘર મુસલમાનનું નથી અને જે કુરઆની ફરમાન પ્રમાણે ચાલતો ન હોય તે મુસલમાન નથી."

"તો શું કોઇ ઘર એવું પણ છે કે જ્યાં કુરઆની ફરમાનનો અમલ થતો નથી ?"

"એમ ન ફરમાવો બલકે એમ કહો કે શું કોઇ પણ ઘર એવું છે કે જ્યાં કુરઆની ફરમાન પ્રમાણે અમલ થાય છે ? જો આપ એમ કહેશો તો હું જવાબ આપીશ કે નહી"

"આજે તમને શું થયું છે કે આવી ઉલટી સીધી વાતો કરો છો ? ખરેખર વધારે ભણવાથી પણ માણસના વિચારો બદલાઇ જાય છે તમારી વાતો સાંભળીને મારે અચંબો થાય છે. જાણ્યામાં પાદરીઓ અને મહમોની સંગતમાં રહેલાં છો તેથી આવી દીલને દુઃખી કરનાર વાતો કરી રહ્યાં છો."

"બેગમ સાહેબ, હું અત્યારે છુટથી જે વાત કરૂં છું તેની માફી ચાહું છું. આપ મારા મુરબ્બી છો તેથી આપની દરેક વાત સાંભળીને મારે ચુપકીદી ધારણ કરવી જોઇએ પરંતુ મઝહબી બાબતોમાં હું તેમ કરી શકતી નથી. માટે હું આપને પુછું છું કે બીજા શહેરોની વાત હાલ બાજુએ મુકીને માત્ર આપણાંજ શહેરની કહો કે અહીં એવો કયો ઘર છે કે જ્યાં શરીઅત પ્રમાણે અમલ કરવામાં આવે છે?"

"એક ઘર હોયતો નામ બતાવું. લગભગ બધા ઘરોમાં શરીઅત પ્રમાણેજ અમલ થાય છે."

"નહીં, એમ નહીં, કોઇ પણ એક મોલવી મુલ્લાના ઘરનું નામ લો, તો હું આપની વાતનો જવાબ આપું."

"વારૂ જો તમે ખાસ કરીને પુછવા માંગતા હો તો જણાવીશ કે આપણી સામીવાલા ઘરમાં જે મોલવી સાહેબ રહે છે તે ઘરને દાખલા રૂપે રજુ કરૂં છું."

બેગમં સાહેબે જે ઘરને દાખલા રૂપે રજુ કર્યું તે ઘર મોલવી બરકતઅલીનું હતું, જેઓ બરેલીના રહીશ હતા. પણ થોડો સમય થયાં તેઓ પોતાના બાલબચ્ચા સહીત લખનઉમાં આવીને રહ્યા હતા. ઘણાં સ્ત્રીપુરૂષો તેમનાં મુરીદ હતાં. મોલવી સાહેબ પોતાની જાતે મોટા પરહેઝગાર અને ભલા માણસ હતા. બેગમ સાહેબ પણ તેમનાં મુરીદ હતાં. જયારે તેઓએ દાખલામાં મોલવી સાહેબનું ઘર રજુ કર્યું એટલે મેં જવાબમાં જણાવ્યું.

"આપે એવા ઘરને દાખલા રૂપે રજુ કર્યું કે હું તે બાબે મારો મત જાહેર કરૂં તો પીડા થાય અને ન કહું તો મારી વાતમાં

ફેર પડે છે. આપ તેમનાં મુર્શીદ હોવાથી મારી વાતથી આપને દુઃખ ઉપજશે માટે એ ઘરને મુકી બીજું કોઇ ઘર બતાવો."

"તો શું તમે મોલવી સાહેબની પરહેજગારીમાં પણ કોઇ જાતનો ઐબ બતાવવા માંગો છો."

"એમજ સાહેબ! એ ઐબ તો ખુદાની જાત છે તો પછી માણસની શું તાકાત કે તેમાં ઐબ ન હોવાનો કોઇ દાવો કરી શકે."

"બસ એટલા માટે તો હું કહું છું કે પહેલાં માણસોએ પોતાનો ઐબ જોવો જોઇએ."

"બહુજ ઠીક ફરમાવ્યું." મન અરફા નફસહુ ફકદ અરફા રબ્બહુ" માણસ પોતાની ભલાઇ અને બુરાઇને સમજતો રહે તો તે કરતાં બીજી કોઇ વાત સારી નથી. પણ ખરી રીતે જોતાં માણસને પોતાની બુરાઇઓ નજરે પડતી નથી, અને બીજામાં ઐબ કાઢવાનું સારૂં લાગે છે. પરંતુ હું અત્યારે બીજામાં ઐબ કાઢવાના માટે નથી બેઠી પણ જે ખરી વાત છે તે જાહેર કરવાની સાચી નીયતથી કહી રહી છું અને એમજ સાબેત કરવા ચાહું છું કે હીંદના મુસલમાનોમાં શરીઅતની ચરચા ઘણીજ થોડી રહેવા પામી છે તેથી આ બાબત ઉપર કોઇ અમુક ઘરના માટે ચરચા કરતાં ખરી હકીકત ઉપર ટીકા થઇ જાય તો લાચારી સમજવી જોઇએ."

"વારૂ ત્યારે કહો જોઇએ કે તમે મોલવી સાહેબમાં શરીઅત વિરૂદ્ધ કઇ વાત જુઓ છો?"

"આપ મોલવી સાહેબને પોતાના પીર અને શરીઅત પ્રમાણે ચાલનાર સમજી તેમનાં ઉપર આસ્થા રાખો છો અને હું તેમનામાં શરીઅત વીરૂદ્ધ વરતન જોઇ રહી છું તેથી હું અત્યારે જે કાંઇ

કહીશ તે આપને રૂચશે નહીં અને તેને આપ કોઇ કાળે માનશો નહીં માટે આપણાં બન્નેની વચે ત્રીજો માણસ મુનસફ હોવો જોઇએ જે આપણાં બનેની દલીલો સાંભળીને ઇનસાફ પુરવક ફેંસલો આપે."

હું સારી પેઠે સમજતી હતી કે બેગમ સાહેબ ,ફેંસલો કરવા માટે મુનસફ તરીકે મોલવી સાહેબને પસંદ કરશે અને મોલવી સાહેબના પધારવાથી હું જે મતલબના માટે વીવેચન કરતી હતી તે ઘણીજ આસાનીથી હાસલ થઇ જશે. પરંતુ મારી ધારણા ખોટી પડી અને એવા માણસને મુનસફ બનાવવામાં આવ્યો જે મોલવી સાહેબ કરતાં મારા વિવેચનના માટે વધારે ઉપયોગી હતો. બેગમ સાહેબે જ્યારે ફેંસલો કરવાનું મારાથી સાંભળ્યુ ત્યારે તેઓ તરતજ અંદર ઘરમાં ચાલ્યાં ગયાં અને થોડી વાર પછી અંદરનું બારણુ અઢેલીને મારી પાસે આવ્યા એમના જવા અને આવવા તથા બારણાને અઢેલીને બંધ કરવાથી જાહેર થઇ રહ્યું હતું કે તેઓ ફેંસલો કરવા માટે અંદર બારણાની પાસે કોઇ પુરૂષને બેસાડીને આવ્યાં છે, મારા દરયાફત કરવા ઉપરથી જણાયું કે નવાબ યાકુબ સાહેબ તથા યુસુફ અમારા બંનેનું વિવેચન સાંભળીને ફેંસલો આપવા માટે બારણાની પાસે આવીને બેઠા હતા. યુસુફ મારી દરેક વાત ઉપર ફીદા હતો તેથી હું સમજી કે તે અત્યારે મારો સાદ સાંભળવા આવ્યો હતો પણ, નવાબ સાહેબ હું કેવી છું, મારૂં જ્ઞાન કેટલું છે તે જાણવા માટે આવીને બેઠા હતા. નવાબ સાહેબ એક કેસના કામમાં બે મહીના થયાં ફયઝાબાદ ગયેલા હતા જ્યાંથી આજેજ આવ્યા હતા. ઘરના માણસોથી મારૂં કેટલુંક વર્ણન સાંભળી લીધું હતું અને અત્યારે તેઓને મારા વીવેચન ઉપરથી મને સારી-પેઠે

પારખવાંને તક મળી હતી. અંદર યુસુફ અને નવાબ યાકુબનું આવીને બેસવું અને આ તરફ બેગમ સાહેબ તથા રશીદાનું હોવું મારા માટે ભારે ખુશી કરનાર હતું મારો અંદાજ પારકા પુરૂષો સાંભળે એ મને રૂચીકર નહતું છતાં હું એક સારા કામને માટે બોલવા ઉભેલી હોવાથી મેં તે વાતની દરકાર કરી નહીં અને બેગમ સાહેબ ને સંબોધીને કહ્યું.

" આપના સવાલના જવાબમાં હું આપને મોલવી સાહેબના ઘરમાં શરીઅત વિરૂદ્ધ કરવામાં આવતી બાબતો ગણાઉં છું તે ગણતા જાવ.

૧, મોલવી સાહેબનો નાનો દીકરો કેટલીક દીકરીઓ પછી જન્મેલો હોવાથી દર વરસે મોહોરમમાં તેના માટે માનતની નવી હાસડી બનાવવામાં આવે છે અને જુની હાંસલીને ખાસ બાબતમાં ખરચ કરવા માટે એકઠી કરવામાં આવે છે.

૨, મોહરમના દીવસોમાં લીલા રંગના લુગડાં પહેરાને ઘેર ઘેર ભીખ માંગવા જાય છે અને કહે છે કે ઇમામ હુસેનના નામ ઉપર ભીખ આપો.

૩, મોહરમના દીવસોમાં મેં જોયું છે કે મોલવી સાહેબના ઘરની બાનુઓ જુદી જુદી વસ્તુઓ લઇને તાબુત અથવા તાજીઆની આગળ જાય છે અને તેની સામે મુકીને તેના માનની ખાતર એટલું બધું નમે છે કે સીજદાની પેઠે થઇ જાય છે.

આ ઉપરાંત મોલવી સાહેબના ઘરમાં એવી અનેક બાબતો થાય છે કે જે શરીઅતથી તદન વિરૂદ્ધ ગણાયા વગર રહેશે નહીં, માટે

હવે આપ પોતેજ કહો કે આવી વાતો થવાનું સાંભળી પાકા મુસલ-માનનો જીવ બળ્યા વગર રહેશે ? ”

“ તમોએ જે વાતો કહી તેમાંની એક પણ શરીઅતની વીરૂદ્ધ નથી કેમકે કુરઆને મજીદ તથા હદીસ શરીફમાં તેની મનાઇનો હુકમ આવ્યો નથી. ”

“ બેગમ સાહેબ ! કુરઆને મજીદ અને હદીસે શરીફમાં જે વાતોની મનાઇ કરવામાં આવી નથી તેને દુરૂસ્ત ગણી લેવી દીનદારી નથી. આ બાબતમાં વધારે વીવેચન અને વાદવિવાદ કરવું નકામું છે માત્ર હું એક નાની વાત તમોને પુછું છું. સાંભળો ! મેં ઉપર વરણ-વેલી બાબતોમાંની એક પણ હઝરત પયગમ્બર સલ૦ એ, તેમના સહાબા રદી૦ એ તાબેઇનોએ અથવા તબે તાબેઇનોના સમયમાં કરવામાં આવી છે? જો તેમના સમયમાં કરવામાં આવી હોય તો મોલવી સાહેબ પણ કરે પરંતુ તેમના સમયમાં કરવામાં ન આવી હોય તો તેના માટે શું સમજવું તે મોલવી સાહેબ જાણે ? વારૂ. આ વાતને હાલ તરત બાજુએ મુકી હું એક બીજી અગત્યની બાબત તરફ આપનું ધ્યાન ખેચું છું. અગર એ બાબત ઉપર લંબાણથી ચર્ચા ચલાવવામાં આવશે તો અતી લાભ થવાની આશા છે આપ જાણો છો કે મોલવી સાહે-બને બે દીકરીઓ છે, જે બંને વીધવા છે. એકની વય વીસ અને બીજીની વય અઢાર વરસની છે આશરે ચાર વરસ થયાં બંનેનાં એક સાથે લગન કરવામાં આવ્યાં હતાં અને લગન પછી ત્રણ ચાર મહીના ગુજરવા પાંમ્યા હતા કે બંને વીધવા થઇ ગઇ. અત્યારે મોલવી સાહેબના સેંકડો મુરીદો અને શાગરીદો છે જો તેઓ ચાહે તો માત્ર એક કલાકનાજ વિચારમાં બંને જુવાન વિધવાઓના નિકાહ થઇ શકે છે પણ મોલવી—

સાહેબને કોણ જાણે શું થયું છે કે તેઓ આ નેક કામમાં આંખ આડા કાન કરી રહયા છે. એક જાહેર માણસ અગર આવી ગફલત કરે તો જુદી વાત છે પરંતુ મોલવી સાહેબ જેવા કુરઆન હદીસ અને તફસીરના આલેમ અને દીની પેશવા આવી ગફલત કરે તે તેમના માટે શોભા ભરેલું કહેવાશે નહીં. હઝરત પયગમબરે ખુદા સલ૦ ની ચઊદ બીબીઓમાં માત્ર નિકાહના વખતે હઝરત આયશા સીદદીકા રદી૦ એક કુંવારા હતાં વળી પયગમબરે ખુદા સલ૦ ની પુત્રીઓમાં માત્ર હઝરત બીબી ફાતેમા રદી૦ વિના બીજી પુત્રીઓનાં બીજી વખતે નિકાહ થયા હતા. સહાબાએ કીરામે મોટા ભાગે વિધવાઓથી લગ્ન કરયાં હતાં વિધવાઓનાં બીજી વખતના લગ્ન કરવાને આપ ખરાબ જાણો છો અને અપમાન સમજો છો. અગર કોઇ ઉંચા ખાનદાનનો આબરૂદાર માણસ કોઇ વિધવાથી લગ્ન કરી લે તો લોકો ~~તેને~~ હલકો સમજવા લાગે છે પરંતુ તે જાહેલો એટલું જાણતા નથી કે આ કામને અપમાન ભરેલું ગણવું તે ઓયા રસુલે અકરમ સલ૦ની સુન્નત અપમાન કરવા બરાબર છે, આ ઉપરથી ખુલ્લી રીતે સમજી શકાય છે કે જે માણસ ખુદા અને તેના રસુલના ફરમાનને અપમાન ભરેલું ગણતો હોય તે મુસલમાનની ગણતરીમાં કેવી રીતે ગણાય ?"

"તમારૂં આ વીવેચન વ્યાજબી છે પરંતુ આપણા દેશ અને કુટુંબના રીત રીવાજોનું શું કરવું. ?",

મકકાના કાફેરો પણ એમજ કહેતા હતા કે અમે અમારા વડવાઓના રીત રીવાજોને મુકી શકતા નથી."

"આ વાત જુદી છે અને તે વાત જુદી હતી."

"મને તો જુઠી લાગતી નથી." મેં મારા વિવેચનને આગળ ચલાવતાં કહ્યુ. "ખુદા તઆલાના ફરમાનો બંદાઓના આરામ માટેજ હોય છે. ખુદાને પોતાની હકુમત બતાવવામાં કાંઇ લાભ નથી. બંદાઓની રહેણી કરણી અને આચાર વિચાર વીગેરેને લાભ પહોંચાડે રીવાજ ફરમાનો તેણે પયગમ્બર સલ૦ ની મારફતે પહોંચાડયા છે. મક્કાના કાફેરોને લાભ પહોંચાડનાર બધા ફરમાનો હતા પરંતુ તેઓ પોતાની અજ્ઞાનતાના સબબે નુકશાન કારક સમજી લડવા મરવા તૈયાર થતા હતા અને કહેતા હતા કે અમે અમારા વડીલોના રીવાજોને કે જે સારા હોય કે નરસા, લાભ આપનારા હોય કે નુકસાન કરનારા છોડી શકતા નથી. એવીજ રીતે મોલવી સાહેબ પણ વિધવાઓના બીજી વખતના લગ્નને પયગમ્બર સલ૦ ની સુનત કહે છે અને પોતે પયગમ્બર સલ૦ એ વિધવાઓની સાથે લગ્ન કર્યા પોતાની પુત્રીઓના બીજી વખત લગ્ન કરાવ્યાં, શરીયતમાં વિધવાઓના બીજી વખતના લગ્નની તાકીદ છે, જેથી ખુદા રાજી થાય છે એ બધું સારી પેઠે સમજે છે અને માને છે છતાં દેશ અને વડવાઓના રીવાજથી વિરૂધ્ધ હોવાના સબબે તેમ કરી શકતા નથી. જાણે તેઓ રીત રીવાજની આગળ શરીઅતનાં ફરમાનની કાંઇ વીશાદ જાણતા નથી. આવી રીતે શરીઅતના ફરમાનને પીઠ પાછળ ફેંકી દેવાથી પોતાને ગુનેહગાર ન જાણતાં પોતે જે કાંઇ કરે છે તે સારૂં કરે છે એમ સમજે છે."

"દીકરી! અત્યારે તો તેં ભારે ગુંચવણ ભરેલું વિવેચન ચલાવ્યું મને તો લગારે સમજ પડતી નથી."

"મારી વાત બીલકુલ સાફ અને સમજમાં આવે તેવી છે.-

જેવી રીતે શરીઅતના દરેક ફરમાનો નાના મોટા અજ્ઞાન વિદ્વાન શહેરી ગામડીઆ વીગેરેની સમજમાં આવી શકે છે તેવીજ રીતે મારી વાત પણ સાફ છે છતાં આપની સમજમાં ન આવે કે આપને સમજ ન પડે તો મારો શું કસુર ? જુઓ હું ટુંકમાંજ આપને સમજાવું છું કે અમે મુસલમાન શા માટે છીએ ? માત્ર સરવરે કાયનાત મફખરે મોજુદાત હઝરત મોહમ્મદ સલ્લ૦ના બતાવેલા રસ્તા ઉપર ચાલીએ છીએ તેટલા માટે હવે આપ પોતેજ વિચારો કે જો અમે અમારા પ્યારા પયગમ્બર સલ્લ૦ ના ફરમાનો વિરૂધ્ધ વરતીએ અથવા તેઓએ જે કામ કર્યાં હોય તેના કરવામાં આબરૂની હાની માનીએ તો ફરી અમો મુસલમાન કહેવડાવવાના હકદાર છીએ ?"

"પછવાડેથી તમે જે કહ્યું તે હું માનતી નથી કેમકે મોલવી સાહેબ વિધવાઓના બીજી વખતના લગનને ખરાબ નથી માનતા પરંતુ તેમનું કહેવું તો એમ છે કે—

જાનતા હું સવાબ તાઅતો ઝોહદ
પર તબીઅત ઇધર નહી આતી

"સુબહાનલ્લાહ !" મેં મોટેથી પડતાં જણાવ્યું. "જે વખતે દીકરીઓની લગ્ન કરવા જોગ વય નહોતી તે વખતે કેમ લગન કરી નાંખ્યા અને હવે મરજી થતી નથી તેનું શું કારણ ? જે વખતે મોલવી સાહેબે દીકરીઓના લગન કર્યા તે વખતે દીકરીઓની વય લગન કરવા જોગ નહોતી પણ હવે તો તેઓ ખાસ જુવાનીનો જમાનો પસાર કરી રહી છે. મારા ધારવા પ્રમાણે તો બીજું કારણ કાંઇજ નહીં પરંતુ પહેલા મોલવી સાહેબ દીકરીઓનું લગન કરવામાં સવાબ સમજતા હતા અને હવે ગુનાહ માને છે."

"દીકરી! તારી વાતો તો ભારે પેચદાર છે. પણ બેટા લગારે સમજવું જોઇએ અને વિચારવું જોઇએ કે આપણા દેશના રીત રીવાજ અને કુટુંબ કબીલાના શરમના સબબે વિધવા વિવાહને સારી નજરથી જોવામાં આવતું નથી અને એજ સબબ સર મોલવી સાહેબ પણ અચકાય છે."

"બસ મારૂં પણ એજ કહેવું છે કે દેશ અને કુટુંબ કબીલાના રીત રીવાજ તથા શરમ આબરૂની આગળ ખુદા તઆલાના ફરમાનને માન આપવામાં આવતું નથી."

"દીકરી! વાત વાતમાં તેં પોતાનો મુદ્દો મજબુત કરી દીધો. બહો ચતુર છે."

"બેગમ સાહેબ! આપ જીભથી ન કરો પણ દીલની અંદર તો મારી વાત ખરી છે એમ માની ચુકેલા લાગો છો."

"તું કહે છે તે બધું ખરૂં પણ તું અને લાખ વરસો સુધી સમજાવે તો પણ હું એમ નહીં કહું કે મોલવી સાહેબે શરીઅત વીરૂધ્ધ પગલું ભર્યું છે કે ભરે છે. માત્ર તારા હાથમાં એક મોલવી સાહેબ આવી ગયા છે. પણ અહીંના મોટા ખાનદાની કુટુંબોમાંએ ક્યાં વિધવાના લગન થાય છે?"

"બસ મારી મતલબ બર આવી. હું આપની જીભથી જે કહેવડાવવા માંગતી હતી તે આપે કહી દીધું: મારૂં પણ કહેવું એમ છે કે માત્ર મોલવી સાહેબ એકલાજ નહીં પણ લગભગ બધા ઘણા ખરા ઉંચ કુટુંબનાં ગણાતાં મુસલમાનો માત્ર નામનાજ મુસલમાનો છે, અને હું જે મુસલમાનોની વિરૂધ્ધ કહેવા માંગું છું તે તેવાજ

મુસલમાનો છે. જેમના નામથી ઇસલામ કાયમ છે અને જેઓ ખરા મુસલમાનો છે તેમના માટે હું કાંઇ પણ બોલતી નથી."

"૧૩ કહે જોઇએ, અગર મોલવી સાહેબ આજે પોતાની દીકરીઓના લગન કરવા ચાહેતો વર ક્યાંથી લાવે? વિધવાની સાથે લગન કરવાને કોણ રાજી થશે?"

"જો આ સવાલ મોલવી સાહેબ કરતા તો હું તેમને સારૂ જવાબ આપતી. આપને જવાબ આપવાથી આપ મને છિછરી અને બહુ બોલી સમજશો પણ પરવા નહીં હું આપની માફી માગીને જાણું છું કે મોલવી સાહેબના પાસે બે મુસલમાન નોકરો છે તેમની સાથેજ શા માટે લગન કરી આપતા નથી?"

"એ હવે રહેવા દે, બહુ થયું, મોલવી સાહેબ જેવા ખાનદાની માણસની દીકરીઓને નોકરને લાયક ગણવી એ તારૂંજ કામ છે."

"તો શું મેં નોકરોની સાથે લગન કરી આપ્યા. એ તો એક દાખલા રૂપે જણાવ્યું. પણ જો મોલવી સાહેબ લગન કરી આપવાનું ધારે તો તેમના મુરીદો, શાગરીદો અને સગાઓમાં એક કરતાં એક સરસ અને સારા છોકરાઓ પડેલા છે તેમનાથી લગન કરી આપે. પણ જો તકરારની ખાતર એમ માની લઇએ કે નોકરો સીવાય બીજા કોઇ લગન કરવાને રાજી થતા નથી તો તેમની સાથે લગન કરી આપવામાં પણ શું ખોટું છે. મુસલમાનો પોત પોતામાં એક બીજાના ભાઇ છે. ઇસલામમાં બીજા બધા ધરમો કરતાં એજ મોટી ખુબી છે કે જાતી ભેદને નાબુદ કરે છે. લગાર ધ્યાન પુરવક જોવામાં આવે તો ઉંચ અને નીચ ખાનદાનનું હોવું દોલત ઉપર આધાર રાખે છે અને દુનિઆ જાતને નહી પણ પઇસાને માન આપે છે.

અગર 'એક નીચ જાતના માણુસની પાસે સારી દોલત 'હોય તો બધા તેને ઉંચી જાતનો કહેશે જો કે તે ઉંચ ખાનદાનનો નહીં કહેવાય પણ થોડાજ વખતમાં તેના દીકરાના દીકરા ઉંચા ખાનદાની કુટુંબોમાં ગણાવા લાગશે. અગર એક માણુસ કોઇને ત્યાં નોકરી કરે તો તેથી શું તેની માણુસાઇ અને ખાનદાની આબરૂમાં ફેર પડી જશે? આ માન અને આબરૂ માત્ર દુનિઆના લોકોએ ઘડી કાઢેલાં છે."

એકને ઘટાડવો અને બીજાને વધારવો તે ખુદાની હીકમત છે. કોઇને તે રૂપની દોલત આપે છે કોઇને પૈસા ટકાની દોલતથી નવાજે છે, એક પોતાના પુત્ર પરીવાર ઉપર મગરૂર છે તો બીજો પોતાની તંદુરસ્તી ઉપર રાજી થાય છે. ટુંકમાં એટલુંજ કે દરેક માણુસ પોત પોતાની મોજમા મસ્ત છે. માલદારો ગરીબોને નીચ સમજવાનો લગાર પણ હક ધરાવતાં નથી. બેગમ સાહેબ! 'ઉંચ' નીચના ભેદ પોતાના મનમાંથી કાઢી નાંખો અને હું જે કાંઇ કહું છું તે ઉપર ધ્યાન આપો. વારૂ આપની સમજમાં સહેલાઇથી આવી જાય એટલા માટે હું એક દાખલો આપવા ચાહું છું પણ રખેને આપને ખોટું લાગે અને આપ મને બે અદબ સમજો એટલા માટે અચકાઉં છું."

મારી વાતોથી બેગમ સાહેબ ભારે વમાસણમાં પડયાં હતાં અને પોતાના પીરની બુરાઇઓ સાંભળવાથી શરમીંદા હતા તેથી તેઓએ કાંઇ જવાબ આપ્યો નહી અને હું ચુપ થઇ જાઉં એમ ચાહતાં હતાં પરંતુ બહારથી ચુસ્ત બોલ્યો.

"વાદવીવાદમાં ખોટું માનવું ન જોઇએ તમે જે કાંઇ કહેવા ચાહતા હો તે ખુશીથી કહો."

યુસુફ મારી વાતો રસ લઇને સાંભળી રહયો છે તે જાણીને મને સંતોષ થયો તેના પીતા નવાબ યાકુબ કાંઇ બોલ્યા નહી પણ તેઓ મારી વાત સાંભળવાને હજુ સુધી બેઠાં છે એ જાણી મને જણાયું કે તેમના મન ઉપર મારી વાતોનો અસર થઇ રહયો છે. મેં બેગમ સાહેબને સંબોધીને કહયું.

"બેગમ સાહેબ! સાંભળો. અને મારી વાતનો હા અથવા નાનો જવાબ આપતા જાવ"

"વારૂ કહો,"

"હું ધારૂં છું કે હાલમાં મોલવી સાહેબની વય ચાલીસ વરસની હશે. જુવાનીનો જમાનો વીતી ગયો છે. હાલમાં તો ખુદાંનાં ફઝલથી તેમના બીબી જીવતા છે પણ ખુદા ન કરે ને તેઓ મરી જાય ~~તે તો~~ અતે આપ પોતેજ કહો કે મોલવી સાહેબ લગ્ન કરશે કે નહીં?"

"હું શું જાણું."

"આશરેથી કહો"

"હું આશરેથી પણ કાંઇ કહી શકતી નથી."

"ત્યારે ફરી હું મારૂં બોલવું બંદ કરૂં છું કારણ કે જ્યારે આપ ધ્યાન પુરવક ન સાંભળો અને હું જે પુછું તેનો જવાબ આપવા માટે અખાડા કરો તો મારૂં વીવેચન કરવું વ્યર્થ છે."

આટલું બોલીને હું ચુપ થઇ હતી કે અંદરથી નવાબ યાકુબ એકદમ બોલી ઉઠયા.

"તમે બોલવું બંદ ન કરો બેગમ જવાબ ન આપે તો આપું છું અને કહું છું કે તેઓ જરૂર બીજું લગ્ન કરશે"

"આપ એમ શા માટે નહીં કહો?" બેગમ સાહેબની પાસે માનીતી દાસીએ નવાબ સાહેબની ટકોર કરી જોઇ બધી બાનુઓ હસી પડી અને મેં નવાબ સાહેબને મારૂં વિવેચન ધ્યાન પુરવક સાંભળતાં જોઇ કહ્યું.

"વારૂ બેગમ સાહેબ! ફરમાવો જોઇએ મૌલવી સાહેબને પોતાના ખાનદાનમાંથી કોઇ કન્યા ન મળી તો તેઓ શુ કરશે?"

"હું શું જાણું" બેગમ સાહેબે છણકો કરતાં કહ્યું એટલે મેં સામેથી જવાબ આપ્યો.

"હું બતાવું, મૌલવી સાહેબને ત્યાં ઘણાં વરસોથી ત્રીસ પાંત્રીસ વરસની વયની એક રાંધનારી રહે છે. હાલ તો તે એટલી બધી દેખાવડી નથી પરંતુ પહેલાં સારા ચહેરા મોહરાની હશે અગર મૌલવી સાહેબને કોઇ સારી કન્યા ન મલી તો તેઓ તેનાથી નિકાહ પઢાવી લેશે."

"ફરી શું થશે?" બેગમ સાહેબ ગુસ્સાથી બોલ્યાં એટલે મેં કહ્યું.

"મારો મુદ્દો સફળ થયો."

"તે કેવી રીતે?"

"જ્યારે મૌલવી સાહેબ ચાલીસ વરસની વયમાં પોતાની ઉમંગો ઉપર કાબુ ન પામતાં લાચાર બનીને ઘરની રાંધનારીની સાથે નીકાહ પઢવા તઇયાર થઇ જાય ત્યારે તેમની જુવાન દીકરીઓ જેઓ પોતાની જુવાનીનો જોશ કોઇ બી રીતે દબાવી શકતી નથી તેમને નોકરોની સાથે લગન ગાંઠથી જોડી દેવામાં શું હરકત છે. શું મૌલવી સાહેબ પોતાના ચાલીસ વરસના જોશને ન દબાવતાં જુવાન છોકરીઓના જોશને દબાવવા ચાહે છે?"

" તેણું મોલવી સાહેબ પોતાની દીકરીઓ તે નોકરોના હવાલામાં આપી દે ?"

બેગમ સાહેબના આ સવાલનો જવાબ હું આપું તે પહેલાં અંદરથી નવાબ સાહેબે આપ્યો.

" બીબી સાહેબા ના કહેવાની મતલબ એમ નથી કે મોલવી સાહેબ જાણી જોઇને નોકરોની સાથે પરણાવે બલકે તેમનું કહેવું એમ છે કે જો મોલવી સાહેબ દીકરીઓના લગન કરવા ચાહેતો કરી શકે છે. શરીઅતમાં દરેક જાત ની આસાની રાખવામાં આવી છે. પણ જો તેઓ ન ચાહે તો સેંકડો બહાના છે. "

આ સાંભળી બેગમ સાહેબ કાંઇ બોલવા ચાહતાંજ હતાં કે મેં બંને હાથ જોડીને કહ્યું.

"બસ હવે આપને વધુ કહેવાની જરૂર નથી. કેમકે આપણા બંનેની વચ્ચે ઇનસાફ કરનાર મુનસીફે પોતાનો ફેંસલો સંભળાવી દીધો"

આ વાતચીત પછી બધા વીખરાયા અને હું રશીદાની મેડી ઉપર ગઇ. અમે બંને એકાંતમાં મળતાં ઘણી વાતો થઇ. રશીદાએ મારા વીવેચનની બહુજ તારીફ કરી પણ જ્યારે હું કહેતી કે આ બધું તમારા માટેજ કરવું પડયું છે ત્યારે રશીદા શરમાઇને નીચી નજરો કરી લેતી. છેવટમાં તેણીએ કહ્યું—

" તમે જે કાંઇ કરોછો, કહોછો અને કરશો તે બધુ ખરૂં પરંતુ બધા ઘરવાળા એમ ન સમજે કે તમે આ જે કાંઇ કરો છો તે મારા માટેજ છે. "

" બહેન ! તમારે આ વાતની ચીંતા કરવાની જરૂર નથી. હજુ

સુધી તેઓ એમ સમજ્યા નથી તો હવે સમજી જશે અને જો તેઓ નહીં સમજે. તો હું પોતે સમજાવી દઇશ હું તો બસ એજ ચીંતામાં છું કે અહીંથી જવા પહેલાં યુસુફ અને તમને એક થએલાં જોઉં."

"શું એમ થઇ શકે છે ?"

"ખુદાની કુદરતથી કાંઇ દુર નથી. પરંતુ તમો બંને એક થાવ તે પહેલાં હાલમાં પણ હું તમો બંનેને પતી પતની સમજું છું. અને ચાહું છું કે તમે યુસુફને પોતાનો પતીજ સમજો."

"હાય, હાય, આ શું બોલો છો ?મારે લગન નથી કરવું."

જો તમે ખરા દીલથી કહેતા હોતો હું એમજ કરીશ. પણ હું નથી સમજતી કે તમે ખરા દીલથી કહેતાં હો બલકે લગનના લહાવાના વિચારથીજ દીલ બેચેન થઇ જતું હશે અને હું તાકીદથી એ કામ કરી આપું એટલા માટે આવું બોલતાં હશો. પણ તમે બેફીકર રહો. મને પોતાને વધારે ખ્યાલ છે."

"લો બસ હવે રહેવા દો તમારાથી કોણ વીવાદ કરે ? પણ બહેન મારી આબરૂ ઊપર પાણી ન ફરે તેનો વિચાર કરજો.

"તમે બે ફીકર રહો. તમારી આબરૂ ઇજ્જતમાં વધારો ન થાય તો કહેજો."

આવી રીતે અમે બંને જણાં રાતના બે વાગ્યા સુધી વાતો કરતા રહયા. રશીદાનુ અંતર આનંદથી મલકાઇ રહ્યું હતું જો કે જાહેરમાં તો તે ઇનકાર કરતી હતી પરંતુ જીભ ઉપર દીલનો કાબુ હોવાથી માણસ ગમે તેટલી અંતરની વાત છુપાવે છતાં વાતચીતની

હમથી અંતરની વાત ઉઘાડી પડી જાય છે. હવે મને યુસુફના દીલની હકીકત જાણવાનો વિચાર આવ્યો એટલે મેં બીજે દીવસે નીચે મુજબ એક કાગળ લખ્યો.

" જનાબ યુસુફ ! રાતનું વીવેચન આપે સાંભળ્યું ? મને વધારે ખુશી એટલા માટે થઇ કે આપના પીતા નવાબ સાહેબ પણ હતા અને તેઓએ મારા વીવેચને ટેકો આપ્યો. મારૂં વીવેચન આપને પસંદ પડ્યું કે નહીં તે હું જાણતી નથી. ઘરનો સુધારો મોટા ભાગે પુરૂષોથી થઇ શકે છે. બાપડી સ્ત્રીઓ આ વાતમાં લાચાર છે. બેગમ સાહેબની સાથે મારો જે વીવાદ થયો તેનું હું ઉમદા પરીણામ એજ સમજું છું કે નવાબ સાહેબ આ વાતથી જાણીતા થઇ ગયા. બેગમ સાહેબનું સાંભળવું અને ન સાંભળવું બંને બરાબર છે. હું આપના ઘરની બધી હકીકત જાણું છું અને એટલા દીવસ સુધી તમારે ત્યાં રહીને નીમક ખાધું તેથી હું મને પોતાને આપના ઘરનીજ એક સ્ત્રી સમજું છું આશા છે કે આપ મને આપની અને આપના ઘરની એક ખેર ખ્વાહ સમજશો. હું શું અને મારી લાયકાત શું ? પણ રાતની વખતે હું જે મઝહબી બાબતોનું વીવેચન કરૂં છું તે વખતે આપ બહારના દીવાનખાનામાં આવીને બેસો તો મને ઘણી મદદ મળશે. આપ પોતે સારી પેઠે સમજી શકો છો કે આ પત્રમાં હું એના કરતાં વધારે શું લખી શકું છું ? પરંતુ આપ પોતે સમજદાર છો તેથી વધુ કાંઇ ન લખતાં એટલું જણાવીશ કે ઘરની સ્ત્રીઓની સ્થીતી સુધારવામાં આપની કોશીશ ઘણું કામ કરી શકે છે. હાલ એજ વસ્સલામ "

આપની હીતેચ્છુ

તા૦ ૧૩ મી ઓગસ્ટ સને ૧૮૮૪ — આબેદા

" મારા પત્રનો યુસુફના તરફથી બીજે દીવસે નીચે પ્રમાણે જવાબ મલ્યો.

લખનઉ તા. ૪ થી આગસ્ટ ૧૮૮૪

" બી આબેદા !

તમારો પત્ર મલ્યો તમોએ શબ્દોના પરદામાં રહી જે વાત જાહેર કરી છે તેનું સમજ્યો છું માટે હવે તમે પણ સમજો કે હું તમારો મુળ મુદ્દો સમજીને આ જવાબ લખી રહયો છું. તમારૂં રાતનું વીવેચન ખરેખર વખાણવા પાત્ર હતું. મારા અબ્બાએ તો ખુલ્લી રીતે તમારી તરફેણમાં મત આપી દીધો અને હું નથી ધારતો કે મારી અંમા પણ તમારા મતથી વિરૂધ્ધ જાય, મને આજ સુધી રશીદાના વિચાર જણાયા નહોતા તેથી ભારે ચીંતા રહેતી હતી અને એજ કારણથી હું મારા વિચારો જાહેર કરતાં અચકાતો હતો. પણ હવે તમારો પત્ર મળવાથી એ ચીંતા દુર થવા લાગી છે. આ બાબતમાં શરીઅત પ્રમાણે અમલ કરવાની મારી ખાસ ઇચ્છા હતી પરંતુ રશીદાના અંતરની વાત ન જાણવાના સબબે હું તેમ કરી શકયો ન હતો. મારૂં અંતઃકરણ આ વાત વધારે લંબાણથી લખવાની સલાહ આપે છે પણ તમારી નુકતે ચીનીના બીકના સબબે હું મારી કલમને અહીંજ રોકુ છું. મારો આ પત્ર તમને કોઇબી રીતે ઉપયોગી નીવડશે નહી માટે એક બીજો પત્ર આ સાથે મોકલું છું આશા છે કે તે તમોને તમારા ઉઠાવેલાં સાહસમાં મદદ કરશે. "

તમારો આજ્ઞાંકિત

યુસુફ.

યુસુફનો બીજો પત્ર નીચે મુજબ હતો.

લખનઉ તા. ૪ થી અગસ્ટ ૧૮૯૪.

" બી આબેદા ! ખુદા આપને સલામત રાખે. પરમ દહાડે રાતે આપનું વીવેચન મેં સાંભળ્યું હતું. આજ ચાર વરસથી હું જે બાબત ઉપર વિચાર કરતો હતો તેજ બાબત ઉપર આપે વિવેચન ચલાવ્યું હતું. શરીઅતમાં કાંઇ શરમ નથી. માણસે ખુદાના હુકમ વીરૂધ વરતનથી શરમ કરવી જોઇએ પરંતુ તેના બંદાઓની અધટીત ઇચ્છાઓના સબબે શરમ કરવી મુનાસબ નથી. હું આજે ખુલ્લા દીલથી કહું છું કે રશીદાના સાથે નિકાહ કરવાને હું તઇયાર છું મારી આ ઇચ્છાથી મારા ઘરના માણસો જાણ્યામાં અંજાણ નહીં હોય છતાં કોઇ આ ભેદની વાત ન હોવાથી હું તેને જાહેર કરતાં અચકાતો નથી. આપ મહેરબાની કરીને રસીદાને પુછી જુઓ, જો તેને મંજુર હોય (મારા ધારવા મુજબ ઇનકાર કરવાનું કોઇ કારણ નથી) તો આપ આ નેકીના કામમાં આપથી જ્યાં સુધી બને ત્યાં સુધી કોશીશ કરશો તો મારા ઉપર આપનો સદાના માટે આભાર થશે. આ નેક કામમાં કોશીશ કરવાથી માત્ર મારા એકલાના ઉપરજ આભાર નહીં. બલકે રશીદા તથા તેના જેવી અનેક બાળ વિધવાઓ જેઓ ખાનદાની રીત રીવાજની શીકાર બનેલી છે તેમના ઉપર પણ આભાર થશે. "

આપનો સેવક

યુસુફ.

યુસુફના આ બંને પત્રો મેં ત્રણ વખત વાંચ્યા અને રસીદાને પણ વાંચી સંભળાવ્યા તે બાદ પહેલો પત્ર ફાડી નાંખ્યો. અને બીજો

પત્ર મારી પેટીમાં સંભાળીને મુકયો લગભગ પાંચ દીવસ સુધી મેં આ વાતને કેવી રીતે ઉપાડવી તે માટે વિચાર કર્યો, છેવટે હું એક નિશ્ચય ઉપર પહોંચી. એક દીવસે મેં યુસુફનો પત્ર કાઢયો અને તે પત્રમાં મારા તરફથી આ પ્રમાણે લખ્યું. "મારા જેવી પરદેશી બાળાને આ પત્ર શા માટે મોકલ્યો. નવાબ સાહેબની સેવામાં મોકલ્યો હોત તો ઠીક થાત કેમકે તેઓ આખા ઘરના માલેક અને બુધ્ધીશાળી છે મારા જેવી ગરીબ બીચારી મોટા ખાનદાની કુટુંબના ખાનગી આમલામાં શું મત આપી શકે.છે? જાણવામાં આ પત્ર લખનારને મારૂં અહીં રહેવું પસંદ પડેલું ન હોવાથી તેઓએ મારી સાથે પત્ર વ્યહવાર ચાલુ કર્યો છે."

મેં તે પત્રમાં ઉપરની ઇબાદત લખી, અને કોઇ ઉમદા તકની શોધમાં રહી એક દીવસે સવારની પહોરમાં નમાઝ અદા કરીને નવાબ સાહેબ દીવાનખાનામાં વઝીફા પઢતા હતા. મેં બારીમાંથી તેમને એકલા જોયા એટલે તે તકને ગુમાવવી મુનાસબ જણાઇ નહી તેથી મેં યુસુફનો મજકુર કાગળ ખાસદાનમાં મુકીને એક નોકર છોકરાની સાથે નવાબ સાહેબની સેવામાં મોકલ્યો. અને નવાબ સાહેબને તે પત્ર બરોબર પહોંચ્યો કે, નહી તેની બારીમાંથી જોઇને ખાતરી કરી લીધી. હું બારીમાંથી જોઇ રહી હતી કે નવાબ સાહેબે તે પત્રને બે ચાર વાર વાંચ્યો અને વીચારમાં પડી ગયા. આવી રીતે ઘણીવાર સુધી તેઓ કાગળની ઇબારત વાંચી વિચારમાં પડી જતા હતા. વઝીફો પુરો કર્યા બાદ તેઓ મજકુર પત્ર લઇને અંદર જનાનખાનામાં ગયા અને બેગમ સાહેબને પોતાના ઓરડામાં બોલાવી વાતો શરૂ કરી. આ બાબતથી હજુ સુધી રશીદા બીલકુલ અંજાણ હતી. એટલે આ વખતે બેગમ અને

નવાબ સાહેબની વાતચીત સાંભળવા માટે રશીદાને છુપી રીતે ત્યાં મોકલવાની જરૂરત જણાઇ. મેં રશીદાને બેગમ અને નવાબ સાહેબની વાતો સાંભળવા માટે જવાનું કહ્યું પરંતુ તેણીએ બે જણ છાની વાત કરતાં હોય તે સાંભળવા જવાને સાફ ઇનકાર કરી દીધો. પણ જ્યારે મેં તેણીને અસલ હકીકતથી વાકેફ કરી અને યુસુફ તથા એની ભવિષ્યની જીંદગીના ફેંસલા માટે અત્યારે આ બંને જણાં વાત ચીત કરી રહ્યાં છે છતાં બંનેમાંથી એકનું પણ મત દરયાફત કરતા ન હોવાથી તેઓ એક અઘટીત પગલું ભરી રહ્યાં છે માટે તમારે પણ તમારી ભવીષ્યની જીંદગીના માટે થતી વાતચીત સાંભળવામાં કાંઇ હરકત જેવું નથી. મારા સમજાવવાથી રશીદા નવાબ સાહેબના ઓરડાની તરફ ગઇ. પરંતુ તેના ચહેરા ઉપરથી જણાતું હતું કે તેણી અત્યારે ભારે લાચારીથી એક અઘટીત પગલું ભરી રહી છે મને પણ આવી રીતે બે જણની છાની વાત ચુપકીથી સાંભળવાનું યોગ્ય લાગ્યું-નહીં એટલે મેં રશીદાને પાછી બોલાવવાનો વીચાર કર્યો હતો પણ તેણી બારણાની પાસે પહોંચી ચુકી હતી મારી પાસેથી તેણી ભારે અભાવની સાથે ગઇ પરંતુ બારણાની પાસે પહોંચતા તેણીને બેગમ સાહેબ તથા નવાબ સાહેબની વાતચીતમાં એટલો બધો રસ પડયો કે બારણાની પાસેથી ખસવાનું નામજ લેતી નહોતી અને જાણે બારણાને ચોંટી ગઇ હતી. લગભગ બે કલાક સુધી તેણી વાતો સાંભળતી રહી આ બે કલાકનો વખત પસાર કરવો મારા માટે ભારે મુસીબત હતી જ્યારે પુરા બે કલાક વીતતાં તેણી મારી પાસે આવી તો તેણીના ચહેરા ઉપર ખુશીનાં નીશાન જણાતાં હતાં. હું સમજી ગઇ કે વાત સફળ થતી લાગે છે. રશીદા સાંભળેલી વાતો કહેવા બેઠી પણ તે ખુશીના સબબે બોલવા

કાંઇ ચાહતી હતી અને જીભથી બીજું કાંઇ નીકળતું હતું તેથી મેં ટકોરમાં કહ્યું.

"પહેલાં સારી પેઠે ખુશી થઇ જાવ અને જ્યારે તમારૂં દિલ તમારા કબજામાં આવી જાય ત્યારે વર્ણન કરજો."

"ખુશી શાની?"

"બસ વધારે બનવામાં માલ નથી. તમારો ચહેરો આનંદથી મલકાઇ રહેલા અંતરની ગવાહી આપી રહયો છે. તમારી વાતચીત તમારો ભેદ ઉઘાડો કરી રહી છે. બહેન, મુબારક"

"મુબારક સલામતને હાલ બાજુએ મુકો. કેમકે તમોએ મારા માટે બેગમ અને નવાબ સાહેબની વચ્ચે ખટપટ જગાડી દીધી."

"કેવી ખટપટ?"

"નવાબ સાહેબ યુસુફનો પત્ર વારે ઘડીએ વાંચતા હતા અને બેગમ સાહેબને દરેક ઉંચ નીચની સમજણ પાડતા હતા. બેગમ સાહેબને તે પત્ર બનાવટી જણાયો અને યુસુફ આવો પત્ર લખે એ તેમના માનવામાં ન આવ્યું જેના ઉપર ઘણીવાર સુધી ભારે તકરાર ચાલી."

"ફરી પરિણામ શું આવ્યું?"

"નવાબ સાહેબની વાત માનવા વગર બેગમ સાહેબનો છુટકારો ન હતો. પરંતુ મારા માટે તે ભારે આફત છે. કેમકે જો બેગમ સાહેબની મરજી વિરૂધ્ધ મારૂં લગ્ન થયું તો, હું હમેશાં તેમની નજરમાં હલકી ગણાઇશ અને તેથી દર વખતે ઘરમાં જે આરામ અને સુખ ચેનની આશા રાખવામાં આવે છે તે મળશે નહી."

" હું ધાંરૂં છું કે અત્યાર આગમચ તમારી અને બેગમ સાહેબની વચ્ચે દુશમની તો નથી ? "

" નહીં બીલકુલ નહીં. "

" તો ફરી કાંઇ ચીંતા જેવું નથી. "

" કેવી રીતે? "

" જ્યારે યુસુફ તમારી સાથે હેત પ્યારનો વરતાવ કરશે ત્યારે તમે કોઇને અલખામણાં નહી લાગો. કેમકે સાસુ નણંદો અને ઘરના તમામ નાના મોટા ધણીની નજર જુએ છે અગર તે બઇરી ઉપર રાઝેઓ જણાવો તો ફરી કોઇ કાંઇ ખોડખામી કાઢતુ નથીં તેમજ અભાવ બતાવતું નથી. " રાજાને ગમી તે રાણી " ની પેઠે થાય છે. હવે તમે બેગમ અને નવાબ સાહેબની સાથે જાગેલી ખટપટનું કહો છો તે વીશે પણ ચીંતા ન કરો આપણા દેશની ઘણી ખરી સ્ત્રીઓ પોતાના ધણીની સાથે એવીજ રીતે વાતો કરે છે કે અંજાણ્યા માણસને લડાઇ થયેલી હોય એમ જણાય છે. હજુ તમને આવી વાતોનો અનુભવ નથી તેથી તે બંનેની વાતચીતને ખટપટ સમજો એટલાં પણ બેગમ સાહેબ ખરેખર રીતે લડયા હોય એ હું માની શકતી નથી. "

" બ્હેન તમોને આ તરફના કુટુંબોના રીત રીવાજની ખબર નથી. અહીં વિધવા વિવાહના કામને સખ્ત બદનામીનું કામ ગણવામાં આવે છે. "

" માત્ર આ તરફજ વિધવા વિવાહને ખરાબ ગણતાં હોય એમ નથી. બલકે આખા હીંદની સ્થીતી એક સરખી છે. પણ બેગમ સાહેબા અને નવાબ સાહેબને તમારા લગ્નથી વીરૂ-

હતા નહીં હોય, મારૂં દિલ ગવાહી આપે છે કે તમારૂં કામ સફળ થશે."

"તમો તે રાતે કરેલા વિવેચનના ભરૂસા ઊપર કહેતા હશો ?"

"બેશક ! મારૂં તે રાતનું વીવેચન નકામું નથી ગયું. વધુ નહીં તો થોડો ઘણો અસર જરૂર થવા પામ્યો છે. કેમકે જે વાત જીભ ઉપર લાવતાં કોઇની પણ હીંમત નહોતી થતી તે વાત ઉપર વાદવીવાદ ચાલે છે. તમે પોતે જ કહોને કે મારા વિવેચનથી તમારા દીલ ઉપર કેવો અસર થયો ?"

"ખરી વાત તો એ છે કે બધા કરતાં મારા દીલ ઉપર તમારૂં વીવેચન આ આબાદ અસરકારક નીવડયું છે, પરંતુ હું ગરજવાન છું તેથી મારા દીલ ઉપર અસર થયો પરંતુ જેઓ કાંઇ ગરજ ધરાવતા નથી તેમને અસર થવો મુશકેલ છે."

"એ હું કબુલ કરૂં છું પરંતુ તે સાથેજ યુસુફ તમારી સાથેજ લગ્ન કરવાની હઠ લઇને બેઠો છે. આખા ઘરમાં તે એકજ દીકરો હોવાથી નાનાથી મોટા બધા તેને ચાહે છે. જો તેની આ હઠ પુરી કરવામાં ન આવી તો તેને દીવાનાપણું લાગી જવાનો ભય રહે છે. બેગમ સાહેબ આ વાત ન સમજે પરંતુ નવાબ સાહેબ સારી પેઠે સમજી શકે છે કે ઇશ્ક કેટલીક વખતે દીવાનાપણાનો દીબાચો થઇ જાય છે. આ કારણના લીધેજ નવાબ સાહેબ તમારા લગ્નની તરફેણમાં છે. બેગમ સાહેબની વીરૂદ્ધતા વધુ વાર ટકી શકતી નથી અને મને પુરો ભરૂસો છે કે રીત રીવાજની પાબંદીના ઉપર દીકરાની મોહોબ્બત ફતેહમંદ થશે."

"હા, મારૂં માનવું પણ કેટલેક દરજ્જે એવુંજ છે."

"તો ફરી ગભરાઓ છો શા માટે?"

"કાંઇ જાહેરમાં આવે તો ગભરામણ દુર થાય માત્ર વાતો કરવાથી ગભરામણમાં વધારો થાય છે."

"વાહ બહેન વાહ" મે રશીદાના ગાલ ઉપર ધીમેથી આંગળાં અટકાવતાં કહ્યું "એક અઠવાડીયા પહેલાં કાંઇ ન હોતું અને જ્યારે કાંઇક આશાની ચળવળ શરૂ થઇ તો આભાર માનવાનો બદલામાં મારા ઉપર આળ મુકો છો."

"આળ મુકવા જેવીજ વાત છે ને? અમે બધા આરામમાં હતાં ત્યાં તમોએ આવીને આ નવો બુટટો ઉડાવ્યો."

"જ્યારે મતલબ પાર પડતી જણાઇ તો ગભરાણ થવા લાગી અને લગન થશે ત્યારે તો કોણ જાણે શું નું શું થઇ જશે."

"આ બધા તમે ખ્યાલી પુલાવ પકાવી રહ્યાં છો" રશીદાએ હસતાં હસતાં કહ્યું. "મારી અંમાના સ્વભાવથી તમે જાણીતા નથી. જ્યાં સુધી તેઓ રાજી ન થાય ત્યાં સુધી આ બધી વાતો ધુળ ઉપર લીંપણ સમજવી."

"શું તમારી અંમાજાનનો નિકાહ થનાર છે?"

"શું બોલ્યાં?"

"ત્યારે ફરી શું કહું? નિકાહ તમારો થાય અને અંમાજાનને રાજી કરવાં જોઇએ."

"તો શું તેમની રજા વિના થઇ જશે"

"શા માટે ન થાય? તમે પોતે ઉમરલાયક છો સમજુ છો તેથી અંમાની રજા લેવાની જરૂર નથી. માત્ર દુનિયાદારી અને તેઓ તમારી અંમા છે એટલે વખત ઉપર વાત કરી લેજો."

"તો શું હું વાત કરવા જઈશ ?"

"તમે વાત જે કરી શકો તો ઘરમાંની કોઈ પણ ઓરત દરયાફ્ત કરી લેશે. પોતે નવાબ સાહેબ અથવા બેગમ સાહેબ પુછે. પોતાની રજામંદી જાહેર કરે અને યુસુફની ફરેફ્તગી તથા તમારી ઈચ્છાનું કહે એટલે ફરી તેઓ ઇનકાર કરશે નહી."

"મારી ઇચ્છા કેવી ?"

"ત્યારે શું માત્ર યુસુફનીજ ખ્વાહીશ ! તેનીજ ફરેફ્તગી !! તમારા તરફથી બીલકુલ ઇનકાર ! પણ તમારી અંમા તો સારી પેઠે સમજી શકે છે કે આખા ઘરની ઇચ્છાથી અને શરીઅતના હુકમથી વિરૂદ્ધ જવું તથા તમારા ઇનકારને કુદરતી કાનુન વિરૂદ્ધ ખરા દિલનો ઇનકાર સમજવો બેવકુફી નહી તો બીજું શું છે ?"

"એ બધું ખરૂં પણ જ્યારે અંમાજાન મને પુછશે તો હું પહેલાં ઇનકાર કરીશ. બ્હેન અસલમાં એમને રાજી કરવા એ મહાન કામ સમજવું જોઇએ. તેઓ કદાચ એમ સમજી બેસે કે મને ગરીબ સમજીને તાઇ પીંજારાની દીકરીઓની પેઠે મારી દીકરીને સમજી બેઠાં છે તો મહા મોટી મુશકેલી ઉભી થશે."

"તો શું આવી રીતે સમજી બેસે એવો સંભવ છે ?"

"જો પહેલાંથી ખુબસુરતીની સાથે મમતા કાન સુધી આ વાત ન પહોંચાડી તો મામલો બગડી જવાનો સંભવ છે."

"ત્યારે આ કામ પણ હું મારા માથે લઉ છું"

"હાં, એમજ કરો પણ કોઇ તેમને કહે તે પહેલાં તમારે કહેવું જોઇએ."

" હું હમણાંજ જાઉં છું."

" જવું તો હમણાંજ જોઇએ પણ કેવી રીતે વાતચીત કરવી તે પહેલાંથી સારી પેઠે વીચારવું જોઇએ."

" ઠીક છે વખત ઉપર જોઇ લેવાશે."

આટલી વાતચીત પછી હુ રશીદાના ઓરડામાંથી નીકળીને બહાર આવી તો સીડીના પાસે બેગમ સાહેબ મળ્યાં. દરેક મીનીટ માટે અમે બંને જણાં ત્યાંજ ઉભાં થઇને વાતો કરવા લાગ્યાં. બેગમ સાહેબે જણાવ્યું કે " કોણજાણે તમે કેવા ચોઘડીએ વિધવા લગ્નના મસઅલો ઉપર વિવેચન ચલાવ્યું છે કે તેની શરૂઆત આપણાં ઘેરથીજ થતી જણાય છે." આટલું કહી બેગમ સાહેબે પોતાની સાથે નવાબ સાહેબની થએલી બધી વાતચીત સંભળાવી તે બાદ અમે બંને જણાં રશીદાના ઓરડામાં આવ્યાં. બેગમ સાહેબ રશીદાની મરજી જાણવા માટે આવ્યાં હતાં પણ વાત કરવાની તક ન મળતાં તેઓ ત્યાંથી ઉઠવાં અને મને પણ પોતાની સાથે ચાલવા માટે અણસારાથી જણાવ્યું. બહાર નીકળીને બેગમ સાહેબે પોતાનો મત જાહેર કરતાં કહ્યું " તમારાથી કોઇ વાત છુપી નથી. નવાબ સાહેબ યુસુફ અને તમે ત્રણે એક મત થએલાં લાગો છો એટલે તમારા મતથી વિરૂદ્ધ જાઉં તો મારૂં કાંઇ ચાલશે નહીં. પણ આ મામલામાં વિરૂદ્ધ જવાનું મને કાંઇ કારણ નથી હું આ લગ્ન ન પસંદ કરૂં છું, માત્ર લોકો શું કહેશે તેનો ખ્યાલ છે પણ તેની કાંઇ પરવા નથી જે કાંઇ થશે તે જોઇ લેવાશે અલબતાં રશીદાની ઇચ્છા જાણવી જરૂરી છે. અને હું ધારૂં છું કે તમે આ બાબતમાં રશીદાનો મત દરયાફતે કરી ચુકયાં હશો ?"

"રશીદાનું પહેલું લગ્ન થયું તે પ્રસંગે તમોએ તેનો મત દરયાફત કર્યો હતો?"

"ના"

"તો ફરી આ વખતે પુછવાનું કારણ? પણ હશે હાલ તરત આ વાત જવા દો. મારા ધારવા પ્રમાણે રશીદા ઇનકાર કરે એમ લાગતું નથી. અસબનાં રશીદાની અંમા આ મામલાથી બીલકુલ અંજાણ છે માટે પહેલાં તેમનો મત લેવો જરૂરી છે."

"હા, હું પણ એજ વિચારમાં છું. હમીદાનું રાજી થવું સહેલું નથી."

"પણ તેમને ખબર તો આપવીજ પડશે."

"એ વીના લગન કેવી રીતે થઇ શકે? ગમે તેમ કરીને પણ તેમને રાજી કરવા પડશે. પરંતુ પહેલાં કેવી રીતે વાત કરવી અને તે કોણ કરે એ વીચારવું છે."

"એમની પાસે જઇને વાત તો હું કરી આવું પરંતુ આપ સાથે ચાલો તો સારૂં"

"હમણાં અમારામાંથી કોઇ વાત ન કરે તો સારૂં બારોબારના માણસો વાત ઉપાડે અને તે બાદ ઘરના માણસો વાત કરે તો ઠીક"

"ત્યારે જો આપ કહેતાં હોવ તો હું જઇને વાત કરૂં."

"ભલે જાવ."

આ વાત ચીત પછી હું હમીદા બેગમના ઓરડા તરફ ગઇ, જ્યાં તેણી હર વખતે નમાઝ અને વીરદ વઝાઇફામાં મશગુલ રહેતી હતી. તેણીને એકાંત વાસ વધારે પસંદ હતું કોઇની સાથે વધારે

વાતચીત કરતી કે ઘરનાં કારોબારમાં માથું મારવાની તેણીને બીલકુલ ટેવ નહોતી આવી રીતે બારમાં રહેતી હોવાથી હમીદાથી ઘરના બધા નાના મોટા બીહતા હતા: પઇસા ટકાના સબંધમાં તેની સ્થીતી તદન ગરીબ હતી અને વયમાં પણ બેગમ સાહેબથી નાની હતી છતાં રોબના સબબે કોઇ પણ તેની આગળ ચું કરી શકતું ન હતું.

જ્યારે હું તેણીના ઓરડાની પાસે પહોંચી ત્યારે બારણું અંદરથી બંધ હતું. બારણું ખટખટાવવાનો ઇરાદો કર્યો પણ અંદરથી કાંઇક અવાજ આવતો સંભળાયો. મેં જરા ધ્યાનથી સાંભળ્યો તો તે અવાજ સ્ત્રીનો જણાયો અને એમ જણાયું કે તે સ્ત્રી કોઇ મોટા માણસની આગળ પોતાની સ્થીતીનું વરણુન કરી કાંઇક માંગી રહી છે. આ ગામલો જોઇ મને ભારે અચંબો થયો અને તરેહવાર વીચારો એક પછી એક મનમાં પસાર થવા લાગ્યા પણ જ્યારે ધ્યાન પુરવક જોયું તો હમીદા બેગમ ખુદાવંદે કરીમની દરગાહમાં ભારે આજીજી અને નરમાશથી દોઆ માંગી રહી હતી અને તેણી એવી રીતે માંગતી હતી કે જાણે ખુદા હાજર નાજર મોજુદ છે અને તેની માંગણી પુરી કરી રહયો છે. હું પોતે મઝહબી બાબતોની સખતાઇની સાથે પાબંદ હોવાથી તેણીની માગણીએ મારા મન ઉપર ભારે અસર કર્યો. હું મારા મનમાં હમીદા બેગમને કહેવાનું જે કાંઇ વિચારીને આવી હતી તે બધું ભુલી ગઇ. હમીદા બેગમની માંગણીથી મને જણાયું કે મેં રશીદાનાં બીજી વારનાં લગન માટે જે ચરચા ચલાવી હતી તેની હમીદા બેગમને ખબર પડી ગઇ હતી અને તેથી તેણીને ભારે દુઃખ પહોંચેલુ હોવાથી અત્યારે તે ખુદાની દરગાહમાં પોતાની બદકીસમતીની શીકાયત કરી રહી હતી તેણીને છેવટમાં ખુદાની દરગાહમાં આ બોલતાં સાંભળી કે-" પરવર દીગાર ! તું મને

ગરીબીમાં રાખ પણ લોકો મને નીચ સમજી મારી આબરૂ ઉપર હુમલો કરે એવી તેમને મતી ન આપ. હે ખુદા ! હું તારી અદના દાસી છું. લોકોએ મારી આબરૂ ઉપર પાણી ફેરવવાની બાજી રચી છે તેમાં તેમને શીકસ્ત આપ, મારી દીકરીનાં બીજાં લગન થાય તે પહેલાં તું મને દુનિઆથી ઉઠાવી લે. તે લોકો મારી ગરીબીનો લાભ લેવા માગે છે માટે હે મારા માલેક ! તું મને તારા ગેબના ખઝાનામાંથી ધન દોલત આપ."

હમીદાની આ આજીજી ભરી વાણી સાંભળતાં મારા વીચારો હવામાં કીલ્લા બાંધવા સમાન જણાયા અને મેં જે ઇમારત ભારે મહેનતથી ચણી હતી તેનો નાશ થયેલો જોયો. મારૂં દીલ ધ્રુજવા માંડયું, હાથ પગની શકતી નાબુદ થઇ ગઇ, આંખોમાં અંધારા આવ્યા એટલે જમીન ઉપર ધમ દેતીને પડી ગઇ. મારા પડવાનો અવાજ થતાં હમીદા પોતાનું બોલવું બંધ કરીને ચુપ થઇ ગઇ. થોડી વાર સુધી તો તેણી અંદરજ બેસી રહી પણ જ્યારે કાંઇ કારણ ન જણાયું ત્યારે બારણું ઉઘાડીને બહાર આવી અને મારા ચહેરામાં થયેલા ફેરફાર તથા ફીકાશને જોઇ મને ઉપાડી લીધી અને અંદર લઇ જઇ પલંગ ઉપર સુવાડી તેણી મારા પડવાનું કારણ વારે ઘડીએ પુછવા લાગી પણ મેં જવાબ આપ્યો નહીં. થોડીવાર પછી મારામાં લગાર શકતી આવી ત્યારે હું ઉઠીને બહાર આવી. હમીદા બેગમની જગ્યાએ બીજી કોઇ સ્ત્રી હોતતો તેણી મારા પછવાડે આવતી અને મને મારા ઓરડામાં સુકી મારી આગતા સ્વાગતા કરતી પણ તેણી પોતાના ઓરડામાંથી બહાર નીકળી નહીં અને જાણે કાંઇ બન્યુંજ ન હોય એવી રીતે પહેલાંની પેઠે જાનમાઝ ઉપર બેસી દોઆમાં મશગુલ થઇ ગઇ.

મેં આ બનાવની ખબર બેગમ સાહેબને આપી અને બેગમ સાહેબે આ બનાવથી નવાબને જાણીતા કરયા પરંતુ યુસુફ અને રશીદાને આ બનાવથી જાણી જોઇને અંજાણ રાખ્યાં.

હમીદા બેગમનો સ્વભાવ અને રીતભાત તથા હકીકત જાણવાની જરૂર હોવાથી આ સ્થળે ટુંકમાં વરણન કરું છું.

મોટાં બેગમ સાહેબથી તેણી બે એક વરસ નાની હતી. બન બહેનોના લગન એક સાથે થયાં. મોટી બહેન નવાબ યુસુફની સાથે પરણી અને નાની બહેન એટલે હમીદા બેગમનું લગન હામીદ બેગથી થયું. હમાદ બેગ ઉંચા ખાનદાની હતા. એમના ખાનદાનના વડા નવાબ સઆદત ખાનની પછી બે નવાબોના રાજ્ય અમલ દરમ્યાન તેમનાં ખાનદાનના દીવસો સારા રહયા, પણ પાછળથી રજ્યનો ફેરફાર થતાં પડતી શરૂ થઇ અને પાયતખ્ત લખનઉમાંથી આ કુટુંબને સનેદીલા તાલુકામાં નાની સરખી જાગીર ઊપર આધાર રાખી ત્યાં જવું પડયું. હામીદ બેગનું બચપણ થોડુંક સુખમાં પસાર થઇ ગયું પરંતુ જુવાની ભારે દુઃખમાં પસાર થઇ. તેમની આઠ દસ વરસની વય હશે તેટલામાં ઇ. સ. ૧૮૫૭ નો બળવો થયો તેમનાં કુટુંબનાં કેટલાક લોકો બલવાખોરોમાં ગણાવાથી કાલા પાણી મોકલી આપવામાં આવ્યા માલમીલકત જપત કરવામાં આવી મકાન લીલામ થયાં. હામીદ બેગ નાની વયના સબબે સજાથી બચી ગયા પણ જે લોકો દેશપાર થયા હતા તેમનાં કરતાં ઘણીજ ઝબુન હાલતમાં આવી પડયા. રહેવાને મકાન નેમ ખાવાને ધાન નહોતું જે લોકો દેશપાર થયા હતા તેમની સ્ત્રીઓ અને કુટુંબની વિધવાઓ ઘરડી ડોસીઓ વીગેરેનું પાલણ પોષણ કરવું એમના માથે આવી

પડયું હતું કેટલાક દીવસ સુધી આસપાસના જાગીરદારો અને પઇસાદાર લોકોએ આ બરબાદ થએલા કુટુંબને મદદ કરી પરંતુ કોઇ કયાં સુધી મદદ કરે ? એક શાયરે ઘણુંજ સારૂ કહયું છે કે—

પુતલિયાં તકભી દમે નઝઅ મેં ફિર જાતી હેં
વકત પડતા હે તો સબ આંખ ચુરા જાતે હેં

આવીજ સ્થીતીમાં હામીદ બેગનું હમીદા બેગમની સાંથે લગન થયું. એમનું ખાનદાન અને અસલના વડવાઓની આબારૂ ઇજ્જતને ધ્યાનમાં રાખી હમીદાના બાપે તેમને જમાઇ તરીકે સ્વીકારયા. લગન થયા બાદ હમીદાના બાપે સર સીફારશ લગાવીને તેમને કમશેરીયેટ ખાતાનો કન્ટ્રાકટ અપાવ્યો જેમાં ઠીક આવક થવા લાગી;

દીન પ્રતીદીન ચઢતી થઇ, પણ તેની સાથે જ આખા શહેરના નકામા લોકો માંખીઓની પેઠે ભેગા થઇ ગયા. હામીદ બેગની આ ચઢતી દશા પાણીના પરપોટા મીસલ હતી. બે એક વરસ સુધી કન્ટ્રાકટ મળતાં દીવસો સુખમાં પસાર થયા પણ તે પછી કન્ટ્રાકટ બીજાને મળી ગયું એટલે હામીદ જેવા પહેલાં હતા તેવા થઇ ગયા. હમીદા બેગમ ધણીની જીંદગીમાં પણ વધારે વખત મોટી બ્હેનની પાસે રહેતી હતી. એક મહીનો ધણીને ત્યાં તો અગીયાર મહીના બહેનને ત્યાં ગાળતી હતી. ભોગજોગે હામીદ બેગ કન્ટ્રાકટનું કામ બંધ થયા બાદ ગુજરી ગયા. એટલે હમીદા હમેશને માટે બહેનને ત્યાં રહી; ખુદાએ એક દીકરી આપી હતી જેથી તેણી નમાઝ રોઝામાં મશગુલ રહી દીકરીનું પાલન પોષણ કરતી હતી અને વરસે બે વરસે એકાદ વખત સાસરામાં જઇને સાસુ નણંદોને મળી આવતી હતી. તેની સાસુ અને નણંદો તથા બીજા સાસરીયાં સનદીલા ગામમાં રહેતાં હતાં.

હું અહીં જે દીવસનું વરણુન કરૂં છું તે દીવસે હમીદાને સાસરૂં યાદ આવ્યું. અહી રહેવાથી પોતાની વીધવા દીકરીનાં લગન બાબે ચરચા ચાલી તે તેણીને બીલકુલ પસંદ પડયું નહીં એટલે સાસરે જવાનું નક્કી કરી લીધું. મગરેબની નમાંઝ પછી તેણીએ નવાબ યાકુબને પોતાના ઓરડામાં બોલાવ્યા અને પોતાના સાસરે સનદીલે જવાની રજા માંગી. નવાબ તથા ઘરનાં નાનાં મોટાં હમીદાની હઠથી વાકેફ હતા એટલે નવાબ સમજી ગયા કે હમીદા-ની જીભથી જવાનું નીકળ્યું છે તો ઇનકાર કરવાથી પણ તે જશે. માટે ના કહેવામાં માલ નથી. બેગમ સાહેબથી સલાહ કરયા બાદ નવાબ સાહેબે હમીદાને સનદીલે રવાના કરવાની તજવીજ કરી. રશીદા આ બાબતથી અંજાણ હતી અને જ્યારે ગાડી જવાને બે કલાકની વાર રહી ત્યારે તેણીને સનદીલે જવાની ખબર પડી. આ ખબરથી તેની અજાયબીનો પાર રહયો નહી. રહીમા અને બેગમે રશીદા તથા મને એકાંતમાં મલવાની તક આપી નહી જેથી હું રશીદાની આગલ કાંઇ પણ ખુલાસો કરી શકી નહી. સનદીલે જવાનું એકાએક થએલું હોવાથી યુસુફ આ બાબતથી અંજાણ રહ્યો. હું જોઇ રહી હતી કે રશીદાને સનદીલે જવું ઘણુંજ ભારે લાગતું હતું પણ લાચાર હતી માના હુકમનો અનાદર કરવાની તાકાત ધરાવતી નહોતી. અગર રશીદાની જગ્યાએ કોઇ ઉછાંછલી છોકરી હોત તો જવા માટે ઇનકાર કરતી પરંતુ ભલી રશીદા એક પણ શબ્દ બોલ્યા વગર ગાડીમાં સવાર થઇ ગઇ.

હમીદા અને રશીદાના જવાની ખબર સાંભળી યુસુફ ચુપ થઇ ગયો. તેણે ઘણા દીવસ સુધી કોઇની સાથે વાત કરી નહીં અને જાણે વિચારોના દરીઆમાં ડુબી ન ગયો હોય તેવી હાલતમાં આવી

પડયો. ખાવું પીવું અને બહાર દોસ્ત આશનાઓમાં આવવું જવું ઓછું કરી દીધું. દર વખતે ઉંડા વીચારમાં લીન રહેતો. અંદર અને બહાર યુસુફનીજ ચરચા બધાની જીભ ઉપર હતી. ધીમે ધીમે તેણે ઘરથી બહાર જવું બંધ કરી દીધું અને આખો દીવસ પોતાના ઓરડામાં બેસી નમાઝો ભણવી અને દોઆ માંગવી એજ કામ તેનું રહી ગયું.

કેટલાક દીવસ પછી હું અંદર જનાનખાનામાં બેઠી હતી એટલામાં બહારથી ટપાલવાળાએ મારૂં નામ પોકાર્યું. આ સાંભળતાંજ મારૂં દીલ ધડકવા લાગ્યું. કેમકે આગ્રાવાલા મીરઝા મકસુદને મારા લખનઉમાં હોવાની બાતમી મળી ગએલી હોવાથી તેણે કાગળો લખવા શરૂ કર્યા હતા. લખનઉમાં તેના ઘણા કાગળો આવ્યા હતા પરંતુ હું તેના કાગળો વગર વાંચે ચુલામાં નાંખતી હતી, અત્યારે ટપાલવાળાએ મારૂં નામ પોકારતાં મામા બહાર ગઇ અને કાગળ લાવીને મને આપ્યું. મેં ધડકતી છાતીએ કાગળ હાથમાં લીધો અને ચુલામાં નાંખવા ઉઠતીજ હતી કે એટલામાં બેગમ સાહેબ હાથમાં કાગળ જોઇને કાંઇ સવાલ કરે તે પહેલાંજ મેં તેમને જણાવી દીધું:—

"આપ આગ્રાવાળા મીરઝા મકસુદની હકીકતથી જાણીતાં છો. તેજ બદમાશ મને દર વખતે કાગળ લખીને પજવવા ચાલે છે પણ મેં આજ સુધી તેના કાગળને વાંચ્યો નથી અને વાંચીશ પણ નહી, અત્યારે પણ તેનો કાગળ આવ્યો છે તેથી હું તેને ચુલામાં બાળવાને જાઉં છું."

બેગમ સાહેબે કાગળના સરનામા ઉપરના અક્ષરો દુરથી જોએલા હોવાથી ઓળખ્યાં.

"અક્ષર તો રશીદાના જેવા દેખાય છે માટે ચુલામાં નાખવા પહેલાં વાંચવું જરૂરી છે."

મેં લગાર ધ્યાન પુરવક જોયું તો મને પણ રશીદાના અક્ષર જણાયા. આવેલો કાગળ રશીદાનો છે એ વીચારે મને ભારે આનંદ આપ્યો. રશીદાનો કાગળ બેગમ સાહેબની રૂબરૂ વાંચવો મસલેહત વિરૂદ્ધ હતું. પરંતુ તેઓ મોજુદ હોવાથી કાગલ ન વાંચવાનું ઠીક ન જણાયું તેથી મેં તરતજ કાગળ ફોડીને વાંચ્યો જેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

વ્હાલી બહેન ?

કભી ગુલશન મે રહેતે થે કફસ મેં અબ ગુઝરતી હે
ખતા સય્યાદ કી ક્યા હે હમારે આબો દાનાથા

મારી જીંદગી દરમ્યાન તે સમય ભારે આનંદ આપનાર અને સુખથી ભરેલો હતો કે જે સમય તમારી સાથે ગાળ્યો છે. અને અતી દુઃખી દીવસો અને સેકંટનો સમય આજકાલ છે કે હું સનદીલાના ખંડેર બનેલા ઘરોમાં ગુજારૂં છું. મને મારી લગારે ચીંતા નથી પરંતુ મારા લીધે તમો દુઃખી દીવસો પસાર કરતાં હશો એ વિચાર મને દુઃખી બનાવી રહયો છે. તમારા વિચાર પછી મને યુસુફનો વિચાર આવે છે કેમકે બીચારા યુસુફે મારા લીધે ઘણાં દુખો ઉઠાવ્યાં છે અને પછી માસા અને માસીનોખ્યાલ આવીને મને બહાવરી બનાવે છે. તે બધા લોકો માત્ર યુસુફ અને મારા સુખના માટે મારી આંખથી જુદા પડયા. પરંતુ મને મારી તેમજ યુસુફની સ્થીતીનું લગારે રંજ કે ગમ નથી. આટલા દીવસના અનુભવ પછી હું આ પરિણામે પહોંચી છું કે હું અને યુસુફ દુનિઆમાં માત્ર દુઃખ ઉઠાવવાને ખાતરજ પેદા થયાં છીએ. ખુદાનો લાખ લાખ શકર છે કે

અમો બન્નેના માટે દુઃખ રંજ, ગમ, દીલગીરી વીગેરેનો પાર નથી.

ગમ ખાતી હું ગમસે મેરી નીયત નહીં ભરતી
ક્યા ગમ હેં મઝેકા કે તબીયત નહીં ભરતી

અલબતાં એક વાત મને મારા દુઃખમાં વધારો કરનારી જણાય છે. અને તે માત્ર તમો લોકોની હકીકત જાણવાની ઇચ્છા છે. પણ મારી અમ્માના હઠીલા સ્વભાવના સબબે તે ઇચ્છા પુરી થતી જણાતી નથી. કેમકે મેં આપને કાગળ લખ્યો છે એવી ખબર તેમને પડે તો તેઓ મારી સખ્ત ખબર લઇ નાંખે. બહેન તમારી મુલાકાત લેવાને જીવ તલપે છે. બીજા સગાં વહાલાથી આ અણબનાવ દુર થતાં મળવાની આશા છે પણ તમારાથી મુલાકાત થવાનો સંભવ ઓછો છે. ખેર અત્યારે રજા ચાહું છું ભાગ્યમાં હશે તો આ જીંદગીમાં મુલાકાત થશે. નહીં તો કયામતના દીવસે તો જરૂર મળીશ. જુઓ મને પોતાના અંતરમાંથી વીસારતાં નહીં.

લી૦ તમારી
રશીદા

કાગળ વાંચ્યા બાદ બેગમ સાહેબ ચાલ્યાં ગયાં. મેં જોયું કે તેમની આંખો આંસુથી ભરેલી હતી આ વખતે મારી સ્થીતી ઘણીજ ખરાબ થઇ રહી હતી. રશીદાના એક એક શબ્દે મારા જીગરપર નશરતનું કામ કરયું હતું મેં તેના કાગલને પંદર વખત વાંચ્યો છતાંએ ધીરજ મળી નહી. વારે ઘડીએ વાંચતી હતી અને આંસુઓ પાડતી હતી. મારાં આંસુઓએ કાગળ ઉપર પડીને તેને બીજાવી નાંખ્યો. રશીદાના " કયામતના દીવસે તો જરૂર મળીશ " ના વાકયે મારૂં કાળજું કોતરી નાંખ્યું.

રશીદાનાં સનદીલે ચાલ્યા જવાથી મારા વિચારો બદલાયા નહોતા બલકે હું પહેલાંની પેઠે અડગ હતી. હું સમજતી હતી કે જો રશીદાની અંમાને શરીઅતની રૂએ સમજાવવામાં આવશે અને દુનીઆની ઉંચ નીચ જણાવવામાં આવશે તો તેણી રશીદાનાં લગન માટે રાજી થઇ જશે. પરંતુ નવાબ યાકુબને ત્યાં મારૂં રહેવાનું મને મુશકેલ જણાયું. કેમકે રહીમાના રશીદાને સાથે લઇને ચાલ્યા જવાથી ઘરનાં બાધાં નાનાં મોટાં મારા તરફ અભાવની લાગણી જાહેર કરવા લાગ્યા. અને એ બહેનોમાં અણબનાવનાં બી રોપનાર તરીકે મને સમજવા લાગ્યાં. જો કે જાહેરમાં યુસુફના મા બાપના વિચારો મારી તરફ સારા હતા પરંતુ રશીદાનો કાગળ આવ્યા પછી બેગમ સાહેબના વિચારો બદલાતા જણાયા. કદાચ તેમ ન હોય પણ મને એમ લાગવાથી જીવ ઉચાટ થઇ ગયો. બેગમ સાહેબ સમજતાં હતાં કે રશીદા અને યુસુફનાં વિચારોમાં ફેરફાર કરનાર અને હોલાયલી આગમાં ભડકો કરનાર હું હતી. અને તેથી કદાચ તેઓ મારા તરફથી નવાબ સાહેબને ઊંધું ચતું સમજાવી અપમાનની સાથે ઘરમાંથી કાઢી મુકવાની કોશીશ કરે માટે મારે એમ થવા પહેલાં આબરૂ ઇજ્જતની સાથે આ ઘરને તજવું જોઇએ રશીદાની મોજુદગીના સબબે હું મારા પાછલા બનાવો ભુલવા પામી હતી પણ જ્યારે તેણી સનદીલે ચાલી ગઇ અને ઘરના લોકોના વરતાવમાં ફેરફાર જણાયો, ત્યારે પાછલા બનાવો યાદ આવ્યા. મને મારા ઘરમાંથી દેશવટો આપનાર મીરઝા મકસુદની ચાલ બાઝીઓનું ભાન થયું. આ વિચારો ના સબબે મારૂં દિલ મુરૂજવા માંડયું અને હું બેભાન સ્થીતીમાં આવી પડી. તરતજ મેં મારી અંનાને બોલાવી અને મારી અંતરના ઉભરાઓ ખાલી કર્યા તે બાદ લખનઉથી ચાલ્યા જવાનું જણાવ્યું.

અંનાએ બધી હકીકત સાંભળ્યા બાદ મારા મતથી વિરૂધતા જાહેર કરી. પણ મેં તેની વિરૂદ્ધતા ઉપર વધારે ધ્યાન આપ્યું નહી. અંના નવાબ અને બેગમની મહેરબાનીઓ અને આજ સુધી તેઓના વિવેકના...થએલા અનુભવ ઉપરથી કહેતી હતી પરંતુ હું સારી પેઠે સમજતી હતી કે યુસુફ અને રશીદાનો મામલો લંબાયા વગર રહેશે નહી અને આ મામલામાં મેં આગેવાન પાઠ ભજવેલો હોવાથી બધી બદનામીનો બોજો મારા માથા ઉપર પડશે તે વખતે નવાબ કે બેગમ કોઇ પણ મારા તરફથી બદગુમાન થયા વગર રહેશે નહીં. માટે બેઆબરૂ થઇને નીકળવા કરતાં આબરૂભેર આ ઘરમાંથી નીકળી જવું બહેતર છે.

'પણ આ ઘરમાંથી નીકળીને જવું ક્યાં ? એમ તો મારો વાઅઝ અને મારી વાતો સાંભળનાર સેંકડો બાનુઓ એવી હતી કે જે પોતાના ઘેરમાં મને જગ્યા આપે પરંતુ મેં કોઇ પણ જાણ પીછાણવાળીને ત્યાં જઇને આશરો લેવાનું મુનાસબ ધાર્યું નહી તેથી હવે ક્યાં જવું ? એ સવાલે મારા મનમાં ઊતપન થઇ મને થોડાક પળોના ઘભરામણમાં મુકી દીધી.

એક દિવસ મને બેઠાં બેઠાં શેખ રઝીઊદદીનનો ખ્યાલ આવ્યો, જેમની સાથે મરદાના લીબાસમાં હું લખનઉ આવતી વખતે રેલવેના ડબામાં બેઠી હતી અને જેઓએ મને તથા અંનાને પોતાને ઘેર લઇ જવાની બહોસ કરી હતી. લખનઊ શહેરના આગેવાનોમાં તેઓ સારી પેઠે જાણીતા હતા. અહીં આવ્યા બાદ મેં ઘણી વખતે તેમની ભલાઇ વીષે સાંભળ્યું હતું. તેઓ નેક અને પરહેઝગાર હતા અને ગરીબોને મદદ કરવામાં પોતાથી બનતું કરવા ચુકતા ન હોતા તેમના ખ્યાલ આવતાંજ મેં તરત એક ચીઠી નીચે પ્રમાણે લખીને

દાસીની સાથે મોકલી આપી અને તેને સમજાવી દીધી કે અગર તેઓ આ ચીઠીનો જવાબ આપે તો કોઇને જાહેર ન કરતાં ગુપચુપ મને આપવો. તે ચીઠીમાં મેં લખ્યું હતું કેઃ—

"મોલવી રફીઉદ્દીન સાહેબ!

ખુદા તઆલા આપને મારા જેવા નિરાધારો અને લાચારોને મદદ કરવા માટે સલામત રાખે. હું આ ચીઠીમાં મારૂં પુરૂં વર્ણન કરી શકતી નથી પરંતુ ટુંકમાં એટલુંજ જણાવું છું કે હું એક સારા કુટુંબની યતીમ બાળા છું. સમયના ઉલટ ફેરના સબબે લાચાર અવસ્થામાં આવી પડી છું નવાબ યાકુબ સાહેબના આશરામાં મારૂં પોષણ થઇ રહ્યું છે. તેઓ અને તેમનાં બધા ઘરનાં નાનાં મોટા મારી સાથે ઘણોજ સારો વરતાવ કરે છે. પરંતુ આવી રીતે વગર મહેનત કરે એમના આશરામાં પડી રહેવું મને પસંદ ન હોવાથી હું કોઇ કામ કરી મારૂં ગુજરાન કરવા ચાહું છું. ખુદાના ફઝલો કરમથી નાના બાલકોને દીનદારીનું સાધારણ શિક્ષણ તથા સીવવા ભરવા અને ઘરના કામકાજનું થોડુંક જ્ઞાન આપી શકું છું. માટે જો આપ પોતાનાં બચ્ચાંઓને શિક્ષણ આપવાની ઇચ્છા રાખતા હો તો હું આ ખીદમત બજાવી લાવવાને તૈયાર છું. પગારની મને પરવા નથી. ઇજ્જત આબરૂની સાથે રહેવાનું અને બંને વખત ખાવાનું મળી જાય તો બસ છે.

એક અજાણી બાળા આપને આવી રીતે લખી રહી છે તેથી આપને કદાચ અજાયબી લાગે અને મારી ચાલના માટે શંકા જન્મ પામે પરંતુ હું આપને અરજ કરૂં છું કે આપ મારી રીત ભાત તથા ચાલ ચલગતની માટે નવાબ યાકુબ સાહેબ તથા તેમના સાહેબઝાદા

મુસુફ સાહેબથી મળીને દરીયાફત કરી શકો છો. છેવટમાં હું મારી ચીઠીને આ શેર ઉપર પુરી કરૂં છું.

આબરૂ જીન્સે ગિરાંહે કહીં એ કાર ન જાય
આપ લે લેં તો યે સોદા સરે બાઝાર ન જાય

બસ્સલામ. જવાબની ઊમેદવાર
એક પરદેશીન

મારી આ ચીઠી પહોંચતાંજ રઝીઉદદીને ને ચીઠીની પાછળ નીચે પ્રમાણે જવાબ લખી મોકલ્યો.

"અગર આ ચીઠી તેજ પરદેનશીન બાનુના પોતાના હાથની લખેલી છે જેઓ ઉસ્તાનીની જગ્યા માટે મને લખે છે, તો હું તેમને રહેવાનું ઘર ખાવું પીવું અને માસીક રૂ. ૨૦ નો પગાર આપીશ. તેમના માટે મારૂં ગરીબ ઘર હર વખત ઊઘાડું છે જ્યારે ઇચ્છા હોય ત્યારે આવે."

રઝીઉદદીનનો આ જવાબ જોઇ મેં છુટકારાનો દમ ખેંચ્યો. આજ સુધી હું ખેરાતના કટકાઓ ઉપર ગુજરાન કરી રહી હતી પણ હવે પાક પરવરદિગારે ઇજ્જત આબરૂની સાથે મહેનત કરીને પોષણ કરવાનો રસ્તો કાઢી આપ્યો એટલા માટે મેં તરતજ વઝુ કરીને પાક પરવર દિગારની જનાબમાં શુકરાનાના બે દોગાના નમાઝ અદા કરી.

જોગજોગે તે દીવસે એક મીટીંગમાં નવાબ યાકુબ અને રઝીઉદદીનની મુલાકાત થઇ એટલે રઝીઉદદીને નવાબ યાકુબથી મારા સંબંધમાં વાતચીત કરી. નવાબ યાકુબે મારી તારીફ કરવામાં કાંઇ કસર

રાખી નહી તેથી રઝીઉદદીને મને પોતાને ત્યાં બોલાવીને નોકર રાખવાનું નક્કી કરી લીધું પરંતુ નવાબ યકુબને મારૂ જવું પસંદ પડયું નહી તેથી તેઓએ રઝીઊદદીનને જણાવ્યુ કે "કોઇબી રીતે અમે તેને અમારા ઘરમાંથી જવા દઇશુ નહીં" નવાબ યાકુબ કદાચ ઘેર પહોંચે અને જવા ન દે એટલા માટે રઝીઉદદીને મીટીંગમાંથીજ એક નોકરને પાલખી લઇને મને બોલાવા મોકલી દીધો. નોકર પાલખી લઇને આવ્યો અને બહારથી બુમ પાડી કે "ઉસ્તાનીજીને લેવા માટે રઝીઉદદીન સાહેબને ત્યાંથી પાલખી લઇને આવ્યો છું" આ ખબરથી ઘરનાં બધાં નાનાં મોટાં અજાયબીમાં પડયાં કેમકે તેઓ બધા મને મારા અસલ નામથી ઓળખતા હતા પણ જ્યારે આ વાત મારા કાને આવી ત્યારે મેં જવાની તઇયારી કરી, અને, બેગમ સાહેબની રજા માંગી. બેગમ સાહેબ સમજ્યા કે રઝીઊદદીનના ઘરની બાનુઓએ એકાદ દીવસના માટે બોલાવી હશે એટલે રજા આપી દીધી. હું મારા જરૂર જોગા કપડાંની બચકી લઇને મારી અંના સાથે પાલખીમાં સવાર થઇ ગઇ અને મગરેબની નમાઝ રઝીઉદદીનના મકાનમાં પહોંચીને અદા કરી. મગરેબની નમાઝ પછી જ્યારે નવાબ યાકુબ સાહેબ પોતાને ઘેર પહોંચ્યા અને મારા ચાલ્યા જવાની હકીકત સાંભળી ત્યારે ઘરના માણસો ઉપર બાસે ગુસ્સે થયા. આ વાતની ખબર મને કેવી રીતે પડી તે વાંચકો નીચેની હકીકત ઉપરથી જાણી શકશે.

હું ઇશાની નમાઝ અદા કરીને મુસલ્લા ઉપર બેસી વઝીફો પઢી રહી હતી કે એટલામાં નવાબ યાકુબની મામા ગેયાખાનમ આવી એટલે મેં તેણીને પુછયું.

"મામા! તમે અહીં કયાં?

"તમે અહીં બેઠાં છો કે ?" મામાએ પટ પટારો શરૂ કરયો. "હું અંધારામાં આપને બીલકુલ ઓળખી શકી નહી. મારી જીંદગીમાં આ ઘરની અંદર હું એક બે વખતેજ આવી હતી. એટલે અહીં વધારે જાણપીછાણ ન હોતી. લગભગ અરધો કલાક થયાં હું આપની શોધમાં હતી અહીંના નોકરોને પુછવાથી તેઓ આપને જાણતા ન હોવાથી કોઇએ ઠેકાણું બતાવ્યું નહી. એટલે હું તો ગાંડીની પેઠે આખા ઘરમાં ફરી વળી જો અત્યારે પણ આપ મને ન બોલાવતાં તો હું ભાગ્યેજ આપ સુધી પહોંચી શકતી ?"

"ઠીક પણ તમારૂ આવવું કેમ થયું તે તો કહો ?"

"હું આપના માટે એક ખુશ ખબરી લાવી છું માટે મીઠું મોઢું કરાવો તો સંભળાવું."

"શું રશીદાનો કોઇ કાગળ આવ્યો."

"નહીં, નહીં, પણ હું એવો કાગળ લઇને આવી છું કે આપ વાંચીને ખુશ ખુશ થઇ જશો."

"જોઉં કોનો કાગળ છે ?"

"કાગળ આપનારે ખાસ તાકીદની સાથે કહ્યું છે કે જબાની સંદેશો કહયા બાદ કાગળ આપજો."

"શું યુસુફે લખ્યો છે ?"

"બીબી !" ધીમેથી મારા કાન પાસે મોઢું લાવતાં મામાએ કહ્યું "રશીદા અને યુસુફની વાતને બાજુએ મુકો. હું તે કાગળ લઇને આવી છું કે આખી જીંદગી સુધી મને યાદ કરશો."

"વાર જે કાંઇ કહેવું હોય તે કહો અને આ તમારો પટ-પટારો બંધ કરો" મેં મામાની વાતોમાં ચાપલુસી જોઇને કંટાળી જતાં કહ્યું એટલે મામા ચારે બાજુએ કોઇ છે કે નહી તેની ખાત્રી કરતાં બોલી.

"નવાબ સાહેબે આપને યાદ કર્યાં છે"

"યાદ કરવું એટલે શું ?"

"હાય ! તમારા ભોળપણ ઉપર આખીની સલતનત કુરબાન કરવામાં આવે તોએ કમ છે. યાદ કરવાના અરથ આપ નથી સમજતાં ? જુઓ સાંભળો ! નવાબ સાહેબ આપને બેગમ બનાવવા અને ખાસ મેહેલનો ખેતાબ આપવા ચાહે છે."

મામાની આ વાતમાં મને લગારે સમજ ન પડવાથી હું બોલી.

"મામા ! હું તમારી વાત બીલકુલ સમજી નથી. માટે લગાર સાફ શબ્દોમાં કહો."

"આપ ગુસ્સે થાવ છો એટલે મને શી ગરજ કે કહું"

"હું કયાં ગુસ્સે થાઉં છું ? સમજ નહીં પડવાથી પુછું છું."

"ઠીક ત્યારે સાંભળો ! નવાબ યાકુબ સાહેબે એક દીવસ બારણાની ફાટમાંથી તમારો ચહેરો જોયો હતો. અને ચહેરો જોતાંજ આશક થઇ ગયા હતા એટલે તમારી સાથે નિકાહ કરવાની તજવીજમાં હતા. અને કોઇ ઉમદા તકની શોધમાં હતા. રશીદા અને યુસુફના લગ્નને તેઓએ એટલાજ માટે ટેકો આપ્યો હતો કે તે તમારી ખાસ ઇચ્છા હતી. તે બંનેના લગ્ન કર્યા બાદ તેઓ તમોને નિકાહનો પેગામ આપનાર હતા. આટલા જગાની સંદેશો કહ્યા બાદ હવે આ કાગળ આપની સેવામાં હાજર છે."

આ સાંભળતાંજ મને ઘણું ખોટું લાગ્યું અને નવાબ સાહેબનો કાગળ પાછો આપતાં કહ્યું.

"નવાબ સાહેબને મારા તરફથી સલામ સાથે કહેજો કે મેં આપનું નીમક ખાધેલું હોવાથી બીજું તો કાંઇ કહી શકતી નથી પરંતુ આપનો આ પત્ર વગર વાંચે પાછો મોકલું છું."

આ જવાબ સાંભળીને મામાએ નવાબ સાહેબનો કાગળ વાંચવા માટે ઘણીજ ખોહોસ કરી જેથી લાચારીએ મેં તે કાગળ વાંચ્યો જેમાં લખેલું હતું કે—

"રઝીઉદ્દીન કરતાં હું તમારી મહેરબાની મેળવવાનો વધારે હક ધરાવું છું. દીની બાબતમાં પરદાની વાત નથી તેમજ તમારે તેમાં ખોટું માનવું જોઇએ નહીં. હુ મારી ઇચ્છા મામાની મારફતે જાહેર કરૂં છું અને પત્ર મોકલું છું. જે જવાબ આપવો હોય તે આ પત્રની પછવાડે લખી મોકલો. જો તમે મારી સાથે નિકાહ કરવાને રાજી થશો તો હું મારી મીલકતમાંથી ચોથો ભાગ તમોને મેહેરના બદલામાં લખી આપીશ."

આ કાગળ વાંચીને મને અનેક વિચારોએ ઘેરી લીધી, પણ તે બધા વિચારોની સાથે ગુસ્સાનો ભાગ ઘણોજ વધારે હતો. પરંતુ મેં મારા ગુસ્સાને દબાવી કાગળની પછવાડે નીચે પ્રમાણે લખ્યું.

"આપે મારા જેવી અબળા ઉપર અનેક આભારો કરેલા છે તેથી આપના પત્રથી ખોટું લાગ્યું નથી. તેમજ દીની બાબતમાં ખોટું માનવું પણ ન જોઇએ. આ બાબતમાં બેગમ સાહેબ કરતાં બીજો કોઇપણ માણસ વીગતવાર સમજણ આપી શકશે નહીં કે હું 'લખનઉમાં' કોઇ પણ માણસ સાથે લગ્ન કરી શકતી નથી, જો

આપને આ વાતની ખબર હોત કે યુસુફનો સંદેશો નાકામ પાછો ફરી ચુકયો છે તો હું ધારૂં છું કે આપ આજે આ પેગામ મોકલવાની પહેલ કરતા નહીં. ખેર જો આપ આ આમલાને અહીંજ દાબી દેશો તો તે આપના પોતાના માનને જોતાં મુનાસબ ગણાશે.”

આ જવાબ લઇને મામા તો ચાલતી થઇ પણ મારા દીલમાં આ વિચાર છોડતી ગઇ કે સ્ત્રીઓની જુવાની સાથે પુરૂષોને સ્વભાવિક રીતે કુદરતી ખેંચાણ છે. અને પુરૂષો આ મામલામાં બીલકુલ નિરદોષ છે. જો તેઓની હાલત ઉપર નજર ન કરવામાં આવે તો તે એક મોટો જુલમ ગણાય પણ હું આ બાબત ઉપર લગાર પણ ધ્યાન આપું છું તો મારી અસલ મતલબનો નાશ થાય છે. મારી ફોઇનો દીકરો જેની સાથે હું અદરાઇ ચુકી છું તેનો ખ્યાલ એક પળના માટે પણ મારા મનમાંથી દુર થતો ન હતો. નવાબ યાકુબની વાત માનવામાં આવે તો મારા નીયમમાં ફેર પડે છે જે જીવજતાં પણ હું મુકી શકતી નથી.

નવાબ યાકુબે મને આખી જીંદગી સુધી સખત પરદામાં રહેવાની શીખામણ આપી એટલે મેં તે પછી કોઇ પણ પુરૂષની મારા ઉપર નજર ન પડે તેનો ખાસ બંદોબસ્ત રાખ્યો. રફીઉદ્દીન જેવા ભલા ગ્રહસ્થથી પણ હું શંકાશીલ બની હતી. જ્યાં સુધી હું એમને ત્યાં રહી ત્યાં સુધી મારી ઇજ્જત આબરૂને દરેક પ્રકારે બચાવતી રહી. હું જે ઘરમાં રહેતી હતી તે ઘરની પાસે રેલવે. ઓફીસના એક હેડ કલાર્ક બાબુ રહેતા હતા. તેમની મોહીની અને માલતી નામની બે દીકરીઓ ઘણીજ ભલી, ચાલાક અને ભણેલી ગણેલી હતી, તે બંને બહેનોએ મીશન ગરલ સ્કુલમાં કેળવણી લીધી

હતી અને હવે ડોકટરી હુન્નર શીખવા માટે લાહોરની મેડીકલ કોલેજમાં જવા ચાહતી હતી. પાડોશમાં રહેવાથી તે બંને બહેનોની સાથે મારે સારો સંબંધ થઇ ગયો હતો જ્યારે તેણીઓ ભણવા ગણવાથી અથવા ઘરના કામકાજથી નવરી પડતી ત્યારે મારી પાસે આવતી અને હું રઝીઉદ્દીનની દીકરીઓને જે કાંઇ ભણાવતી તે સાંભળતી હતી. મેડીકલ સ્કુલની દરેક બાબતો વિષે હું દર વખતે ચરચા ચલાવી તેમની મારફતે ત્યાંની બધી હકીકતથી વાકેફ થતી હતી. જ્યારે મેડીકલ સ્કુલની બાબતોની માહેતી મેં મેળવી લીધી ત્યારે મેં આવા ઉતમ ધંધામાં પડવાનો વિચાર કર્યો અને મેડીકલ સ્કુલમાં જઇને શિક્ષણ પામવાનું નકી કરી લીધું.

રઝીઉદ્દીનને ત્યાં હું જેટલો વખત રહી તેટલો વખત ભારે આરામમાં પસાર થયો. આગરાવાલા મીરઝા મકસુદ કે બીજા કોઇ બદમાસની હેરાન ગતીનો સ્વપને પણ ખ્યાલ આવ્યો નહી, નવાબ યાકુબે કાગળ લખી મને જે સદમો પહોંચાડયો હતો તેથી હું તે પછી તેમને ત્યાં ગઇ નહોતી તેમજ મારો જવાબ સાંભળીને નવાબ યાકુબ એવા શરમીંદા થયા કે તેઓએ મારૂં નામ પણ ન લીધું આલબતાં મને કોઇ કોઇ વખત ગરીબ રશીદાનો ખ્યાલ ભારે મુંજવણ અને દીલગીરીમાં નાંખતો હતો.

રઝીઉદ્દીનના ઘરમાં આવ્યાને છ મહીના થયા હશે કે એટલામાં પેલી બંને પાડોશી બહેનોએ લાહોર જવાનો ઇરાદો કર્યો એટલે મેં પણ તેમની સાથે જવાનું નકકી કર્યું. જ્યારે આ વાતની, રઝીઉદ્દીનને ખબર થઇ ત્યારે તેઓએ મને રોકવા માટે ભારે કોશીશો કરી પરંતુ તેમને મારા અડગ વીચારોની જાણ થતાં તેઓએ રજા

આની અને ૭ મહીનાની મુદતમાં મેં તેમની દીકરીઓને જે શિક્ષણ આપ્યું હતું તેનો સારો બદલો આપ્યો. તથા તેઓએ પોતાની હમદરદીના સબબે હું જ્યાં સુધી મેડીકલ સ્કુલમાં રહું ત્યાં સુધી દર મહીને ત્રીસ રૂપીઆની સ્કોલરશીપ મુકરર કરી આપી. આવી રીતે હું મારચ ૧૮૮૪ માં રફીકુદ્દીનને ત્યાંથી લાહોર જવાને વીદાય થઇ.

બાબ પાંચમો

લાહોરની મુસાફરી

હું લખનઉથી વીદાય થઇને અલીગઢના રસ્તાથી ગાઝયાબાદ પહોંચી. અહીંથી લાહોર જવાના બે રસ્તા હતા. એક દીલ્લી અને બીજો મીરઠ થઇને જવાનો હતો પરંતુ મેં મીરઠ થઇને જવાનું પસંદ કરયું સગા વાહાલાને મળવાનો અને દુરથીજ દીલ્લીનાં દરશન કરવાનો બન્નેએ વીચાર આવ્યો પણ મારી ઉપર ગુજરેલી મુસીબતોની યાદ આવ્યાથી હું મીરઠના રસ્તેજ લાહોર જવા ઉપડી. બીજે દીવસે મોહીના અને માલતી જેવી સદગુણી સાહેલીઓની સાથે હું લાહોર પહોચી અને મેડીકલ સ્કુલમાં દાખલ થઇ ગઇ. લાહોર આવ્યા પછી મારી જીંદગીનો નવો સફા શરૂ થાય છે. મીરઝા મકસુદના પજવણીનો અહીં આવ્યા બાદ અંત આવી ગયો લાહોરની મેડીકલ સ્કુલ બોરડીંગમાં મને પુરેપુરી અમનની જીંદગી નસીબ થઇ હું ત્યાં આનંદ અને ખુશીમાં દીવસો પસાર કરવા લાગી સ્કુલના શિક્ષણ અને ઇબાદતમાંથી જે-

વખત પ્રાજલ પડતો હતો તેને હું સ્કુલની બાળાઓ સાથે વાતચીતમાં પસાર કરતી હતી વાતચીત દરમીયાન હું મારા મઝહબની ખુબીઓ ભલાઇની વાતોનું વરણુન કરતી હતી કેળવણી લેવા આવનારી બાળાઓમાં મોટો ભાગ બંગાલ અને પંજાબની બાળાઓનો હતો અને મોટા ભાગે તેઓ ખીરીસ્તી ધરમની હતી ઊરદુ ભાષા સારી પેઠે જાણુતી હોવાથી ભણુવા ગણુવામાંથી મારો જે વખત બચતો તે ઇસલામની ખુસીઓના વરણુનમાં અને શેખ રઝીઉદદીન સાહેબે મારા ઉપર જે આભાર કરેલો હતો તેના માટે તેમના હકમાં દોઆએ ખેર કરવામાં પસાર કરતી હતી,

મુનઇમ કે શુક્ર મેં ભી હીલાયેં કભી કભી
તનહા બેરીએ લઝઝતે દુનીયા ઝબાં નહીં

મને કોઇ કોઇ વખતે રશીદાની યાદ આવીને બેચેન બનાવતી હતી. મારા ઇલ્યાસની યાદ એક પળના માટે પણુ મારા મનમાંથી વીસરતી ન હોતી વીલાયતમાં તે શું કરતો હશે? મારી ફોઇએ મારા નાશી જવાની ખબર આપવાથી તેણે મારા માટે કેવા કેવા વીચારો ને મનમાં જગ્યા આપી હશે? કેટલીક વખતે સ્વપનામાં તે મને ઠપકો આપતો નજરે પડતો હતો અને કેટલીક વખતે હસીને વાતો કરતો હતો. ઇલીયાસનો મનહર ચહેરો મારા દીલના આઇના ઉપરથી દુર થતો ન હોતો જો કે માત્ર મારી સાથે તેની નામનીજ મંગણી (વેવીશાલ) થઇ હતી છતાં પણુ હું તો મારા મનમાં તેને પોતાનો ભવીશ્યનો માલીક સમજી ચુકી હતી હા બીચારો યુસુફ ભુલાયો ન હોતો. તેનો વીચાર પણુ હરદમ રહેતો હતો. રશીદાના વીયોગમાં તેનો કેવો હાલ હશે. આવા વીચારોમાં ચાર પાંચ મહીના પસાર થઇ ગયાં. એક દીવસે મેં કુર-

સ૦ કાદીમે રૂશીલને, યુસુફને, મારી ફોઇને અને વીલાયત ઇલીયાસને કાગળો લખ્યા રશીદા અને યુસુફના કાગળોમાંતો માત્ર ખેરો આફીયત દરીયાફ્ત કરી હતી પણ મારી ફોઇ તથા ઇલીઆસને જે કાગળ રવાના કરયા તે ખાસ જાણવા જોગ હતા. ઇલીઆસના કાગળની નકલ મેં ઉતારી લીધેલી હતી તેથી તે વાંચકોની જાણ માટે નીચે લખું છું.

લાહોર જુલાઇ ૧૮૮૫.

વાહાલાભાઇ ઇલીયાસ!

હું તમને લાહોરથી આ કાગળ લખું છું મને ખબર નથી કે તમે લંડનમાં છો કે બીજી જગ્યાએ, પહેલાં તમારા સમાચાર ફુપીજાનના કાગળથી મળતા હતા પરંતુ એક વરસથી તમારા સમાચાર જાણવાની તક મળી નથી, કેમકે ફુપીજાનની સાથે પત્ર વ્યવહાર નથી. તમોને તેનું કારણ સમજાવવું મુશકેલ છે. ફુપીજાનના પત્ર ઉપરથી તમે મારી સ્થીતી જાણી શકયા હશો અને હું માનું છું કે તેમના પતરોએ તમને મારા તરફથી બદગુમાન બનાવી દીધા હશે. પણ મને તેની લગાર પરવા નથી. મને પુરો ભરોસો છે કે જયારે તમે મારાથી મલશો ત્યારે હું તમારા વીચારોને ઠીક કરી લઇશ. તમો જે દેશમાં છો અને જે પ્રકારની સોસાઇટીમાં રહોછો, તથા જે કેળવણી પામો છો તેને જોતાં જણાય છે કે તમારા વીચારોમાં જાણવા જોગ સુધારો થયો હશે અને તેના લીધેજ હું આશા રાખું છું કે મારા લાહોરની મેડીકલ સ્કુલમાં કેળવણી પામવાના સમાચાર તમને ખુશી કરશે અને મને પુરેપુરી આશા છે કે તમે વીલાયતથી પાછા ફરશો ત્યારે હું મેડીકલ સ્કુલની પરીક્ષા ફતેહમંદીની સાથે પસાર કરી લઇશ

દરરોજ તમારી તંદુરસ્તીની અને ફતેહમંદીથી પાછા આવવાની દુવા ગુજારૂં છું.

લી૦

આબેદા.

આ પ્રમાણેના કાગળો રવાના કરી દીધાના પાંચ ૭ દીવસ પછી એક દીવસે એક ગાડી બોરડીંગ હાઉસના ઝાંપા આગલ આવીને ઊભી રહી અને તેમાંથી એક જુવાન નીકળીને બોરડીંગ હાઉસના નોકરોથી પુછ ગાછ કરવા લાગ્યો. મેં લગાર ધ્યાન પુરવક જોયું તો તે યુસુફ હતો. મેં લાહોરમાં આવ્યા બાદ પોતાના રૂપને પારકા પુરૂષોની નજરથી બચાવવા ખાતર ચહેરો ઊપર સત્તારની પહેરમાં કાલાશ લગોડીને ચહેરાની સફેદીને છુપાવવાનો ધારો રાખ્યો હતો. નાટકમાં કાલા ચહેરાના હબશીનો પાઠ કરનાર એકટર જે કાલા પેન્ટ વડે પોતાનાં સફેદ ચહેરાને કાળો બનાવે છે તેજ પેન્ટ વડે હું પણ સવારની નમાઝ પછી પોતાના ચહેરાને હબશણની પેંઠ કાળો બનાવી લેતી હતી અને રાતે ઇશાની નમાઝ પછી પેન્ટને ધોઇ નાંખી અસલ રૂપમાં આવી જતી હત્તી. આ પ્રમાણે કરવાથી હું દરેક માણસની સાથે વાતચીત કરી શકતી હતી અને લીબાસ પણ એવા ધારણ કરતી કે જેમાં વધારે ખેંચાણ ન હોય. આવી રીતે રહેવાથી હું ઘણાંજ આરામમાં હતી. યુસુફ મારો કાગળ મળવા બાદ મારીજ તપાસ માટે આવ્યો હશે એટલે મેં તેની સાથે મુલાકાત લેવાનું નકકી કર્યું અને નોકરને મોકલી પોતાના ઓરડામાં તેડાવ્યો ઓરડામાં આવીને તે બે બાકળાની પેઠે મારી સામે ટગર ટગર જોવા લાગ્યો તે બાદ તેણે નીચી નજરોએ મને પુછ્યું.

"આ બોરડીંગ હાઉસમાં બી. આબેદા નામની એક મુસલમાન બાળા કેળવણી પામે છે તેમને આપ ઓળખો છો ? અને તેઓ ક્યાં છે તે બતાવી શકો છો ?"

"બેસો તો ખરા મેં કુરસી આપતાં કહ્યું એટલે મારો અવાજ પારખીને અજબ થતાં યુસુફે પુછ્યું.

"આપ તેમને ઓળખો છો ?"

"પોતે પોતાને કેમ ન ઓળખે?"

"તો શું આપ પોતેજ આબેદા છો ?" વધારે અજબ થતાં યુસુફ બોલ્યો. "વાહ શું રૂપ બદલ્યું છે.

"જ્યારથી લખનઉને છેલ્લાં સલામ કર્યાં ત્યારથી આબરૂ-ઇજ્જતના રક્ષણ માટે આ રૂપ ધારણ કર્યું છે."

"હાય તમે ગજબ કર્યો, તે તમારા ગુલાબી ગાલ, પેશાનીની ચમક, હોઠોની મુલાયમ, જુવાનીનો રંગ, ચહેરાની સુંદરતા ક્યાં ગઇ? કાળા રંગે બધાને મટાડી દીધાં."

"યુસુફ! લગાર હોશમાં આવો અને જો તમારી આંખોમાં તેજ હોય તો જુઓ, સમજ શકિત હોય તો સમજો, તમને આ બાબત ઉપરથી મોટો ધડો લેવો જોઇએ છે. મારફતે ઇલાહીના પાઠ હાસલ થઇ શકે છે. કાળા પેન્ટે ચહેરાની સુંદરતાને બદલવાની સાથે ચાહનારના દિલની સ્થીતીને પણ બદલી નાંખી. નાક, કાન, આંખ, ગાલ, લોહી, ચામડું વિગેરે તેજ છે માત્ર ચહેરાનો રંગ બદલવાથી, બધી હાલત બદલી ગઇ. આવીજ રીતે દુનીયાની દરેક વસ્તુ નાપાયદાર અને કદર કરવાને લાયક નથી. હાડકા અને માસના ખોખાં ઉપર કુદરતી ચામડાની ખોલ ચઢાવી જાહેરી સુંદરતા પેદા કરી દીધી છે. તમે જે વસ્તુને ચાહો છો તે વસ્તુના ઉપરથી ચામડાની ખોલ

ભિખારી લેવામાં આવે તો શું તમે તેને પ્યાર કરશો ? ચાહશો ? નહીં તમે તેના સામુ પણ નહીં જુઓ, માટેજ જાણવું જોઇએ કે જાહેરી રૂપરંગ ઉપર મરી ફીટવું બેવકુફી છે. જાહેરી ટાપટીપ માત્ર એક પાણીના પરપોટા મીસાલ છે. કાળો પેન્ટ લગાડવાથી મારામાં શું ફેરફાર થઇ ગયો કે તમારૂં દીલ મારા તરફ જોવાને ચાહતું નથી. તમે જે વસ્તુને ચાહો છો તેની અસલીયત આજ છે. ચમકતા સુંદર રંગને બનાવટી સમજો. અસલ વસ્તુઓ આંખ, નાક, કાન મારામાં, રશીદામાં અને દુનિઆની દરેક સ્ત્રીઓમાં એક સરખાં છે. માત્ર જોનારની નજરમાં ફેર છે."

મારૂં આ વિવેચન સાંભળી યુસુફ રડવા લાગ્યો તેના રડવાથી મારા દિલ ઉપર પણ ભારે અસર થયો જ્યારે થોડીવાર થઇ ત્યારે યુસુફની તબીયત ઠેકાણે આવી એટલે તેણે આજીજીની સાથે હાથ જોડતાં કહ્યું.

"ખુદાના વાસ્તે ચહેરાની કાળાશને ધોઇ નાંખી અસલ ચહેરાના દરશન કરાવો. રશીદાના ચહેરાની આબેહુબ છાપ તમારા ચહેરામાં છે માટે જરા હસીને મારા બેચેન દિલને ધીરજ આપો. મારો વતનથી અહીં સુધી આવવાનો હેતુ સફળ થાય. જો રૂબરૂ ચહેરો બતાવવાની ઇચ્છા ન હોય તો આઇનામાં ઉભા રહો, હું માત્ર આઇનામાં જોઇને દરશન કરી લઇશ. આબેદા ! હું તમને મારી સગી બહેન સમજું છું પણ શું કરૂં મારા દિલથી લાચાર છું. રશીદાના ચહેરામાં અને તમારા ચહેરામાં લગારે ફેર નથી તમને જોવાથી હું સમજીશ કે મેં રશીદાના ચહેરાના દરશન કરી લીધાં બીજું કાંઇ સમજતા નહીં અને મનમાં ઓછું લાવતાં નહીં."

"યુસુફ ! જાણ્યામાં તમારા દીવાનીપણામાં કાંઇ કમી

"હા, હું દીવાનો છું, દીવાનો ન હોત તો તમારા એક પત્રના જવાબમાં લાહોર સુધી શા માટે દોડી આવતો હું દીવાનો છું. બેશક દીવાનો છું. આબેદા ! ખરેખર હું દીવાનો છું.

"ચાલો હવે બહુ ન બકો અને રશીદાના સમાચાર સંભળાવો."

"હજુ કવી પારોશમાં પહેલીજ પુણી છે. આશા પુરી થવાના કાંઇ ચિન્હ જણાતાં નથી. મેં રશીદાને ઘણા કાગળ લખ્યા પણ એકનોએ જવાબ લખવાની તેણે તસદી લીધી નથી. તમે તો કહો છો કે રશીદા મને ચાહે છે પણ હું નથી ધારતો કે તમારૂં કહેવું ખરૂં હોય

"ખરૂં ન હોવાનું કારણ ?"

"મારા કાગળોનો એક પણ જવાબ લખ્યો નથી."

"વાહ સારૂં કારણ શોધી કહાડ્યું" મેં યુસુફને દીલાસો દેતાં જણાવ્યું" યુસુફ તમને રશીદાની જેટલી ચાહત છે તે કરતાં રશીદા તમને વધારે ચાહે છે માત્ર ફેર એટલો છે કે તમારામાં ધીરજ નથી અને તેણી પોતાના મન ઉપર કાબુ ધરાવે છે. કાગળનો જવાબ એટલા માટે નહી આપ્યો હોય કે કદાચ તેની અંમા જોઇ લે તો મુશકેલીમાં ફસવું પડે. મને ખાત્રી છે કે જો તમે કોઇ ભરૂસાદાર બાઇ સાથે તેણીને સંદેશો મોકલાવશો તો તેણી તે બાઇની સાથે આશાથી ભરેલો જવાબ મોકલશે."

"ઠીક ત્યારે હું માનું છું કે રશીદાને મારી ચાહત હશે પણ વારૂ તમે મારી કામયાબીના માટે શો વિચાર કર્યો ?"

"તમારા ઘરમાંથી જવા બાદ હું રઝીઉદ્દીનને ત્યાં જઇને રશી

અને તે પછી તમારા ઘરના લોકોથી મળવાની તક મળી નહીં એટલે હું કાંઇ વિચાર કરી શકી નથી. પરંતુ રશીદાની અંમાને રાજી કરી લેવી કાંઇ મોટી વાત નથી. તેણી મુસલમાન થઇને શરીઅતના મસઅલાથી ઇનકાર કરી શકતી નથી. માટે કોઇ મઝહબી પેશવાની મારફતે વિધવાઓના લગન બાબે જે હુકમ આવેલા છે તે તેણીના કાન સુધી પહોંચાડી દો પછી જુઓ કે તેણી રાજી થઇ જશે. "

" હા ઠીક, ગંજ મુરાદાબાદમાં તેમના પીર મવલાના ફઝલુર રહેમાન રહે છે જેઓ હીંદુસ્તાનમાં ઘણા મશહુર છે તેમના હુકમને તેઓ કુરઆન અને હદીસની પેઠે માનશે. "

" હા, હા, હું પણ તેમને જાણું છું માટે તેમનીજ મારફતે વિધવા લગનની તાકીદનો મસઅલો તમારી માસીના કાન સુધી પહોંચાડી પોતાનું કામ કાઢવાની તજવીજ કરો "

" પણ હું નથી ધારતો કે પીર સાહેબ આ કામમાં મદદ કરે. કેમકે જ્યારે તેઓ સાંભળશે કે મારી માસી વિધવા લગન વિરૂદ્ધ છે ત્યારે તેઓ આ કામમાં આનાકાની કરશે. આજકાલના પીરો અને દુરવેશો ફક્ત નામનાજ છે તેઓ જ્યારે જુએ છે કે ફલાણી વાત મુરીદની મરજી વિરૂધ છે અને ફલાણી વાત મુરીદ પસંદ કરે છે ત્યારે તેઓ પણ મુરીદોને અનુસરતી અને પસંદનીજ વાતો કરે છે. સાચી વાત કહેવી અને મુરીદોને રાસ્તા ઉપર ચલાવવા એ તેમનો હેતુ હોતો નથી બલકે જાહેલ મુરીદોને પસંદ પડતી વાતો કરી પોતાના ગજવા ભરવાનું સમજે છે. મુરીદ કઇ વાતથી રાજી થાય છે અને કઇ ચાલ ચાલવાથી મુરીદની પાસેથી પઇસા નીકળશે એજ ફેરમાં પીરો અને દુરવેશો પડેલા છે. તેમની સ્થીતી તો એવી થઇ રહી છે કે " વર

મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો " તેથી મને તો નથી લાગતું કે પીર સાહેબ કાંઇ મદદ કરી શકે. "

" યુસુફ ! એવું ન બોલો, પાંચે આંગળી સરખી હોતી નથી. મવલાના સાહેબ બીજા આજકાલના બગડેલ પીરો જેવા નથી તમે હજુ સુધી તેમને ઓળખ્યાજ નથી. તેઓ પુરેપુરા ખુદા પરસ્ત અને દુનીયાની લાલચોથી દુર છે. આવા પીરનો ભાગ્યેજ બીજો કોઇ હોય એમના માટે આવા વિચારોને મનમાં જગ્યા આપવી વ્યાજબી નથી. "

આવી રીતે મેં યુસુફના મનમાં પીરના માટે આવેલા ખરાબ વિચારો દુર કરવાની કોશીશ કરી અને હુ તેમાં ફતેહમંદ નીવડી. જ્યારે યુસુફને મવલાના સાહેબની પરહેજગારી અને ખુદા પર ઝતીનો યકીન થઇ ગયો ત્યારે તેણે મારી પાસેથી જવાની રજા માગી. મેં તેને થોભવાનું કહેતાં તેણે જવાબમાં જણાવ્યું કે—

" હમણા બાર વાગ્યાની ગાડીમાંજ હું મવલાના સાહેબની પાસે જઇશ. "

" પણ એટલી બધી ઉતાવળ શાની છે ? "

" ના, હવે હું નહી થોભું, મવલાના સાહેબની પરહેજગારી માટે તમે જે કાંઇ કહ્યું તે મારી ધ્યાનમાં ઊતરી ગયું છે માટે હવે હું ત્યાંજ જઊં છું અને તેમની સેવામાં હાજરી આપ્યા બાદ તમને મલવા આવીશ. મારો વિચાર તો થોડાક દીવસ તમારી પાસે રહેવાનો હતો પરંતુ તમારા આ કાળા બનાવટી બીહામણા ચહેરાથી રહેવાની મરજી થતી નથી. "